અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

Year:9, Issue: 38, Dt.28-11-2023 (Tuesday)

Email ; saurashtrakranti@gmail.com

saurashtrakranti
Web: www.saurashtrakranti.com

Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023 posted at Rajkot-RMS published & posting dt.-daily (evening)

Registration of News Paper No. GUJGUJ/2015/65432 Pages: 10 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/- તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–૩૬૦૦૦૧

સુવિચાર

પરિસ્થિતિઓ થી માણસ જેટલું તૂટે છે, એનાથી કેટલાય ગણુ વધારે પરિસ્થિતિઓ માણસને અંદરથી મજબૂત બનાવી દે છે.

સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ઠંડીનો ચમકારો : તાપમાન ૨ થી ૫ ડીગ્રી ઘટયુ

શિયાળાની શરૂઆત બાદ પ્રથમ વખત સ્વેટર–જેકેટમાં લોકો દેખાયા

નલિયામાં સૌથી ઓછુ ૧૩.૬ અને રાજકોટમાં ૧૭.૬ ડીગ્રી : સતત બીજા દિવસે ઝાકળવર્ષા–ધુમ્મસ

રાજકોટ,તા.૨૮

સૌરાષ્ટ્ર-ગુજરાત પરથી માવઠા સીસ્ટમ પસાર થઈ જવા સાથે વાદળો વિખેરાતાની સાથે જ આજે ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. સવારે ઝાકળવર્ષા-ગાઢ ધુમ્મસ વચ્ચે તાપમાનમાં બેથી પાંચ ડીગ્રીનો ઘટાડો થયો હતો. ઠંડીના ચમકારા વચ્ચે લોકોએ સ્વેટર-જેકેટ બહાર કાઢયાનું ચિત્ર હતું.

હવામાન વિભાગનાં રીપોર્ટ પ્રમાણે સૌરાષ્ટ્ર-ગુજરાતમાં વ્યાપક પ્રમાણમાં ખાનાખરાબી સર્જનારા માવઠાની સીસ્ટમ ગઈકાલે જ પસાર થઈ જવા સાથે વાતાવરણ સ્વચ્છ થવા લાગ્યુ હતું. આજે સવારે રાજકોટ સહીત રાજયનાં અનેક ભાગોમાં ગાઢ ધુમ્મસનું આવરણ હતું અને વીઝીબીલીટી ઘટી ગઈ હતી. સાથોસાથ ન્યુનતમ તાપમાનમાં ઘટાડો થતાં ઠંડીનો ચમકારો થયો હતો.વિવિધ શહેરોનાં તાપમાનમાં બેથી પાંચ ડીગ્રીનો ઘટાડો થયો હતો.

રાજકોટનું ન્યુનતમ તાપમાન સોમવારે ૧૯.૬ ડીગ્રી હતું તે આજે ૧૭.૬ ડીગ્રી નોંધાયુ હતું. તાપમાનમાં સૌથી વધુ ઘટાડો નલીયામાં હતો જયાં ન્યુનતમ તાપમાન ૧૩.૬ ડીગ્રી થયુ હતું. અમદાવાદમાં ૧૮.૨ ડીગ્રી, અમરેલીમાં ૧૭.૨, વડોદરામાં ૧૭.૪ ભાવનગરમાં ૧૯.૬, ભૂજમાં ૧૫.૮, ડીસામાં ૧૭.૧, ગાંધીનગરમાં ૧૮, પોરબંદરમાં ૧૭.૨, તથા સુરેન્દ્રનગરમાં ૧૭.૪ ડીગ્રી તાપમાન નોંધાયુ હતું.

રાજયમાં ઓખા તથા દ્વારકામાં તાપમાન નોર્મલથી નીચે સરકયુ હતું. જયારે અન્ય તમામ સેન્ટરોમાં નોર્મલ અથવા નોર્મલ કરતા ૧ થી ૪ ડીગ્રી વધુ હતું.વાદળો વિખેરાવા સાથે તાપમાન વધુ ઘટવાની શકયતા છે.રસપ્રદ બાબત એ છે કે દિવસનું મહતમ તાપમાન તમામ સેન્ટરોમાં નોર્મલ કરતાં બેથી સાત ડીગ્રી નીચે આવી ગયુ હતું. રાજકોટમાં ૨૬.૯ ડીગ્રી મહતમ તાપમાન નોંધાયુ હતું.

શિયાળાની સીઝનમાં ઠંડીના પ્રથમ ચમકારાથી લોકોએ સ્વેટર-જેકેટ બહાર કાઢયા હોય તેમ સ્કુલે જતા વિદ્યાર્થીઓ તથા વાહન ચાલકો સ્વેટર-ટોપીમાં નજરે ચડવા લાગ્યા હતા. આજે સતત બીજા દિવસે ઝાકળવર્ષા પણ થઈ હતી. ધુમ્મસથી વીઝીબીલીટી ઘટી હતી. સવારે વાહનોની લાઈટો ચાલૂ રાખવાની ફરજ પડી હતી.

હવામાન વિભાગના અહેવાલ પ્રમાણે માવઠાની અસર ખત્મ થઈ ગઈ હોવાના પગલે હવે વહેલી સવારના ન્યુનતમ તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રીનો ઘટાડો યથાવત રહેશે.

ઉત્તરકાશી ટનલમાં ડ્રિલિંગ પૂર્ણઃ ૪૧ મજૂરો બહાર , ગ્રીન કોરિડોર તૈયાર

રેટ માઈનર્સને હોરિઝોન્ટલ ડ્રિલિંગમાં પણ સફળતા મળીઃ ૨૭ નવેમ્બરની સાંજે મેન્યુઅલ ડ્રિલિંગ શરૂ થયું હતું

નવી દિલ્હી.તા.૨૮

ઉત્તરાખંડના સિલ્ક્યારા-ડડલગાંવ ટનલમાં ૧૨ નવેમ્બરથી ફસાયેલા ૪૧ મજૂરો થોડીવારમાં બહાર આવશે. **SDRF**ની ટીમ સ્ટ્રેચર અને ગાદલા સાથે ટનલની અંદર પહોંચી ગઈ છે. પ્રથમ એમ્બ્યુલન્સ પણ ટનલની અંદર પહોંચી ગઈ છે.

મજુરોને સીધા ચિન્યાલીસૌરમાં બનેલા કોમ્યુનિટી સેન્ટરમાં બનેલી હોસ્પિટલમાં લઈ જવામાં આવશે. એમ્બ્યુલન્સ સાથે સ્પેશિયલ ડોકટકર પણ રહેશે. જો કોઈપણ મજૂરની સ્થિતિ વધુ ખરાબ લાગે છે, તો તેને તાત્કાલિક એરલિફ્ટ કરીને ઋષિકેશ **AIIMS** લઈ જવામાં આવશે.

અધિકારીઓએ ટનલની અંદર ફસાયેલા મજુરોના પરિવારોને તેમના કપડાં અને બેગ તૈયાર રાખવા જણાવ્યું છે. આ તરફ મજુરોને ટનલમાંથી બહાર કાઢ્યા પછી, તેમને તરત જ ચિન્યાલીસૌડ હોસ્પિટલમાં લઈ જવામાં આવશે. આ માટે એમ્બ્યુલન્સ સ્થળ પર તહેનાત છે. આ માટે એક કોરિડોર તૈયાર કરવામાં આવ્યો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉત્તરાખંડના સીએમ પુષ્કર સિંહ ધામીને ફોન કરીને રેસ્ક્યુ ઓપરેશનની અંગે અપડેટ્સ લીધા હતા. તેમણે કહ્યું કે અંદર ફસાયેલા મજુરોની સુરક્ષાની સાથે બહાર રાહત કાર્યમાં લાગેલા લોકોની સુરક્ષા માટે પણ ખાસ ધ્યાન રાખવામાં આવે. તેમણે કહ્યું કે અંદર ફસાયેલા મજુરોના પરિવારોને કોઈપણ પ્રકારની પરેશાની ન થવી જોઈએ.

૨૪ નવેમ્બરે મજુરોના સ્થાનથી માત્ર ૧૨ મીટર દૂર મશીનની બ્લેડ તૂટી ગઈ હતી. જેના કારણે બચાવ કામગીરી અટકાવવી પડી હતી. જણાવીએ કે ૧૨ નવેમ્બરે નિર્માણાધીન ટનલનો એક ભાગ તૂટી પડ્યો હતો. જેના કારણે ટનલમાં કામ કરી રહેલા ૪૧ મજૂરો અંદર ફસાયા હતા.

ટનલમાં પાઈપની અંદર મેન્યુઅલી ડ્રિલિંગ કરીને જે કાટમાળ એકઠો કરવામાં આવી રહ્યો છે તેને આ ટ્રોલી દ્વારા બહાર કાઢવામાં આવી રહ્યો છે. આ ટ્રોલી સુરેન્દ્ર રાજપૂતે ડિઝાઇન કરી છે. આ ટ્રોલી એક સમયે ૨.૫ ક્વિન્ટલ કાટમાળ બહાર કાઢે છે. ટનલમાં પાઈપની અંદર મેન્યુઅલી ડ્રિલિંગ કરીને જે કાટમાળ એકઠો કરવામાં આવી રહ્યો છે તેને આ ટ્રોલી દ્વારા બહાર કાઢવામાં આવી રહ્યો છે. આ ટ્રોલી સુરેન્દ્ર રાજપૂતે ડિઝાઇન કરી છે. આ ટ્રોલી એક સમયે ૨.૫ ક્વિન્ટલ કાટમાળ બહાર કાઢે છે.

અહીં, રેસ્ક્યુ ટીમે સોમવારે સવારે ૩ વાગ્યે સિલ્ક્યારા બાજુથી ૧૩.૯ મીટર અટવાયેલા ઓગર મશીનના લાંબા પાર્ટ્સ બહાર કાઢવામાં આવ્યા હતા. ઉત્તરાખંડ સરકારના સચિવ ડો. નીરજ ખૈરવાલે જણાવ્યું કે પાઈપમાં ફસાયેલા ઓગર મશીનની શાફ્ટ અને બ્લેડને કાપીને બહાર કાઢવામાં આવી છે. મેન્યુઅલ ડ્રિલિંગ કરતી વખતે રેટ માઈનર્સે પાઈપને ૦.૯ મીટર આગળ ધકેલી છે.

રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલયના અધિક સચિવ મહેમૂદ અહેમદે જણાવ્યું હતું કે વર્ટિકલ ડ્રિલિંગનું કામ પણ ઝડપી ગતિએ ચાલી રહ્યું છે. અત્યાર સુધીમાં ૩૬ મીટરનું વર્ટિકલ ડ્રિલિંગ કરવામાં આવ્યું છે. મશીનની બ્લેડ કાટમાળમાં ફસાઈ જવાને કારણે ૨૪ નવેમ્બરથી હોરિઝોન્ટલ ડ્રિલિંગ બંધ કરવામાં આવ્યું હતું. PM મોદીએ સોમવારે સાંજે દેશવાસીઓને ઉત્તરકાશીની ટનલમાં ફસાયેલા મજૂરો માટે પ્રાર્થના કરવાની અપીલ કરી હતી.

ચીનનો રહસ્યમયી તાવ જીવલેણ નથીઃ આરોગ્યમંત્રીનું રાહતભર્યુ નિવેદન

ચિંતા કે ડર રાખવાની જરૂર નથીઃ સરકાર સાવધ છે

ગાંધીનગર,તા.૨૮

ચીનમાં ફેલાયેલી રહસ્યમય બીમારીને લઈ આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ચીનમાં આ બીમારીથી હજુ સુધી કોઈ મૃત્યું નોંધાયું નથી. ગુજરાત કે ભારતના નાગરિકોએ ચિંતા કરવાની જરૂર નથી.

કોવિડ સમયે સૌ કોઈ ડરી ગયા છતાં આપત્તતિમાંથી નીકળી ગયા છે. ફરીથી કોઈ આવી આપત્તિ આવે તેમ લાગતું નથી. આપત્તિ આવશે તો પણ એનો સામનો કરવા આપણે સૌ સક્ષ્ક છીએ.

કોરોના માંડ શાંત પડ્યો ત્યાં હવે ચીનના વધુ એક રહસ્યમય બીમારીમાં લોકો સપડાઈ રહ્યા છે. જેમાં ખાસ કરીને બાળકો આ રોગની ચપેટમાં આવી રહ્યા છે. તેવામાં માયકોપ્લાઝ્મા ન્યુમોનિયા અને ઈન્ફ્લ્યુએન્ઝા ફ્લૂના કેસોને લઈને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનને પણ ચિંતા વ્યક્ત કરી છે અને ચીન સાથે સંબંધિત માહિતી માંગી છે.

બીજી તરફ ભારત સરકાર પણ આ મામલે અત્યારથી જ સતર્કતા દાખવી રહી છે અને આગમચેતીના ભાગરૂપે કાર્યવાહી હાથ ધરી છે.કેન્દ્ર સરકારે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પત્ર લખીને હોસ્પિટલની તૈયારીઓ મામલે જરૂરી દિશા નિર્દેશ કર્યા છે.

ઈઝરાયેલ-હમાસ યુધ્ધમાં વધુ બે દિવસનો યુધ્ધ વિરામ

હમાસ દરરોજ ૧૦ બંધકોને મુકત કરશે

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે દોઢ મહિનાથી પણ વધુ સમયથી યુદ્ધ ચાલી રહ્યું હતું, ત્યારે અંતે બને પક્ષ યુદ્ધવિરામને વધુ બે દિવસ વધારવા પર સહમત થઈ ગયા છે. કતારે આ દાવો કર્યો છે. ઈઝરાયેલે કહ્યું છે કે તેઓ પ્રત્યેક ૧૦ વધુ બંધકોને મુક્ત કરવા માટે સંઘર્ષ વિરામને એક દિવસ વધારી દેશે. કતારની જાહેરાત બાદ હમાસે પુષ્ટિ કરી

કે તેઓ સમાન શરતો અંતર્ગત બે દિવસ સુધી યુદ્ધવિરામ વધારવા પર સહમત છે. મહત્વપૂર્ણ છે કે કતાર, અમેરિકા અને ઈજિપ્તની સાથે ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા સંઘર્ષમાં મુખ્યરીતે મધ્યસ્થી કરી રહ્યાં છે. કતારના વિદેશ મંત્રાલયના પ્રવક્તા માજિદ અલ અંસારી દ્વારા સોશિયલ મીડિયા પોસ્ટ પર આ જાહેરાત કરવામાં આવી છે. આ પહેલા થયેલી સમજૂતી અંતર્ગત બંધકોના ચોથા જથ્થાની અદલાબદલી સોમવારે ૨૭ નવેમ્બરે થવાની આશા હતી. બંને વચ્ચે ચાલી રહેલા ચાર દિવસીય સંઘર્ષ વિરામનો સોમવારે છેલ્લો દિવસ હતો.

સંઘર્ષ વિરામના અંતિમ દિવસે મોડી સાંજે દોહાના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ દાવો કર્યો કે કતારે ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાર દિવસીય સંઘર્ષ વિરામને બે દિવસ સુધી વધારવાની સમજૂતી થઈ ગઈ છે. ધ ટાઈમ્સ ઓફ ઈઝરાયેલના રિપોર્ટ મુજબ કતારની જાહેરાતનો અર્થ છે કે ઓછામાં ઓછા ૧૦ ઈઝરાયેલી બંધકોને મંગળવારે છોડવામાં આવશે. અન્ય ૧૦ બંધકોને બુધવારે છોડવામાં આવશે. આ સાથે જ દરરોજ ઈઝરાયેલ ૩૦ પેલેસ્ટાઈની કેદીઓને પણ છોડવામાં આવશે.

દેશમાં વધતા ડીજીટલ વ્યવહારો સાથે વધતા ડીજીટલ ફ્રોડ સામે ખાસ આયોજન

રૂ.૨૦૦૦થી વધુના UPI ના પ્રથમ દરેક વ્યવહારમાં ડીલે સીસ્ટમ આવશે

ચાર કલાક સુધી આ રકમથી વધુના વ્યવહારો થઈ શકશે નહીઃ પ્રથમ ૨૪ કલાકમાં રૂ.૫૦૦૦ની મર્યાદા યથાવત

નવી દિલ્હીઃતા.૨૮

દેશમાં વધતા ડીજીટલ વ્યવહારો તથા બેન્કીંગ સહિતની નાણાકીય સેવાઓ તથા ઈ-કોમર્સ સહિતના સોશ્યલ પ્લેટફોર્મમાં પણ ડીજીટલ વ્યવહારો વધતા તેમાં વધી રહેલા ફ્રોડ ડામવા નાણામંત્રાલયના નેજા હેઠળ ડીજીટલ વ્યવહારો સાથે જોડાયેલા વિભાગો તથા આ પ્રકારની સેવા આપતા ખાનગી ક્ષેત્રના એપ્લીકેશનની એક બેઠકમાં આ પ્રકારના ફ્રોડને ડામવા તથા સાયબર સિકયોરીટી વધારવા પગલા લેવાનો નિર્ણય કરાયો હતો.

ફાયનાન્સીયલ સર્વિસ સેક્રેટરી વિવેક જોષીના અધ્યક્ષસ્થાને થયેલી આ બેઠકમાં નાણા, મહેસુલ, આઈટી સહિતના સરકારી વિભાગોના સેક્રેટરી ઉપરાંત ટેલીકોમ રેગ્યુલેટરી ઓફ ઈન્ડીયા (ટ્રાઈ)ના ચેરપર્સન આધાર સેવાનું સંચાલન કરતા યુનિક આઈડેન્ટીફીકેશન ઓથોરીટી ઓફ ઈન્ડીયાના ચેરમેન નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડીયાના વડા તરફથી બેન્કોના પ્રતિનિધિએ અને ગુગલ સહિતની યુપીઆઈ સેવા આપતી કંપનીઓના પ્રતિનિધિઓ પણ હાજર હતા. આ બેઠકમાં હવે યુપીઆઈ ટ્રાન્સફરમાં પણ પ્રથમ વખતના વ્યવહારમાં ૪ કલાકનો વિલંબનો સમય લાગું કરવા નિર્ણય લેવાયો હતો.

આ બેઠકમાં નિશ્ચિત થયા મુજબ બે વ્યક્તિઓ વચ્ચેના પ્રથમ વખતના યુપીઆઈ ટ્રાન્સફર જે રૂ.૨૦૦૦થી વધુની હશે તેમાં ચાર કલાકના ડીલે (ગેપ) રાખવા નિર્ણય લેવાયો હતો. આ પ્રકારના ડીલે-ટ્રાન્ઝેકશન ઈમીજીએટ પેમેન્ટ સર્વિસ (આઈએમપીએસ) રીયલ ગ્રોસ સેટલમેન્ટ (આરટીજીએસ) અને યુનીફાઈડ પેમેન્ટ સીસ્ટમને પણ (યુપીઆઈ) લાગુ થશે. હાલ કેટલીક બેન્કો આરટીજીએમ સહિતની સેવામાં પ્રથમ વખતના ખાતેદારને ડીલે પેમેન્ટ સીસ્ટમ લાગુ છે.

હાલ યુપીઆઈ સેવામાં જયારે યુઝર્સ નવું ખાતુ ખોલાવે તો પ્રથમ ૨૪ કલાકમાં તે રૂ.૫૦૦૦ સુધીના જ પેમેન્ટ કરી શકે છે તો નેશનલ ઈલેકટ્રોનીક ફંડ ટ્રાન્સફર (એનઈએફટી)માં તેમાં પ્રથમ ૨૪ કલાકમાં વધુમાં વધુ રૂ.૫૦૦૦૦ ટ્રાન્સફર કરી શકાય છે. આ રીતે યુપીઆઈમાં જેમની સાથે અગાઉ કદી વ્યવહાર થયા નથી તેને રૂ.૨૦૦૦થી વધુના પેમેન્ટમાં દરેક સમયે ૨૪ કલાકની મર્યાદા લાગુ થશે.

બેન્કોમાં ડીજીટલ પેમેન્ટ કેટેગરીમાં સૌથી વધુ ફ્રોડ થાય છે. ૨૦૨૨/૨૩ના રીપોર્ટ મુજબ ૧૩૫૩૦ કેસમાં રૂ.૩૦૨૫૨ કરોડના ફ્રોડ થયા તેમાં ૪૯% ડીજીટલ પેમેન્ટ-કાર્ડ- નેટ આધારીત પેમેન્ટ મારફત થયા હતા. નો-યોર-કસ્ટમર્સમાં બેન્કો જે રીતે ગ્રાહકના આધાર-પાન-ફોટા વિ. માટેની અપડેટ કરે છે તેમાં જે ખાતા કેવાયસી વગરના અથવા અપડેટ થયા નથી. તેઓને જયાં સુધી કેવાયસી પ્રક્રિયા પુરી થાય નહી ત્યાંથી એક વખત વધુમાં વધુ રૂ.૨૦૦૦ સુધીની ઉપાડની જ છૂટ અપાશે.

ચિંતા ન કરો, મોદી જ ફરી સતા પર આવશેઃ નાણામંત્રી

ચુંટણી નજીક આવે તેથી રોકાણકારોની ચિંતા સમજી શકાય છે પણ ૨૦૨૪ પછી ફરી પુરી બહુમતી અમોને મળશે

નવી દિલ્હી.તા.૮

દેશમાં પાંચ રાજયોની ધારાસભા ચૂંટણીના પરિણામો આ સમાના અંતે આવશે અને તે આગામી વર્ષ યોજાનારી લોકસભા ચૂંટણીના ચિત્ર પર અસર પાડે તેવી ધારણા છે તથા ૨૦૨૪થી લોકસભા ચુંટણી અર્થતંત્ર માટે પણ બની રહેશે તે સમયે નાણામંત્રી નિર્મલા સીતારામને દેશના રોકાણકારોને કોઈ ગભરાટ નહી રાખવા જણાવતા ઉમેર્યુ

કે ૨૦૨૪ની ચુંટણીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી બહુમતી સાથે ફરી સતા પર આવશે. ઈન્ડીયા ગ્લોબલ ફોરમની એક વર્ચ્યુઅલ બેઠકને સંબોધન કરતા નાણામંત્રીએ જણાવ્યું કે સરકાર સીસ્ટમમાં બદલાવ માટે પ્રતિબદ્ધ છે. જેથી ભારતનો વિકાસ વધુ ઝડપી બની રહેશે. વૈશ્વિક તથા દેશના રોકાણકારોએ ૨૦૨૪ની ચુંટણી અંગે કોઈ ગભરાટ રાખવાની જરૂર નથી.

સીતારામને જણાવ્યું કે ચુંટણીઓ નજીક હોય તો રોકાણકારોની ચિંતા વધે તે સ્વાભાવિક છે અને હું તે સમજી શકું છું પણ અહીથી હું અને અન્ય અનેક લોકો ભારતના અર્થતંત્રને નિહાળી રહ્યા છીએ. રાજકીય વાતાવરણ પણ નિહાળી રહ્યા છે અને તેમાં જમીન પરની વાસ્તવિકતા પણ થઈ છે જે આજે પ્રવર્તી રહી છે. તેઓએ કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી ચુંટણી જીતીને સતા પર આવી રહ્યા છે અને તે પણ સારી બહુમતીથી જીતશે. તેઓએ કહ્યું કે મોદી સરકારે દરેક લોકોની જીંદગી અને દરેક ક્ષેત્રમાં બદલાવ માટે પ્રારંભ કર્યો છે.

આ એ સરકાર નથી કે કોઈ એક યા બીજા માટે કામ કરે આ તમામ માટે કામ કરનારી સરકાર છે. રોજગાર ક્ષેત્રનો ઉલ્લેખ કરતા નિર્મલા સીતારામને જણાવ્યું કે સરકારે ૧૦ લાખ યુવાઓને આ ડિસેમ્બર માસ સુધીમાં રોજગાર પુરા પાડશે અને દર મહિને રોજગાર મેળા યોજાશે. તેઓએ ઈઝરાયેલ-ગાઝા ઘર્ષણની અસર અંગે કહ્યું કે ભારત મીડલઈસ્ટ- યુરોપ કનેકટીવીટી એ લાંબાગાળાનો પ્રોજેકટ છે તેને એક કે બે ઘટનામાં અસર કરશે નહી.

જુની પેન્શન યોજના મુદે હવે રાષ્ટ્રવ્યાપી લડત આપવા કેન્દ્રીય કર્મચારીઓની તૈયારી

નવી દિલ્હી.તા.૨૮

દેશમાં વિપક્ષો માટે એક મોટો રાજકીય મુદો બની ગયેલી જૂની પેન્શન યોજના ફરી લાગુ કરવાના મુદે હવે કેન્દ્રીય કર્મચારીઓના વિવિધ સંગઠનો મેદાનમાં આવી રહ્યા છે તથા દેશવ્યાપી હડતાલ સહિતના પગલા લેશે જેમાં રેલવે તથા સંરક્ષણ વિભાગના કર્મચારીઓને પણ સાથ મળ્યા છે.

૨૦૦૪થી સરકારે લાગુ કરેલી

નવી પેન્શન યોજના સામે લાંબા સમયથી કર્મચારીઓ નારાજ હતા. જેમાં લઘુતમ પેન્શનની કોઈ ગેરેન્ટી ન હતી તથા વળતર બજાર આધારીત છે. હાલમાં જ રેલવે તથા રક્ષા મંત્રાલયમાં કામ કરતા લાખો કર્મચારીઓએ આ મુદે સ્ટ્રાઈક-બેલેટ એટલે કે હડતાળ પર જવું કે નહી તે વિષે જણાવ્યું કે સરકાર સ્ટ્રાઈક-બેલેટને ગંભીરતાથી લેશે તેવી આશા છે અને હવે રાજયોના કર્મચારીઓને મતદાન કરાવાયું હતું અને બે દિવસ સુધી આ મતદાન ચાલ્યું હતું.

જેમાં ૯૭% કર્મચારીઓએ જૂની પેન્શન યોજના સહિતના તેમના પ્રશ્નો મુદે હડતાલ પર જવા માટે સંમતી આપી હતી અને હવે તે આધાર પર સરકાર સાથે સીધી વાટાઘાટ કરશે તથા બાદમાં જોઈન્ટ એકશન કમીટી નીમીને ભવિષ્યના કાર્યક્રમો તૈયાર કરાશે. નેશનલ જોઈન્ટ કાઉન્સીલ ઓફ એકશનના સચીવ શિવગોપાલ મિશ્રાએ સીતારામને કહ્યું કે ભારત તેની સામેના જે પડકાર છે તેથી તેનીજ ક્ષમતાથી ઉપાડીને હલ કરવા શકિતમાન છે.

રાજકોટમાં "વિકસિત ભારત સંકલ્પ યાત્રા"નો પ્રારંભ કરાવતા મંત્રી રાઘવજી પટેલ

છેવાડાના માનવી સુધી જઈને યોજનાનો લાભ આપવા માટે દેશના ઈતિહાસનું અભૂતપૂર્વ આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ તા.૨૮

સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓની પાત્રતા ધરાવતા નાગરિકો, કે જેમના સુધી આ યોજનાનો લાભ ન પહોંચ્યો તેઓને લાભ મળે અને સશક્ત થાય તે હેતુથી ''વિકસિત ભારત સંકલ્પ યાત્રા'' આયોજિત કરવામાં આવી છે, જેના અનુસંધાને રાજકોટ મહાનગર પાલિકા દ્વારા દરેક વોર્ડમાં ''વિકસિત ભારત સંકલ્પ યાત્રા'' કાર્યક્રમ યોજાનાર છે, જેનો શુભારંભ રાજયના કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યો હતો.

મંત્રી રાઘવજીભાઈ પટેલે ઉદબોધન કરતા જણાવ્યુ હતું કે, છેવાડાના માનવી સુધી જઈને તેને યોજનાની માહિતી, માર્ગદર્શન અને લાભ આપવામાં આવે તેવુ આયોજન દેશમાં પહેલીવાર જોવા મળ્યું છે. દેશના ઈતિહાસમાં અનેક નેતાઓ-સરકારો આવી પરંતુ મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીની દીર્ઘદૃષ્ટિ દ્વારા આ અભૂતપૂર્વ આયોજન શક્ય બન્યું છે, આ યાત્રા સમાજના તમામ વર્ગના લોકો સુધી યોજનાઓનો લાભ પહોંચાડવા અને તેમને વિકાસની મુખ્ય ધારામાં જોડવામાં ચાવીરૂપ સાબિત થશે. પ્રધાનમંત્રી તેમજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ સરકારનો નિર્ધાર છે કે તમામ નાગરિકો સુધી આવાસ, પાણી, વીજળી, સ્વાસ્થ્ય, સ્વરોજગાર વગેરે પાયાની સુવિધાઓ પહોંચે. આ સુવિધાઓ પહોંચાડીને તેમને ગરીબીમાંથી બહાર કાઢવા માટે સરકાર દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના, ઉજ્વલા યોજના, પીએમ સ્વનિધી યોજના વગેરે વિવિધ યોજનાઓ દ્વારા બહુઆયામી પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

પ્રભારી મંત્રી રાઘવજીભાઇએ રાજકોટ શહેરના વિકાસ સંદર્ભે કહયુ હતું કે શહેરમાં અમૃત ૧ અને અમૃત ૨ ની ગ્રાન્ટ દ્વારા કરોડો રૂપિયાના માળખાગત સુવિધાના વિકાસ કાર્યો કરવામાં આવી રહ્યાં છે. વળી, રાજકોટને એઈમ્સ, આંતરરાષ્ટ્રીય એરપોર્ટ, અટલ સરોવર વગેરે અનેક ભેટો મળી છે.

આ તકે સાંસદ મોહનભાઈ કુંડારીયાએ ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, વિકસિત ભારત સંકલ્પ યાત્રાથી ગામેગામ લોકોને

યોજનાઓનો લાભ પહોંચશે. પહેલાના સમયમાં મોટી ઉંમરે વડીલો બીમાર પડે ત્યારે પુત્રને દેવું કરીને મોંઘી સારવાર ન કરાવવા કહેતા અને મજબૂરીથી સહન કરતાં, હવે આયુષ્માન ભારત યોજના દ્વારા મફત ઓપરેશન થઈ જાય છે. મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પથી આ પ્રશ્ન હવે ભૂતકાળ બન્યો છે.

મેયર નયનાબેન પેઢડીયાએ સંબોધન કરતા જણાવ્યું હતું કે, રાજકોટના તમામ ૧૮ વોર્ડમાં આ યાત્રા દ્વારા સરકાર નાગરિકોના આંગણે આવીને યોજનાનો લાભ આપી રહી છે. નાગરિકોએ આ યાત્રાનાં કાર્યક્રમોમાં આવીને યોજનાઓના લાભ લઈ, અન્ય જરૂરિયાતમંદ લોકોને પણ લાભ અપાવવા અને ઉત્સાહપૂર્વક ભાગ લેવા અપીલ કરી હતી. સંતોષીનગર પ્રાથમિક શાળા ખાતે આ કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી. મનપા કમિશ્નર આનંદ પટેલે શાબ્દિક સ્વાગત કર્યું હતું. મહાનુભાવોએ પ્રધાનમંત્રી સ્વનિધી યોજના, આયુષ્માન કાર્ડ, સખી મંડળ, ઉજ્જ્વલા યોજનાના લાભાર્થીઓને સહાયના ચેક તેમજ લાભ વિતરણ કર્યું હતું. ઉપસ્થિત તમામને વિકસિત ભારત શપથ લેવડાવવામાં આવ્યા હતાં. સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકરે આભાર દર્શન કર્યું હતું. મંત્રીએ નાગરિકો વચ્ચે જઈ યોજનાઓના લાભો આપવા માટેના વિવિધ સ્ટોલની મુલાકાત લીધી હતી.આ કાર્યક્રમમાં સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્યો ઉદયભાઈ કાનગડ, રમેશભાઈ ટીલાળા, ડો. દર્શિતાબેન શાહ, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જોડેજા, ડે. કમિશ્નર ચેતન નંદાણી, દંડક મનીષભાઈ રાડિયા, અગ્રણી લીલુબેન જાદવ, મનપાના હોદ્દેદારો, કોર્પોરેટર ઓ, અન્ય આગેવાનો અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતાં.

STમાં UPI પેમેન્ટમાં રાજ્યમાં રાજકોટ પ્રથમ સ્થાને

ST માં મુસાફરી કરનાર મુસાફરો અને કંડકટર માટે UPI સેવા આર્શીવાદરૂપ બની

ગુજરાત એસટી મુસાફર હિતરક્ષક સમિતિ દ્વારા અભિનંદન પાઠવાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૨૮

ગુજરાત એસ.ટી. મુસાફર હિતરક્ષક સમિતિના સ્થાપક ગજેન્દ્રસિંહ ઝાલા, પૂર્વ કોર્પોરેટર દિલીપભાઈ આસવાણી, એડવોકેટ ઈન્દુભા રાઓલ, સિનિયર સિટીઝન પ્રવીણભાઈ લાખાણી, મહિલા સામાજિક અગ્રણી સરલાબેન પાટડીયા, પ્રફુલાબેન ચૌહાણ, જસુબા વાંકની સંયુક્ત યાદી જણાવે છે કે રાજકોટ ડિવિઝન દરરોજ ૫૦૦ જેટલી ટ્રીપ નું સંચાલન કરી રહ્યું છે અને દરરોજની ૫૦ લાખથી વધુ કમાણી કરી રહ્યું છે.

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (એસ.ટી) દ્વારા

યુપીઆઈ પેમેન્ટ થી ક્યુઆર કોડ દ્વારા મુસાફરો માટે પેમેન્ટની સિસ્ટમ શરૂ કરવામાં આવી છે તે સિસ્ટમને અભિનંદન સાથે આવકારીએ છીએ. કારણ કે અગાઉ જ્યારે આ UPI સિસ્ટમ ચાલુ ન હતી ત્યારે કંડક્ટરો અને મુસાફરો વચ્ચે છુટ્ટા ની સતત અને રોજિંદી માથાકૂટ રહેતી હતી દા.ત. રાજકોટ થી વાંકાનેર નું ભાડું રૂપિયા ૪૧ હોવાથી મોટાભાગના મુસાફરો રૂપિયા ૫૦૦ અને રૂપિયા ૧૦૦ ની નોટ આપતા હોવાને પગલે ઉપલા રૂપિયા કંડકટરને પરચુરણ દેવા ની સતત રકઝક રહેતી અને આ જ રીતે મોરબી અન્ય ગ્રામ્ય લેવલની બસોમાં પણ કંડક્ટરો સાથે મુસાફરોને પરચુરણ અંગે માથાકૂટ રહેતી થતી. UPI પેમેન્ટ સિસ્ટમ એ મુસાફરો અને કંડકટર માટે આશીર્વાદરૂપ બની છે. અને પરચુરણની ઝંઝટમાંથી મુક્તિ પણ મળી છે.સમગ્ર રાજ્યમાં રાજકોટ ડિવિઝન ૧૫ દિવસમાં ૩૧ હજાર મુસાફરોએ યુપીઆઈ પેમેન્ટ થી ૪૦ લાખની ટિકિટો ખરીદી છે. અને જે પગલે રાજ્યમાં રાજકોટ વિભાગ નો પ્રથમ નંબર આવેલ છે. તેને ગુજરાત એસ.ટી. મુસાફર હિતરક્ષક સમિતિ વતી રાજકોટ વિભાગીય નિયામક કરોતરા અને તેમની સમગ્ર ટીમને સમિતિના ઉપરોક્ત આગેવાનોએ અભિનંદન સાથે આવકારેલ છે.વધુમાં ભવિષ્યમાં રાજ્યના એસ.ટી.માં રોજિંદી મુસાફરી કરતા ૨૫ લાખ મુસાફરોને આધુનિક ઈન્ફ્રાસ્ટકચર સાથે વધુ ને વધુ સારી બસો અને સારી અને ઝડપી સુવિધા મળે એવી અપેક્ષા રાખીએ છીએ.તેમ જણાવ્યું છે.

હર્ષસંઘવીના નેતૃત્વમાં ગુજરાતનું ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ દુબઈ પ્રવાસે

ગ્લોબલ પાર્ટનરશીપ અને વન ટુ વન બેઠકમાં ગુજરાતમાં ઈન્વેસ્ટ કરવા માગતા વેપારીઓ સાથે મુલાકાત કરી

અમદાવાદ,તા.૨૮

રાજ્યમાં આગામી સમયમાં યોજાનાર વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટઃ ૨૦૨૪ના પ્રચાર પ્રસાર અને રોકાણ માટે ગૃહ રાજ્યમંત્રી હર્ષસંઘવીના નેતૃત્વમાં ગુજરાતનું ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ દુબઈના પ્રવાસે ગયું છે આજે દુબઈ પ્રવાસના પ્રથમ દિવસે વિવિધ ઉદ્યોગગૃહોના પ્રતિનિધિઓ સાથે ફળદાયી પરામર્શ કરીને ગુજરાતમાં વિકાસની તકો અગે સવિસ્તૃત માહિતી પુરી પાડી હતી.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ગુજરાતને ઉદ્યોગ, વેપાર અને ઉત્પાદન ક્ષેત્રે રોકાણકારો માટે ગ્લોબલ ડેસ્ટીનેશન બનાવનારી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની ૧૦મી એડીશન આગામી જાન્યુઆરી ૨૦૨૪માં યોજાવાની છે.જે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્યના વિવિધ અગ્રણી ઉદ્યોગ-વેપાર સંચાલકો પણ જાપાનના પ્રવાસે છે.

ગૃહ રાજ્ય મંત્રી હર્ષસંઘવી એ આજે દુબઈ ખાતે ગ્લોબલ પાર્ટનરશીપ અને ડિપ્લોમેટીક ડેલિકેટસ સાથે તેમજ વન ટુ વન મીટીંગમાં ગુજરાતમાં ઈન્વેસ્ટ કરવા માગતા મહત્વના સી. ઈ. ઓ અને વેપારીઓ સાથે મુલાકાત કરી હતી. આ ઉપરાંત સાંજે ૧૬:૩૦ કલાકે યોજાયેલ કાર્યક્રમમાં ગુજરાતની સિદ્ધિઓ, ગુજરાતનું ભવિષ્યમા થનાર ડેવલોપમેન્ટ પ્રોગ્રામ, ભવિષ્યમાં ગુજરાતના ઉદ્યોગ જગતમાં થનારા ડેવલપમેન્ટ પ્લાનની ચર્ચા કરાઈ હતી.તેમજ ગૃહ રાજ્ય મંત્રીએ યુએઈના(AI) મિનિસ્ટર ઓમર અલ-ઓલમા સાથે મુલાકાત કરીને સાથે ભોજન પણ લીધું હતું.

આ ઉપરાંત આજે પ્રથમ દિવસે ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી અને ઉર્જા વિભાગના અધિક મુખ્ય સચિવ મમતા વર્મા IGFમાં રાઉન્ડ ટેબલ મીટિંગ પર

વિવિધ સંસ્થાના મહાનુભાવોને પણ મળીને રાજ્યમાં વિકાસની તકો સંદર્ભે વિસ્તૃત માહિતી આપી હતી. આ મુલાકાતમાં મનોજ લાડવા ઈન્ડિયા ગ્લોબલ ફોરમ,સતીશ સિવાન કોન્સ્યુલેટ જનરલ ઓફ ઈન્ડિયા દુબઈ,એલેક્સી ગુણવર્દને શ્રીલંકાના કોન્સ્યુલેટ જનરલ, વિજય શેખર શર્મા પેટીએમ, ઉત્સવ શેઠ ફોરસાઈટ ગ્રુપ, ''મેઘન ગ્રેગોનિસ'' દુબઈમાં યુનાઈટેડ સ્ટેટ્સના કોન્સ્યુલ જનરલ, વિમલકુમાર ભીમજી શાહ બિડકો આફ્રિકા, નીતિન જયસ્વાલ બ્લૂમબર્ગ,વિક્રમ શ્રોફ યુપીએલ, સંજય નાયર સોરિન ઈન્વેસ્ટમેન્ટ્સ,''પદ્મનાભ રાવ મૂજ્યુમને'' લાર્સન એન્ડ ટુબ્રો,શાદા અલ બોર્નો સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ,બી એમ જમાલ હુસૈન બાંગ્લાદેશ કોન્સ્યુલેટ જનરલ, એન્ડ્રુ ત્સેપો લેબોના દક્ષિણ આફ્રિકાના કોન્સ્યુલેટ જનરલ,સ્ટેલા માર્ટિન બેક રોયલ કોન્સ્યુલેટ ઓફ ડેનમાર્ક સિનિયર એડવાઈઝર, એનર્જી ટ્રાન્ઝિશનનો સમાવેશ થાય છે. તેમ જણાવ્યું છે.

અમરેલી ક્રાઈમ

ઝેરી દવાનાં ટીકડા પી લેતા મોત

અમરેલીઃધારી તાલુકાનાં ગોવિંદપુર ગામે રહેતા વિજયભાઈ મેપાભાઈ દાફડા નામનાં ૩૯ વર્ષિય યુવકે ગત તા. ૨૫ નાં રોજ રાત્રીનાં આશરે ૧૦ વાગ્યે ગોવિંદપુર ગામે બજારમાં આવી કોઈ અગમ્ય કારણોસર પોતે પોતાની મેળે ઝેરી દવાનાં ટીકડા પી લેતા તેમને સારવાર માટે અમરેલી દવાખાને ખસેડાયેલ. જયાં તેમનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.

ઝેરી દવા પી લેતા મોત

અમરેલીઃખાંભા તાલુકાનાં દાઢીયાળી ગામનાં વતની અને હાલ સાવરકુંડલા તાલુકાનાં આદસંગ ગામે રહેતા શિવાભાઈ પાંચાભાઈ સોલંકી નામનાં ૩૫ વર્ષિય ખેતમજુરી કરતાં યુવક પોતે એકલવાયું જીવન જીવતા હોય, અને વાડીમાં જ રહેતાં હોય, તેમના પત્નિ ૧૦ વર્ષ પહેલા મરણ ગયેલ હોય, જેથી એકલવાયા જીવનથી કંટાળી જઈ પોતે પોતાની મેળે ગત તા.૨૫નાં રોજ આદસંગ ગામે કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતાં તેમનું મરણ થયાનું સાવરકુંડલા રૂરલ પોલીસમાં જાહેર થવા પામેલ છે.

ખેડૂત યુવક ઉપર ટોળાનો હુમલો

અમરેલીઃલાઠી તાલુકાનાં ધામેલપરા ગામે રહેતા અને ખેતી કામ કરતાં મધુભાઈ પરશોતમભાઈ કાકડીયા નામનાં ૩૭ વર્ષિય ખેડૂત યુવકે અગાઉ લાઠી તાલુકાનાં ભાવવા ગામે રહેતા કિશોરસિંહ ઘોઘુભા ગોહિલને ઉછીનાં પૈસા આપેલ હોય. તે પૈસાની આ ખેડૂત યુવકે ઉઘરાણી કરતા લખધીરસિંહ ઘોઘુભા સહિત ૬ જેટલા શખ્સોએ એક સંપ કરી આ ખેડૂતનાં રહેણાંક મકાને જઈ ગાળો આપી, ઠીકાપાટુનો માર મારી ૩ આરોપીએ ખેડૂતને પકડી રાખી લોખંડનાં પાઈપ વડે માર મારી જમણા પગમાં ઘુંટણની નીચે ફ્રેકચર જેવી ઈજા કર્યાની ફરિયાદ દામનગર પોલીસમાં નોંધાઈ છે. તો સામાપરેક્ષ આ જ બનાવમાં લખધીરસિંહ ઘોઘુભાએ પણ મધુભાઈ કાકડીયા સામે માથામાં લાકડી મારી ગંભીર ઈજાઓ કર્યાની સામી ફરિયાદ નોંધાવી છે.

અમરેલી શાંતાબા જનરલ હોસ્પિટલમાં ૧૮ વર્ષિય યુવાન દર્દીનો ૨૬ દિવસની સારવાર બાદ આબાદ બચાવ

(મિલાપ રૂપારેલીયા દ્વારા)

અમરેલી,તા.૨૮

શાંતાબા જનરલ હોસ્પિટલ ખાતેથી મળેલ માહિતી મુજબ સાવરકુંડલા તાલુકાનાં અમૃતવેલ ગામના ૧૮ વર્ષીય યુવક હરિભાઈ રાજુભાઈ વેકરિયાથી ભૂલથી ઝેરી પદાર્થ પીવાઈ જતા તાત્કાલિક મહુવા ખાતે અને ત્યારબાદ જરૂરી સારવાર અર્થે પ્રાઈવેટ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતા. પરંતુ દર્દીના પિતા દ્વારા જણાવ્યા મુજબ પ્રાઈવેટ હોસ્પિટલમાં તબીયતમાં કોઈ સુધારો ન થતા અને દર્દીની હાલત ગંભીર થતા દર્દીને શાંતાબા જનરલ હોસ્પિટલ, અમરેલી ખાતે લાવવામાં આવેલ હતાં. ઈમરજન્સી સારવાર વિભાગનાં ડો. કેવલ આદ્રેજા દ્વારા દર્દીને તાત્કાલિક આઈ.સી.યુ.માં દાખલ કરેલ અને જયાં દર્દીને વેન્ટીલેટર પર રાખવામાં આવેલ હતાં. મેડિસીન વિભાગના ફીજીશીયન ડો.વિજય વાળા દ્વારા સારવાર મળતા ચાર દિવસ બાદ દર્દી કોમામાંથી બહાર આવેલ હતું.

દર્દીના પિતા રાજુભાઈ વેકરિયા દ્વારા જણાવ્યા મુજબ પ્રાઈવેટ હોસ્પિટલમાં થનાર છ લાખ રૂપિયા જેટલા માતબર ખર્ચની સામે શાંતાબા જનરલ હોસ્પિટલ અમરેલી ખાતે વિના મુલ્યે તેમનાપુત્રની યોગ્ય સારવાર ડો. વિજય વાળા, ડો. દિવ્યા ગુરવ, ડો. નીરજ ઠકકર,ડો. સુરજ સાવલિયા તથા આઈ.સી.યુ. સ્ટાફ દ્વારા કરવામાં આવતા તેમના પુત્ર માટે ડોકટરની ટીમ તથા હોસ્પિટલ આશીર્વાદ રૂપ સાબિત થઈ છે.

૨૬ દિવસની સતત સારવાર બાદ દર્દીનો આબાદ બચાવ થતા દર્દી તથા તેમના સબંધીઓએ હોસ્પિટલ મેનેજમેન્ટ ટીમ, ડોકટર ટીમ, આઈ.સી.યુ.ટીમ અને હોસ્પિટલના ચેરમેન વસંતભાઈ ગજેરા પ્રત્યે પોતાનો ખુબ ખુબ આભાર વ્યકત કર્યો હતો. અને હોસ્પિટલ ના ચેરમેને તમામ સ્ટાફને સારવારનું ઉતમ ઉદાહરણ પૂરુ પાડવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

શ્રી નિર્દોષાનંદજી હોસ્પિટલને અનુદાન

(નટવરલાલ જે ભાતિયા દ્વારા)

ભાવનગર,તા.૨૮

ઉમરાળાના ટીમ્બિ સ્વામી શ્રી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ, ટીંબી (જી.ભાવનગર) માં ચાલતા નિઃશુલ્ક આરોગ્યલક્ષી સેવાકાર્યથી પ્રભાવિત એવા વડનગર ગામનાં વતની અમેરિકા (ફ્લોરિડા) સ્થિત દાતા બંડીમભાઈ શાહ અને તેમના ધર્મપત્નિ હોસ્પિટલની શુભેચ્છા મુલાકાતે આવ્યા હતા.

તેઓએ હોસ્પિટલનાં બધા જ વિભાગોની પ્રત્યેક્ષ મુલાકાત લઈને ખુબ જ પ્રશંસા વ્યકત કરી હતી, સાથે ભોજન પ્રસાદ પણ હોસ્પિટલના ગુરુકૃપા અન્નક્ષેત્ર માં લીધેલ. દર્દીનારાયણ ની સારવારઅર્થે સહભાગી થવાનાં શુભાશયથી તેઓએ દિવસ ૧૦૧ (એકસો એક) માટે ભોજન પ્રસાદ અર્થે રૂા.૨૧,૨૧,૦૦૦ અંકે રૂપિયા એકવીસ લાખ એકવીસ હજાર પુરા ના અનુદાનનો ચેક મંત્રી-બી.એલ. રાજપરા અને ટ્રસ્ટી-પરેશભાઈ ડોડિયાને અર્પણ કરેલ છે. તેઓઓનું હોસ્પિટલના પ્રણેતા સદગુરુદેવ સ્વામી શ્રી નિર્દોષાનંદ સરસ્વતીજી મહારાજનાં 'જીવનચરિતામૃત' ગ્રંથ અને શાલ અર્પણ કરીને સન્માનિત કરવામાં આવ્યુ હતુ.

હોસ્પિટલ ટ્રસ્ટીમંડળ વતિ બંકીમભાઈ શાહ તથા તેમનાં પરીવારજનો હૃદયપૂર્વકનો આભાર વ્યકત કરેલ છે.પૂ. ગુરુદેવ તેમને સુખ, સમૃધ્ધિ અને લાંબુ આયુષ્ય પ્રદાન કરે તેવી પ્રાર્થના.''

ખોડલધામ પ્રેરીત સમસ્ત લેઉવા પટેલ સમાજ ટ્રસ્ટનો દ્વિતીય સમૂહ લગ્નોત્સવ સંપન

(નટવરલાલ જે ભાતિયા દ્વારા)

દામનગર,તા.૨૮

દામનગર ખોડલધામ પ્રેરિત લેઉવા પટેલ સમાજ ટ્રસ્ટ દામનગર આયોજિત દ્વિતીય સમૂહ લગ્નોત્સવ નું ગુરુકુળ પરિસર માં ભવ્ય આયોજન બાદ કમોસમી વરસાદ વચ્ચે સામાજિક પ્રસંગ પોતો નો હોય તેવા ઉમદા ભાવ સાથે દામનગર શહેર તેમજ આસપાસ ના ગ્રામ્ય વિસ્તારો માંથી ખોડલધામ સમિતિ ના ૪૦૦ સ્વંયમ સેવકો એ ગણતરી ની કલાક માં સમગ્ર મંડપ સમિયાણો ભોજન સ્ટેજ બેઠક વ્યવસ્થા અદભુત સ્થળાંતર કરી એકતા નો પરિચય કરાયો હતો અઘરું કામ પણ એકતા થી કરાય તો આવી અકલ્પનિય સફળતા મળે તેવો સુંદર સદેશ આપ્યો હતો સહજાનંદ એજ્યુકેશન ટ્રસ્ટ ગુરુકુળ ના કોલેજ બિલ્ડીંગ માં ખોડલધામ પ્રેરિત સમસ્ત લેઉવા પટેલ સમાજ ટ્રસ્ટ

નો દ્વિતીય સમૂહ લગ્નોત્સવ ભવ્ય રીતે સંપન્ન કર્યો હતો વરસતા વરસાદ વચ્ચે સમાજ ની દીકરી ઓને ભવ્ય રીતે સાસરે વળાવી હતી

૧૬ નવદંપતી અને મહેમાનો ને કોઈ જાત ની અગવડ ન પડે તેવી ઉત્તમોત્તમ સુવિધા ગણતરી ની કલાકો માં ઉભી કરી સમાજ સેવા નું ઉત્તમ ઉદારણ પૂરું પાડ્યું આ તકે અનેકો સંતો અને ઉદારદિલ દાતા ખુશખુશાલ થતા વરસતા વરસાદ વચ્ચે આટલું ભવ્ય અને દિવ્ય આયોજન એકાએક સ્થળાંતર કરવા નું કપરું કાર્ય કરતી ખોડલધામ ટીમ ઉપર પુષ્પ વર્ષા કરતા સમારોહ ના અધ્યક્ષ હસમુખભાઈ નાકરાણી સમારોહ ના ઉદ્ઘાટક છગનભાઈ સિમેડિયા ભરતભાઈ નારોલા દુબઈ માનવ સેવા ટ્રસ્ટની સ્વામી નિર્દોષાનંદ હોસ્પિટલના બી એલ રાજપરા મગનભાઈ રામાણી દિલીપભાઈ કોઠીયા ધારાસભ્ય જનકભાઈ તળાવીયા ગોપાલભાઈ વસ્તપરા, તુષારભાઈ લુણાગરિયા સહિતના મહાનુભવો અને મહેમાનો એ પોતા ના વક્તવ્ય માં સમાજ સેવા અને એકતા ને વારંવાર વંદનીય સેવા ગણાવી હતી ખોડલધામ સમિતિ અને સમસ્ત લેઉવા પટેલ સમાજ નો દ્વિતીય સમૂહ લગ્નોત્સવ ગુરુકુળ પરિસર માં સંપૂર્ણ ગોઠવાયા બાદ એકાએક વરસાદ થી ત્વરિત સમગ્ર સમિયાણો પલળી જતા માત્ર ત્રણ કલાક ના ટૂંકા ગાળા માં કોલેજ બિલ્ડીંગ માં ભવ્ય લગ્ન મંડપો લાઈટ ડેકોરેશન બેઠક ભોજન સ્ટેજ વ્યવસ્થા ઉભી કરી આફરીન કરતી ખોડલધામ ટીમ ની સર્વત્ર સરાહના સાથે પુષ્પવૃષ્ટિ થી અભિવાદન કરાયું હતું ખોડલધામ મહિલા સમિતિ ઓ અને નાના મોટા ગ્રામ્ય વિસ્તારો માંથી પધારેલ ખોડલધામ સમિતિ ના દરેક સ્વંયમ સેવકો એ આ પ્રસંગ પોતા ના અંગત પરિવાર નો હોય તેવી તત્પરતા દર્શાવી હતી. તેમ જણાવ્યું છે.

ગોવર્ધનજી(યું.પી.) પરિક્રમામાર્ગ પ.પૂ.ઉષામાં દ્વારા અન્નક્ષેત્ર

(બિપીન પાંધી દ્વારા)

સાવરકુંડલા.તા.૨૮

શિવદરબાર આશ્રમ કાનાતળાવ પરમ પૂજ્ય દ્વારા છેલ્લા ૩૧ વર્ષથી પરિક્રમા માર્ગો ઉપર અન્નક્ષેત્ર ચલાવવામાં આવે છે. પહેલા ગિરનારની પરિક્રમા ઉપર ૨૧ વર્ષ ચલાવ્યા બાદ હાલ ગીરીરાજ જી (ઉત્તર પ્રદેશ)ની પરિક્રમા દેવ દિવાળીથી પૂનમ સુધી પાંચ દિવસ પરિક્રમા ચાલે છે. આ પરિક્રમા માર્ગ ઉપર જી. જે. ગાર્ડન ખાતે પરમ પૂજ્ય ઉષા મૈયા દ્વારા દેવ દિવાળીના પાવન અવસરે પાંચ દિવસ માટે અન્નક્ષેત્રની શરૂઆત કરવામાં આવી. શિવ દરબાર આશ્રમ ખાતે ૩૭૬ ગાયું છે તેમાંથી ઘીનું અમરેલી જિલ્લામાં અને હોસ્પિટલોની અંદર પ્રસુતિ બહેનોને વિના મૂલ્ય ચોખા ઘીની સુખડી સાવરકુંડલાની તમામ છાત્રાલય અને વિનામૂલ્યે છાશ આપવામાં આવે છે.

દર્દીના લાભાર્થે હોસ્પિટલમાં ચેક અર્પણ

(નટવરલાલ જે ભાતિયા દ્વારા)

ભાવનગર,તા.૨૮

ઉમરાળા સ્વામી શ્રી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ, ટીંબી (જી.ભાવનગર) માં ચાલતા નિઃશુલ્ક આરોગ્યલક્ષી સેવાકાર્યથી પ્રભાવિત શ્રી ખોડલધામ મંદિર - નેસડી (સાવરકુંડલા) મંદિરનાં મહંત પુજ્ય શ્રી લવજીબાપુ નાં નેતૃત્વમાં ચાલતી શ્રીમત ભાગવત સમાહ જ્ઞાનયજ્ઞ દરમિયાન તા. ૨૦-૧૧નાં રોજ પુજ્ય શ્રી લવજીબાપુ દ્વારા દર્દીનારાયણ નાં લાભાર્થે રૂા. ૫૧૦૦૦/- અંકે રૂપિયા એકાવન હજાર પુરા નો ચેક હોસ્પિટલનાં મંત્રીશ્રી-બી. એલ. રાજપરા ને અર્પણ કરવામાં આવેલ. હોસ્પિટલ ટ્રસ્ટીમંડળ વતિ મહંત પુજ્ય શ્રી લવજીબાપુનો હૃદયપૂર્વકનો આભાર વ્યકત કરેલ છે.પૂ. ગુરુદેવ તેમને સુખ, સમૃધ્ધિ અને લાંબુ આયુષ્ય પ્રદાન કરે તેવી પ્રાર્થના.''

પેસેન્જર ટ્રેન હડફેટે એક યુવકનું મોત

(મિલાપ રૂપારેલીયા દ્વારા)

અમરેલીઃ અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના પૂંજાપાદર ગામ નજીક ગઈકાલે મોડી રાત્રીના સમયે એક પેસેન્જર ટ્રેન પસાર થતી હતી ત્યારે ત્યાંથી પસાર થતાં એક ૨૫ વર્ષિય રત્ન કલાકાર યુવકનું આ ટ્રેન હડફેટે આવી જતાં તે યુવકના શરીરના બે ટુકડા થઈ જતાં તેમનું ઘટના સ્થળે કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું.આ બનાવમાં સૂત્રોમાંથી જાણવા મળતી વિગત મુજબ અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના પૂંજાપાદર ગામ નજીક ગઈકાલે મોડી રાત્રીના સમયે મહુવા- સુરત રૂટની પેસેન્જર ટ્રેન પસાર થતી હતી ત્યારે ત્યાંથી પસાર થતાં એક ૨૫ વર્ષિય રત્ન કલાકાર યુવકનું આ ટ્રેન હડફેટે આવી જતાં તે યુવકના શરીરના બે ટુકડા થઈ જતાં તેમનું ઘટના સ્થળે કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું.

તંત્રી લેખ

ભારતમાં રોકાણ કરવા વિશ્વના અનેક દેશોની તત્પરતા અર્થતંત્રને ''સબળ''બનાવશે

ભારત આર્થિક મહાસત્તા બનવા ભણી નક્કર પગલે આગળ વધી રહ્યું છે, સ્થાનિક ધોરણે વિકાસ દરની 'રફતાર' યથાવત રાખવાના પ્રયત્નો ને સારો વરસાદ ,પૂરતું માનવબળ, સરકારની દુરંદેશીભરી આર્થિક અને ઔદ્યોગિક નીતિ અને વૈશ્વિક ઓઇલ ઇકોનોમી સાથે સમયસર તાલ મિલાવવામાં ભારતના આર્થિક તજજ્ઞો અને સાસકો દ્વારા ક્રૂડ ઓઇલની ખરીદી ,બફર સ્ટોક અને આંતરરાષ્ટ્રીય બજારમાં વિવિધ પરિસ્થિતિઓ વચ્ચે કિંમતોમાં આવતા ઉતાર ચઢાવ વચ્ચે પણ સ્થાનિક બજારમાં પેટ્રોલ ડીઝલ અને ગેસના ભાવોનું ''નિયંત્રણ'' રાખી પેટ્રોલ ડીઝલની અવેજીમાં સૂર્ય અને પવન ઉર્જા જેવા વૈકલ્પિક ઉર્જા સ્ત્રોત, ગ્રીનહાઈડ્રોજન અને પેટ્રોલ,ડીઝલમાં ઇથેનોલના મિશ્રણ, ઇથેનોલના ઉત્પાદનને પ્રોત્સાહનથી ઓઇલ પેટ્રોલ ડીઝલની આયાતમાં ઘટાડા સહિતની લાંબા ગાળાની સફળ નીતિથી અર્થતંત્ર મજબૂત બનતું જાય છે. સાથે સાથે દેશમાં જ સ્ટાર્ટઅપ, મેકઇન ઇન્ડિયા અને રાજકીય સ્થિરતા ની સાથે સાથે જીએસટીના અમલ ઔદ્યોગિક વિકાસ માટેના પ્રયત્નો અને વિદેશીઓના વિશ્વાસના કારણે વિશ્વના અનેક દેશ ચીનને અલવિદા કહી ભારતમાં ઉદ્યોગોની સ્થાપના માટે વળી રહ્યા છે... ખાસ કરીને ફાર્મા ઉદ્યોગ માટે હવે ભારત વિશ્વ ના અનેક દેશો માટે પ્રથમ પસંદગીનું સ્થળ બની રહ્યું છે.. પશ્ચિમી દેશો નું ચીન સાથે ચાલી રહેલું ''શીતવેપાર યુદ્ધ'' ભારત માટે ફાયદાકારક પુરવારથશે. ભારતમાં દવા માટેની કાચી સામગ્રી ,આયુર્વેદિક સંશોધનો અને પૂરતા માનવ બળના કારણે ફાર્માસ્યુટિકલ ક્ષેત્ર દવા ઉદ્યોગની સ્થાપના માટે ભારતને પસંદ કરવા લાગ્યું છે. વિશ્વની અનેક કંપનીઓ ભારતમાં પોતાના ઉત્પાદન એકમો નાખવા માટે તત્પર બની છે ભારતમાં રોકાણકારોની વિશ્વસનીયતા અર્થતંત્રને પાંચ ટ્રીલીયન અમેરિકન ડોલર સુધી પહોંચાડવા માટે સાબિત થશે, વિશ્વની સૌથી મોટી લોકશાહીનું માન ધરાવતા ભારતને આર્થિક મહાસત્તા બનવા તરફનું લક્ષ્ય સમયથી વેલુ સિદ્ધ થાય તેવા સંજોગો ઉભા થયા છે, ભારતમાં રોકાણ કરવાની વિશ્વના દેશોની તત્પરતા ભારતના તંત્રને સબળ સક્ષમ બનાવશે તેમાં બે મત નથી

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
શ્રદ્ધાંજલિ
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
–:શ્રદ્ધાંજલિની જાહેર ખબર:–
ફિક્સ સાઈઝ
(અંદરના પાને)
6 x 2.5: 200 Rs.
+5%GST
ફિક્સ સાઈઝથી વધુ સાઈઝની જાહેરાત આપવા ૬૦રૂ.(Per C.C) ચાર્જ થશે
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત વોંકળાની સફાઈ કરી ૨ ટન ગાર-કચરોનો નિકાલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૨૮

રાજકોટ મહાનગરપાલિકા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા હેઠળ વોંકળા વિભાગ દ્વારા સ્વછતા હી સેવા કાર્યક્રમ અંતર્ગત આજ રોજ તા.૨૮/૧૧/૨૦૨૩ મધ્ય ઝોનના વોર્ડ ન.૩માં આવેલ ગાયકવાડી પાસે તથા વોર્ડ નં.૧૫માં વિજયનગર શેરી નં.૫ માં આવેલ બોક્સ ગટર અને વોર્ડ ન.૪ બેડીપરા સગર શેરી પાસે મેન્યુઅલી કામગીરી દ્વારા એક (૨) ટ્રેકટર ફેરા થી વોંકળાની સફાઇ કરવામાં આવેલ હતી.એમ કુલ અંદાજીત ૨ ટન ગાર, કચરો વોંકળા માંથી નિકાલ કરવામાં આવેલ છે.

ઉપરોક્ત વિગતે માન.કમિશનર તથા નાયબ કમિશનરની સુચના અનુસાર રાજકોટ શહેરમાં આવેલ તમામ હયાત વોકળાઓની સફાઈ કામગીરી ચાલુ કરવામાં આવેલ છે. જે અંતર્ગત પર્યાવરણ ઈજનેર અને લગત ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેર માર્ગદર્શન હેઠળ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાની ટીમ દ્વારા કામગીરી કરવામાં આવેલ હતી.

શનીવારે બ્રહ્મદેવ સમાજનું સ્નેહ મીલન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ તા.૨૮

સૌરાષ્ટ્ર ક્રાંતીની મુલાકાતે આવેલ વિપુલભાઈ જાની, હિરલબેન જાની, જાગૃતીબેન જાની, માલતીબેન સાતા હિમાંશુભાઈ રાજયગુરૂ જણાવ્યું હતું કે, આગામી તા.૨-૧૨ ના બ્રહ્મદેવ સમાજ નુ સ્નેહ મીલન શ્રી પી એન્ડ ટી.વી શેઠ હાઈસ્કૂલ ના મેદાન મા ભક્તિનગર સર્કલ પાસે યોજાશે આ કાર્યક્રમ મા રિજનલ કમિશ્નર ધીમંત વ્યાસનો નિવૃતિ સન્માન સમારોહ અને નવ નિયુક્ત બ્રહ્મ સમાજના રાજકીય મહાનુભવોનુ સન્માન કરાશે. આ કાર્યક્રમમા પુ.ભક્તિ સ્વામીજીના આર્શીવચન સાથે સમાજના સામાજીક રાજકીય આગેવાનો અધિકારીઓ સહિત મોટી સંખ્યામા બ્રહ્મદેવ સમાજના કાર્યકરો હોદેદારો હાજર રહી સમાજના વિકાસ માટે થી ચર્ચા વિચારણા કરશે મોટી સંખ્યામા હાજરી આપવા બ્રહ્મસમાજને મિલન ભાઇ શુકલ એ અપીલ કરી છે આ કાર્યક્રમને સફળ બનાવવા બ્રહ્મ દેવ સમાજ ૧૮ વોર્ડના હોદેદાર ભાઇઓ બહેનો જહેમત ઉઠાવી રહ્યા છે

સાવરકુંડલા શહેરના શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળનો સિનિયર નેશનલ લેવલની બેઝબોલ રમતમાં પણ ભારે દબદબો

(બિપીન પાંધી દ્વારા)

સાવરકુંડલા.તા.૨૮

૩૬મી સિનિયર નેશનલ બેઝબોલ રમતનું આયોજન સંગરૂર, પંજાબ ખાતે આયોજન કરવામાં આવેલું હતું. તેમાં ૨૨ રાજયોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલો હતો. તેમાં ગુજરાતની ટીમમાં સાવરકુંડલા અને રાજકોટમાંથી પસંદગી પામેલા ખેલાડીઓએ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરેલ હતું. તેમાં ભાઈઓ અને બહેનોની ટીમનું પ્રદર્શન ખૂબ જ સારૂ જોવા મળેલ હતું. તેમાં ભાઈઓની ટીમના કેપ્ટન દિપકભાઈ વાળા અને બહેનોની ટીમના કેપ્ટન ચોડવડિયા ખુશી એ બંને કેપ્ટને ટીમને સાથે રાખી ગુજરાતની ટીમનું પ્રદર્શન સારૂ કરાવેલ. ભાઈઓની ટીમમાં વેકરીયા ખોડીદાસ, ઝાલાવાડીયા રોમલ, ચાંદ અમન, ઝાલા ધર્મરાજ, ભાલોડીયા વાસુ, ખોડેખા શ્યામ, પાલા જીત, અંબાણી વર્ધમાન,

કાનાણી સ્મિત, કાંબલીયા નરેશ, ત્રિવેદી નિરજ, ત્રિવેદી ધ્રુવ, પટેલ કવન, વ્યાસ આયુષ, બોરીચા રાજ તેમજ બહેનોની ટીમમાં અર્પિતા, ધ્રુવી, જ્યોતિકા, વૃંદા, પલ્વી, વિરાંગી, નેન્સી, મુસ્કાન તથા હિના. આ બંને ટીમ દ્વારા સારૂ પ્રદર્શન કરેલ છે. તે બદલ ગુજરાત ફેડરેશન બેઝબોલના પ્રમુખ અનિકેતભાઈ તથા હરશાંગભાઈ ઘોડાદરા તથા જોઇન્ટ સેક્રેટરી યોગેશભાઈ મારૂ તથા કેતનભાઈ તથા રવિભાઈ તથા તમામ ફેડરેશનના હોદેદારો દ્વારા ટીમને અભિનંદન પાઠવ્યા હતા

આમ આદમી રાજકોટ શહેર દ્વારા બંધારણ દિવસ નિમિતે બાઈક રેલી યોજાઈ

રાજકોટ,તા.૨૮

આમ આદમી પાર્ટી રાજકોટ શહેર દ્વારા ડોક્ટર બાબા સાહેબ આંબેડકર સહિત ૭ વિભૂતિઓ રચિત વિશ્વમાં સૌથી મોટા ભારતીય સંવિધાનના બંધારણ દિવસ નિમિતે સરદાર પટેલ પ્રતિમા બહુમાળી ભવનથી આંબેડકર સાહેબ પ્રતિમા સિવિલ ચોક સુધી બાઇક રેલી કરીને સંવિધાન દિવસની ઉજવણી કરવામાં આવી અને દેશ નું જનતા ને શુભેચ્છાઓ પાઠવવામાં આવી સાથે સાથે આમ આદમી પાર્ટી ના સ્થાપના દિવસ ની પણ તમામ કાર્યકર્તાઓ ને પણ શુભેચ્છાઓ પાઠવવામાં આવી આ સમગ્ર કાર્યક્રમ નું આયોજન રાકેશ સોરઠીયા પ્રભારી રાજકોટ શહેરના નેતૃત્વમાં કરવામાં આવ્યો. તેમજ શહેર કારોબારીના મિત્રો તેમજ કાર્યકર્તા બંધુઓના પ્રયાસ થી કાર્યક્રમ સફળ બનાવવામાં આવ્યો.આ કાર્યક્રમમાં પ્રદેશ ટ્રેડ વિગ પ્રમુખ શિવલાલ બારસિયા, પ્રદેશ સહમંત્રી ઈમરાન કામદાર, શહેર શિક્ષણ સેલ પ્રમુખ દિગુભા વાઘેલા, રાજકોટ શહેર મહિલા મોરચો, રાજકોટ શહેર કારોબારી મિત્રો રાજકોટ શહેરના વોર્ડના કારોબારી મિત્રો વિગેરેએ હાજરી આપેલ એવી પ્રભારી રાકેશ સોરઠીયા ની અખબારી યાદી જણાવે છે.

પરપ્રાંતિય શખ્સોની છેતરપીંડીનો ભોગ બનેલ દ્વારા નાયબ કલેકટરને આવેદન

ભોગ બનનારને સવારે મામલતદાર કચેરીનાં મેદાનમાં ઉપસ્થિત રહેવા અનુરોધ

(મિલાપ રૂપારેલીયા દ્વારા)

અમરેલી,તા.૨૮

સાવરકુંડલામાં થોડા દિવસો પહેલા પરપ્રાંતિય શખ્સોએ ગોલ્ડ સ્ટાર હોમ નીડસનાં નામે દુકાન ખોલીને રાહતદરે ઈલેકટ્રોનીકસ ઉપકરણ આપવાનાં બ્હાનાતળે કથિત લાખો રૂપિયાની છેતરપીંડી કરીને સેંકડો પરિવારો સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કરીને નાસી છુટયાની ઘટના બની હતી.

આ અંગે વ્હીસલ બ્લોઅરે રાજય સરકારની મદદ મેળવીને ભોગ બનનારને ન્યાય મળે તે માટે આગેવાની લઈને નાયબ કલેકટરને આવેદનપત્ર પાઠવવાનું જાહેર કરેલ હોય, જે કોઈ વ્યકિત પરિવાર કે સંગઠન ભોગ બન્યા હોય તેઓને સવારે મામલતદાર કચેરી પટાંગણ, મહુવા રોડ, સાવરકુંડલા ખાતે ઉપસ્થિત રહેવા અનુરોધ કરેલ.

વાચકોએ નોંધ લેવી
કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.
વ્યવસ્થાપક: સૌરાષ્ટ્ર ક્રાંતી

કેન્દ્ર સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ગણપત યુનિવર્સિટીને ઉચ્ચ કક્ષાનું ''ફોર સ્ટાર ઇનોવેશન રેન્કિંગ '' એનાયત થયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૨૮

તાજેતરમાં ભારત સરકારના શિક્ષણ વિભાગના એક સેલ ''ઇનોવેશન સેલ'' દ્વારા ગણપત યુનિવર્સિટીને ઉચ્ચ કક્ષાનું ''ફોર સ્ટાર ઇનોવેશન રેન્કિંગ '' એનાયત કરવામાં આવ્યું છે.

ગણપત યુનિવર્સિટીમાં થતા રહેતા અભ્યાસ, સંશોધનો અને ઇનોવેશન્સ માટે ''ઇન્સ્ટિટ્યુશન ઇનોવેશન કાઉન્સિલ'' કાર્યરત છે. આ ઇનોવેશન કાઉન્સિલની ગતિવિધિની શ્રેષ્ઠતાને પારખીને કેન્દ્ર સરકારના શિક્ષણ વિભાગના ઇનોવેશન સેલ દ્વારા આ રેન્કિંગ ગણપત યુનિવર્સિટીને એનાયત થયું છે. રિસર્ચ, સંશોધન, એન્ટરપ્રિન્યોરિયલ ઈકોસિસ્ટમ તેમજ વિદ્યાર્થીઓના કેપેસિટિ બિલ્ડિંગના કાર્યમાં યુનિવર્સિટી દ્વારા થતા નિષ્ઠાપૂર્વકના કઠોર પરિશ્રમને મળેલું આ બહુમાન છે, જેને અનુસરીને જ શિક્ષણ વિભાગે સર્વશ્રેષ્ઠ ''ફોર સ્ટાર ઇનોવેશન રેન્કિંગ'' એનાયત કર્યું છે.

દેશના સેન્ટ્રલ ઝોનમાં નવ યુનિવર્સિટીને તેમજ ગુજરાતમાં માત્ર બે જ યુનિવર્સિટીને આ મહામૂલું ફોર સ્ટાર રેન્કિંગ કેન્દ્ર સરકારના શિક્ષણ વિભાગે આપ્યું છે. ગણપત યુનિવર્સિટી માટે એ પણ એક ગૌરવપ્રદ બાબત છે કે દેશની ૪% યુનિવર્સિટીઓને જ આવું ઉચ્ચકક્ષાનું ફોર સ્ટાર રેન્કિંગ મળ્યું છે તેમાં ગણપત યુનિવર્સિટીનો સમાવેશ થયો છે. રિન્યુએબલ એનર્જી, એન્વાયરમેન્ટ, સસ્ટેનેબિલિટી, માઈક્રોગ્રિડ, બેટરી ટેકનોલોજી, નેનો ટેક્નોલોજી, ઇલેકટ્રિક વેહિકલ, એડિટિવ મેન્યુફેક્ચરિંગ (3D પ્રિન્ટિંગ), એ.આઈ., એમ.એલ., ડાટા સાયન્સ, આઈઓટી., ફાઈવ-જી ટેકનોલોજી અને સેમીકંડક્ટર ટેકનોલોજી જેવાં વિવિધ વિદ્યાક્ષેત્રે હાલ ગણપત યુનિવર્સિટીમાં વૈશ્વિક-કક્ષાના અભ્યાસ-સંશોધનો ચાલી રહ્યા છે. અત્યાર સુધીમાં ૩૪૯ વિદ્યાર્થીઓએ ગણપત યુનિ.માં જે-તે વિષયમાં રિસર્ચ કરી પી.એચડી.ની ડિગ્રી હાંસલ કરી છે તો હાલ ૨૮૧ જેટલાં વિદ્યાર્થીઓ વિવિધ વિષયોમાં અભ્યાસ-સંશોધનો કરી પોતાની પી.એચડી. પદવી મેળવવા અભ્યાસરત છે.

ભૂખ્યાને ભોજન આપવું એ જ મહાદાન

મનુષ્ય સાથે પશુ, પક્ષીનાં ભોજનની પણ ખેવના કરો

રાજકોટ,તા.૨૮

ભોજન એટલે કે ખોરાક એ દરેક મનુષ્ય તેમજ દરેક જીવંત પ્રાણીની પ્રથમ અને મહત્વપૂર્ણ જરૂરિયાત છે. આ વિશ્વમાં બધા જ માનવી બે વખતની રોટી કમાવવા માટે જ આખો દિવસ મહેનત કરતા હોય છે, જેથી તેનો પરિવાર ભૂખ્યો ન સૂવે. ભોજન વગર આ પૃથ્વી પર માનવજીવન અશક્ય છે.ભૂખમાં તળપતા પશુ, પક્ષી, પ્રાણી કે વ્યક્તિને ભોજન દેનારના અંતરમાં કદાચ થોડો સંતોષ કે દાન દેવાનો આનંદ થતો હશે, પરંતુ ભોજન પ્રાપ્ત કરનારના અંતરમાં ઈશ્વરનો વ્યક્ત થતો ઉદ્ગાર બહુ શક્તિમાન હોય છે અને એ ઉદ્ગાર ભોજન આપનારને જીવનભર ન્યાલ કરી દે છે. તરસ્યા પ્રાણીને જળપાન કરાવવા માટે તો ધનપતિઓ ઠેકાણે ઠેકાણે પરબો બંધાવે છે મદદ મેળવનારનાં ચહેરાની ખુશી અને મસ્તી, ખરેખર ભગવાનનાં મુખાર્વિંદનું મંદ મંદ હાસ્ય હોય છે. કહેવાય છે કે ભક્તિ ભોજનમાં હોય તો ભોજન પણ પ્રસાદ બને છે. મંદિરે જાવ ત્યારે એક પ્રાર્થના આવી પણ કરજો હે પરમાત્મા ! ભૂખ્યાને ભોજન દે, તરસ્યા ને પાણી દે, દુઃખમાં હોય એને સમજ શક્તિ દે અને

દર્દમાં હોય તેને સહનશક્તિ દે. ભગવત ગીતામાં કહ્યું છે કે, 'જીવિત અસ્તિત્વ ધરાવતી દરેક વસ્તુ, પ્રાણી હોય કે માનવ, તો જ શાંતિથી અને ચિંતામુક્ત જીવી શકે જો તેની પાસે પર્યાપ્ત ખોરાક હોય. દરેક જીવનાં અસ્તિત્વ માટે ખોરાક જરૂરી છે. ખોરાક વરસાદથી પેદા થાય છે અને વરસાદ પરમકૃપાળુ પરમાત્મા પ્રત્યેનાં ત્યાગનાં આધારે જ થાય છે. પરમાત્મા પ્રત્યેનાં સમર્પણ અને ત્યાગ વૈદિક ક્રિયાઓમાંથી ઉદ્ભવે છે.' મનુષ્ય સાથે પશુ, પક્ષીનાં ભોજનની પણ ખેવના કરો.

ધારીનાં ગીરકાંઠા વિસ્તારમાં કમોસમી વરસાદથી ખેતી પાકોને લાખો રૂપિયાનું નુકસાન

ઘઉં, ધાણા, જીરૂ, કઠોળ અને ડુંગળીનો પાક તહસનહસ થયો

(મિલાપ રૂપારેલીયા દ્વારા)

અમરેલી, તા.૨૮

અમરેલી જિલ્લામાં ગઈકાલે પડેલા કમોસમી વરસાદના કાળા કહેરથી જગતના તાતને વ્યાપકપણે નુકશાનીઓ થઈ છે. ને ગઈકાલે અમરેલી જિલ્લામાં સાર્વત્રિક ૧૧ તાલુકામાં પડેલા કમોસમી વરસાદથી ઘઉં, ધાણા, જીરૂં, કઠોળ સાથે ડુંગળીના પાકને કમોસમી વરસાદે તહસનહસ કરી નાખતા ધારી ગીર પંથકના ખેડૂતોની દશા કફોડી થવા પામી છે. ધારી તાલુકાનાં ગીરનું હરીપરા ગામ ખેતી આધારિત ગામ છે જેમાંસ્થાનિક ખેડૂતોએ પોતાની વાડી ખેતરમાં ઘઉ, ધાણા, જીરૂં, કઠોળ અને ડુંગળી જેવા પાકોના વાવેતર કર્યા હતાં. ગઈકાલે અહી

આફતરૂપી ત્રાટકેલા કમોસમી વરસાદે ખેડૂતોની સારી ઉપજની આશાઓ પર પાણી ફેરવી દીધું હતું. અને ખેતીપાકો નષ્ટ થઈ ગયા હતા જેને કારણે જગતના તાતની મુશ્કેલીઓ વધવા પામી છે. હજુ ચોમાસમાં પાછોતરા વરસાદથી ખેતીપાકોમાં પોષણક્ષમ ભાવો સાથે પૂરતી ઉપજ નહી આવતા ખેડૂતોને રવિપાકમાં લાભ મળવાની આશાઓ પણ ઠગારી નીવડી હોય તેમ કમોસમી માવઠાના મારથી ધારી તાલુકાના ખેડૂતો આકુળ વ્યાકુળ થઈ ઉઠયા છે.

અમરેલી જિલ્લામાં ગઈકાલે

પડેલો કમોસમી માવઠાના અસહ્ય મારથી ખેડૂતને પછડાટ મળી છે અને ખેતીપાકોને નુકશાનીઓ થઈ છે. અને ઘઉં, ધાણા જીરૂં, ડુંગળી જેવા પાકોને કમોસમી માવઠાના મારથી ખેતી પાકોની ઉપજ કમોસમી વરસાદના ઠંડા પાણીને કારણે ફાલ આગળ વધતો અટકાવી શકે છે. હવે ખેડૂતોને નવું વાવેતર કરવું કે આ વાવેતરમાં જ રોડવવું તે એક યક્ષ પ્રશ્ન ખેડૂતોને સતાવી રહ્યો છે. ત્યારે હજુ ગઈકાલે વરસાદના આગલા દિવસે દવાઓના છટકાવ કર્યો હતો ને બીજા દિવસે ત્રાટકેલા કમોસમી વરસાદે ખેડૂતોની દશા કફોડી કરી દેતા સરકાર પાસે સહાયની માંગ ધારી ગીરના ખેડૂતો કરી રહ્યા છે . ખેતીપ્રધાન દેશમાં ખેતી કરીનેદિવસ રાત કાળી મજૂરી કરીને ખેત પેદાશો ઉત્પન્ન કરતા જગતના તાત ઉપર અણધારી આફતો આકાશમાંથી ઉતરી આવી અને ખેતીપાકોને નેસ્ત નાબુદ કર્યા છે ત્યારે આવા ખેડૂતોનો સર્વે કરીને જગતના તાતની નુકશાનીમાં સહાયનું થાબડભાણું સરકાર આપશે કે કેમ તે તો સમય જ બતાવશે.

નાની વયમાં ઉદ્યોગસાહસિકતાના કૌશલ્યોને પ્રોત્સાહિત કરવા

SGIS ખાતે ધોરણ ૬ થી ૯ના વિદ્યાર્થીઓ માટે બિઝનેસ બિલ્ડીંગ કોમ્પીટીશનનુ આયોજન કરાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૨૮

રાજકોટની જાણીતી સ્વામિનારાયણ ઈન્ટરનેશનલ સ્કૂલ (SGIS)માં બાળકોને વિવિધ પ્રવૃતિઓ અને સ્પર્ધાઓના માધ્યમથી તેમનામાં જાગૃત કે અજાગૃત અવસ્થામાં પડેલા કૌશલ્યોને દિશા અને આકાર આપવામાં આવે છે. તાજેતરમાં ધોરણ ૦૬ થી ૦૯માં અભ્યાસ કરતા બાળકો માટે ઉદ્યોગસાહસિકતાના ગુણોને યોગ્ય દિશા આપવા માટે બિઝનેસ બિલ્ડિંગ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાનો હેતુ બાળકોમાં માર્કેટિંગ વ્યૂહરચના સાથે બિઝનેસ આઈડિયા થકી જે-તે બિઝનેસનું વિસ્તરણ કેવી રીતે કરવું તે જણાવવાનો હતો.આ સ્પર્ધા અંગે

SGISના શૈક્ષણિક નિયામક શ્રીકાંત તન્ના એ જણાવ્યું હતું કે દરેક બાળકમાં કોઈ એક શ્રેષ્ઠ કૌશલ્ય રહેલું હોય છે જેનો શાળાકક્ષાએ યોજાતી વિવિધ સ્પર્ધાઓના માધ્યમથી સાક્ષાતકાર થાય છે. આ સ્પર્ધામાં ભાગ લેનાર જુનિયર સાહસિકોએ ઉત્તમ અને નવીનતાસભર વિચારો સાથે ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં તેઓએ અવનવી બનાવટો જેમ કે, હર્બલ શેમ્પૂ, રૂમ હિટર, ચોકલેટ મશીન, વેન્ડિંગ મશીન, ચાલતી રમકડાની કાર, એલાર્મ ગેમ, ઓર્ગેનિક ખેતી વગેરે જેવા મુદ્દાઓ ઉપર તેમના વિચારોના આધારે વસ્તુઓને આકાર આપીને તેમના કૌશલ્યોનો પરિચય આપ્યો હતો. બિઝનેસ બિલ્ડીંગ કોમ્પીટીશનમાં ભાગ લેનાર તમામ બાળકોએ રજુ કરેલા પ્રોજેક્ટને વિવિધ માપદંડોના આધારે ક્રમાંક આપવામાં આવ્યો હતો. જેમાં વિષયને જુદી અને નવીનતમ દ્રષ્ટીકોણથી વિચારી આકાર આપવો, તેની બનાવટમાં કરવામાં આવેલો લઘુતમ ખર્ચ, તેનો મહત્તમ નફો અને સૌથી અગત્યનું પાસું જે-તે પ્રોજેક્ટને નિર્ણાયકો સમક્ષ આત્મવિશ્વાસ સાથે રજુ કરીને સમજુતી આપવી આવા અનેક મુદ્દાઓને ધ્યાનમાં રાખીને વિજેતાની ઘોષણા કરવામાં આવી હતી. આ સ્પર્ધામાં ભાગ લેનાર અને વિજયી થનાર તમામ વિદ્યાર્થીઓને તેના કૌશલ્યને પ્રદર્શિત કરવા બદલ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલના સંતો અને શૈક્ષણિક નિયામક શ્રીકાંત તન્ના એ અભિનંદન પાઠવ્યા હતા.

સનાતન ધર્મ રક્ષક સમિતિ દ્વારા રામ મંદિર-અયોધ્યા જેવી આબેહૂબ પ્રતિકૃતિ કરશે તૈયાર

જય શ્રી રામના નાદથી ગુંજી ઉઠશે રાજકોટ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ તા.૨૮

આપણા ભારત રાષ્ટ્રમાં અયોધ્યાનગરી કે જેની સાથે કરોડો હિન્દૂઓની આસ્થા જોડાયેલી છે ત્યાં આગમી તા.૨૨ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ મર્યાદાપુરૂષોત્તમ શ્રી રામ બિરાજીત થવા જઇ રહ્યા છે. હાલ અયોધ્યાનગરી મધ્યે મર્યાદાપુરૂષોત્તમ ભગવાન શ્રી રામના ભવ્ય અને દિવ્ય મંદિરનું નિમાર્ણ કાર્ય પૂરાજોશમાં ચાલી રહ્યું છે ત્યારે આ ઘડીની વાટ આખુ રાષ્ટ્ર જોઇ રહ્યું છે. આ દિવ્ય અને ભવ્ય મહોત્સવની તૈયારીઓ આખા દેશમાં ચાલી રહી છે ત્યારે રાજકોટ શહેરમાં તા. ૧૭ જાન્યુઆરી ૨૦૨૪ થી તા. ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ સુધી શ્રી સનાતન ધર્મ રક્ષક સમિતિ-ગુજરાત દ્વારા પણ એક ભવ્ય મહોત્સવનું આયોજન કરવામાં આવનાર છે.

શ્રી રામલાલા અયોધ્યાનગરીમાં બિરાજે તે પૂર્વે રાજકોટ શહેર તા. ૧૭ જાન્યુઆરીના રોજ એક ઐતિહાસિક શોભાયાત્રાનું આયોજન કરવામાં આવનાર છે. આ શોભાયાત્રામાં ૫૦૦૦ ટુ-વ્હીલર ,૨૦૦૦- ફોર વ્હીલર જોડાશે. ૫૦૦થી વધુ સાધુ-સંતોની ઉપસ્થિતીમાં શોભાયાત્રા રાજકોટ શહેરના રાજમાર્ગો પર નીકળશે. દિવ્ય અને ભવ્ય મહોત્સવના ભાગરૂપે રાજકોટ ખાતે શ્રી સનાતન ધર્મ રક્ષક સમિતિ-ગુજરાત દ્વારા અયોધ્યા રામ મંદિર જેવી આબેહૂબ ૧૦૦,૬૫ ફૂટની પ્રતિકૃતિ તૈયાર કરવામાં આવશે. આ પ્રતિકૃતિની ઉંચાઇ ૩૫ ફૂટ જેટલી રાખવામાં આવશે. જે મંદિરની પ્રતિકૃતિમાં પૂર્ણપુરુષોતમ ભગવાન શ્રીરામની ૫૧ ફૂટની પ્રતિકૃતિ દર્શનાર્થે મુકવામાં આવનાર છે. જેના દર્શન કરી રાજકોટની ધર્મપ્રેમી જનતા ધન્યતા અનુભવી શકશે.

ઉપરાત મંદિર પટાંગણમાં અયોધ્યાનગરીના જોવાલાયક તેમજ દર્શન કરવા લાયક મુખ્ય ફલોટ્સ લોકોને મંત્રમુગ્ધ કરી દેશે.આ મહોત્સવમાં દરોજજ હજારો દિવડાઓથી શ્રીરામ લલ્લાની આરતી કરવામાં આવશે. જેમાં લોકો દીવડા સાથે આરતી કરવાનો લ્હાવો પણ લઇ શકશે.ઉપરાંત મહોત્સવમાં દરોજજ અલગ અલગ પ્રકારના કાર્યક્રમ થવા જઇ રહ્યા છે. જેમાં દરોજજ હજારો દિવડાઓની આરતી સાથે દરોજજ રાત્રીના સમયમાં નામી-અનામી કલાકરોની ઉપસ્થિતિમાં લોકડાયરો-હસાયરી યોજાનારો છે. સુપ્રસિદ્ધ કલાકારો તેમના સ્વરરૂપી શબ્દોથી દેશભક્તિનો રસ પીરસવા જઇ રહ્યા છે.

ત્યારે આ મહોત્સવનો લાભ લેવા રાજકોટ-સૌરાષ્ટ્રની ધર્મપ્રેમી જનતાને શ્રી સનાતન ધર્મ રક્ષક સમિતિ-ગુજરાત દ્વારા આહવાન કરવામાં આવ્યું છે. કમર્યક્રમ અંગેની વધુ રૂપરેખા ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.

રાજકોટ શહેર ભાજપ દ્વારા 'મન જાહેરમાં કચરો ફેંકી ગંદકી ફેલાવનાર ૧૮ નાગરિકો સામે દંડની કાર્યવાહી

કી બાત' કાર્યક્રમ નિહાળાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૨૮

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા દર માસના અંતિમ રવીવારે 'મન કી બાત' કાર્યક્રમ યોજવામાં આવે છે ત્યારે શહેરના તમામ બુથમાં પાર્ટીના કાર્યકર્તાઓ દ્વારા 'મન કી બાત' કાર્યક્રમ રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશીના માર્ગદર્શન હેઠળ તેમજ ભાજપ આગેવાનોની ઉપસ્થિતીમાં ''મન કી બાત' કાર્યક્રમ નિહાળવામાં આવેલ હતો. આ તકે પ્રદેશ ભાજપ ઉપાધ્યાક્ષ ડો.ભરતભાઈ બોધરા, બીનાબેન આચાર્ય, સાંસદ મોહનભાઈ કુંડાળીયા,રામભાઈ મોકરીયા, ભાનુબેન બાબરીયા, ઉદયભાઈ કાનગડ, ડો.દર્શિતાબેન શાહ, રમેશ ટીલાળા, મેયર નયનાબેન પેઢડીયા, કમલેશ મીરાણી, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી,મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા તેમજ તમામ વોર્ડના પ્રમુખો, બુથ કાર્યકર્તાઓ સહીતના બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

આ 'મન કી બાત' ના કાર્યક્રમની વ્યવસ્થા રાજકોટ શહેર ભાજપ મનકી બાત ના ઇન્ચાર્જ મહેશ રાઠોડ વિધાનસભા-૬૮ પરાગ મહેતા, વિધાનસભા-૬૯ માં દશરથભાઈ વાળા, વિધાનસભા-૭૦ માં યોગેશ ભુવા અને વિધાનસભા-૭૧ માં રસિકભાઈ કાવઠીયા તેમજ કાર્યાલય ખાતેથી હરેશભાઈ જોષી વ્યવસ્થા સંભાળી હતી.

૨૧ કી.ગ્રા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૨૮

સ્વચ્છતા એ જ સેવા અભિયાનના ભાગરૂપે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ગત તા.૧૫/૧૦થી તા.૧૬/૧૨ દરમ્યાન સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવેલ છે જે અંતર્ગત રાજકોટ શહેરને પ્લાસ્ટીક મુકત કરવા તથા લોકોમાં સફાઇ અંગે જાગૃતિ આવે તે માટે આજરોજ રાજકોટ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા ત્રણેય ઝોનમાં ઝુંબેશના રૂપમાં સઘન સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી જેમાં ત્રણેય ઝોનમાં જાહેરમાં ગંદકી ફેલાવતા અને કચરો ફેંકતા કુલ ૧૮ નાગરિકો સામે દંડની કાર્યવાહી કરવામાં આવેલ અને ૨.૧ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ.

રાજકોટ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના મધ્ય ઝોનના વોર્ડ નં.૦૨, ૦૩, ૦૭, ૧૩, ૧૪ તથા ૧૭ના વોર્ડના સેનેટરી ઇન્સપેકટર તથા સેનેટરી સબ-ઇન્સપેકટરની ટીમ દ્વારા સઘન સફાઇ, પ્રતિબંધિત પ્લાસ્ટીક ચેકીંગ તથા જાહેરમાં ન્યુસન્સ કરતા નાગરિકોને દંડ કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે. જે દરમ્યાન મધ્ય ઝોન વિસ્તારમાં કુલ-૪ નાગરિકો જાહેરમાં ન્યુસન્સ કરતા તેમની સામે જરૂરી કાર્યવાહી કરવામાં આવેલ અને ૦૧ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ.

રાજકોટ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના પશ્ચિમ ઝોનના વોર્ડ નં.૦૧, ૦૮, ૦૯, ૧૦, ૧૧ તથા ૧૨ ના વોર્ડના સેનેટરી ઇન્સપેકટર તથા સેનેટરી સબ-ઇન્સપેકટરની ટીમ દ્વારા સઘન સફાઇ, પ્રતિબંધિત પ્લાસ્ટીક ચેકીંગ તથા જાહેરમાં ન્યુસન્સ કરતા નાગરિકોને દંડ કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે. જે દરમ્યાન પશ્ચિમ ઝોન વિસ્તારમાં કુલ-૧૧ નાગરિકો જાહેરમાં ન્યુસન્સ કરતા તેમની સામે જરૂરી કાર્યવાહી કરવામાં આવેલ અને ૧ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ.

રાજકોટ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના પુર્વ ઝોનના વોર્ડ નં.૦૪, ૦૫, ૦૬, ૧૫, ૧૬ તથા ૧૮ ના વોર્ડના સેનેટરી ઇન્સપેકટર તથા સેનેટરી

નાગરિકઓને દંડ કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે. જે દરમ્યાન પૂર્વ ઝોન વિસ્તારમાં કુલ-૦૩ નાગરિકો જાહેરમાં ન્યુસન્સ કરતા તેમની સામે જરૂરી કાર્યવાહી કરવામાં આવેલ અને ૦.૧ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ. ઉપરોકત કામગીરી મ્યુનિ. કમિશનર આનંદ પટેલની સુચના અને નાયબ કમિશનરના માર્ગદર્શન અન્વયે રાજકોટ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના પર્યાવરણ ઇજનેર એન.આર.પરમાર તથા નાયબ પર્યાવરણ ઇજનેર પી.સી.સોલંકી, વી.એમ.જીંજાળા અને ડી.યુ.તુવરની આગેવાની હેઠળ એસ.આઇ. તથા એસ.એસ.આઇ. દ્વારા પ્રતિંબંધીત પ્લાસ્ટીક ચેકીંગ તથા જાહેરમાં ન્યુસન્સ કરતા નાગરિકઓને દંડ કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હતી.

નસીલી શીરપ વેચાણના આરોપીની આગોતરા જામીન અરજી રદ

રાજકોટ,તા.૨૮

રાજકોટમાં ડી.સી.પી. પોલીસે બોગસ આર્યુવેદિક શીરપ પકડી પાડેલ અને તેને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં તપાસમાં મોકલતા તેમાં આલ્કોહોલ અને ઈથાઈલ આલ્કોહોલ હોવાનું માલુમ પડેલ. તે ગુન્હામાં પોલીસે ૭૩ લાખથી વધુ કિંમતનું નસીલી શીરપ પકડી પાડેલ અને તે ગુન્હામાં નાસતો ફરતો આરોપી રાહુલભાઈ અશ્વિનભાઈ કોટેચા રહે. મોરબી વાળાએ સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરતા સરકારી વકીલ હાજર રહેલ. અને જામીન અરજીનો વિરોધ કરતા રજુઆત કરેલ કે આરોપી સામે સમાજ વિરોધી ગંભીર પ્રકારનો નસીલા પદાર્થ વેચાણનો ગુન્હો છે. આવા ગુન્હાના આરોપીને જામીન આપવા જોઈએ નહિ. જો તેને જામીન આપવામાં આવશે તો ફરી પાછા આવા ગુન્હા કરશે અને સમાજના યુવાધનને નશાની લત લગાડી અને કુટુંબોને બરબાદ કરી નાખશે. તે રજુઆતને ધ્યાને લઇ સેશન્સ જજ જે.ડી.સુથારે આરોપીની આગોતરા જામીન અરજી રદ કરેલ છે. આ કેસમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયેલ હતા.

એન.ડી.પી.એસના ગુન્હામાં આરોપીની રેગ્યુલર જામીન અરજી રદ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૨૮

એડીશ્નલ ડિસ્ટ્રીક એન્ડ સેશન્સ કોર્ટે આરોપી મહમદ ફયાઝ ગલાણીની ચાર્જશીટ બાદની જામીન અરજી નામંજુર કરેલ હતી. ગુન્હાની હકીકત એવી છે કે આરોપી સામે આજોડેમ પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધાયેલ હતો અને તેની ધોરણસર અટક થયેલ હતી.

આ કેસમાં સરકાર પક્ષે સરકારી વકીલ પરાગ એન. શાહ હાજર રહેલા અને તેઓએ દલીલ કરેલી કે આરોપીના કોન્સીયસ પઝેશનમાંથી મેફેડ્રોન (એન.ડી.પી.એસ સબસ્ટન્સ) નો ૧૧.૧૧ ગ્રામનો જથ્થો મળી આવેલ છે અને જેની કવોંટીટ જોતા તે ઈન્ટર મીડીયેટ કવોંટીટમાં આવે છે. મેફેડ્રોન ખૂબજ ગંભીર પ્રકારનો નારકોટીકસ સબસ્ટન્સ છે. આરોપીની સીઝર મેમોમાં સહી છે અને વિશેષમાં જોઇએ તો તેની કોલ ડીટેઇલ મેળવવ-ામાં આવેલ છે અને તે અંગેનું એવીડન્સ એકટ-૬૫(બી)મુજબનું પ્રમાણપત્ર મેળવવામાં આવેલ છે તે જોતા તે અન્ય આરોપીના સતત કોન્ટેકટમાં હોઇ તેવુ સ્પષ્ટ પણે ફલીત થાય છે. આરોપી જે મહારાષ્ટ્રમાં જે મેફેડ્રોનનો જથ્થો લેવા ગયો હતો અને તેના માટે પૈસા ત્યાંના એ.ટી.એમ.માંથી ઉપાડેલ હતા જેના સી.સી.ટી.વી. ફુટેજમાં તેની સ્પષ્ટપણે હાજરી ફલીત થાય છે.અને તેનુ એવીડન્સ એકટ-૬૫(બી) મુજબનું પ્રમાણપત્ર મેળવવામાં આવેલ છે. જે અન્ય આરોપીને જામીન મળેલા છે ચાર્જશીટ પહેલા પણ આરોપીની રેગ્યુલર જામીન અરજી કોર્ટે નામંજુર કરેલ હતી.

સરકારી વકીલની દલીલો, પોલીસ પેર્પસ, પોલીસ અભિપ્રાય, આરોપીની વર્તણુક, આરોપી નો રોલ, સરકાર તરફે રજુ કરવામાં આવેલા ઉચ્ચ અદાલતોના ચુકાદાઓ વગેરે ધ્યાને લઇ આરોપીની ચાર્જશીટ બાદની જામીન અરજી નામંજુર કરેલ છે. આ કેસમાં સરકાર પક્ષે સરકારી વકીલ પરાગ એન. શાહ રોકાયેલ હતા.

સીસીટીવી કેમેરા મારફત ૧૩ વ્યકિતઓને જાહેરમાં પાન-ફાકી ખાઈ થુંકતા ઈ-ચલણ દ્વારા દંડ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૨૮

કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર દ્વારા ન્યુસન્સ પોઈન્ટ ખાતે કચરો ફેંકતા લોકો ને તેમજ પ્રતિબંધિત પ્લાસ્ટીક વાપરનારા, જાહેરમાં ન્યુસન્સ કરતા આસામીઓ ને તેમજ જાહેરમાં પાન-ફાકી ખાઈ થુંકનાર ને સીસીટીવી કેમેરા ના માધ્યમ દ્વારા ઝડપી લઈ દંડ વસુલાત ની કામગીરી હાથ ધરવામાં આવેલ છે, જે અંતર્ગત તા.૨૭ના રોજ ૧૩ વ્યક્તિઓને સીસીટીવી કેમેરા મારફત જાહેરમાં પાન-ફાકી ખાઈને થુંકતા તેઓ ને ઈ-ચલણ દ્વારા દંડ કરવામાં આવેલ છે. કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરના કુલ ૧૦૦૦ કેમેરા દ્વારા દિનભરમાં ૧૧૫૦ લોકેશન ચેક કરવામાં આવેલ, જે અંતર્ગત કુલ ૨૦૩ સફાઈ કામદારો ની સફાઈ કામગીરી નું નિરીક્ષણ કરવામાં આવેલ છે, જે દરમ્યાન ગત તા.૨૭ના રોજ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાની સફાઈ

બાબત ની ૧૭ ફરિયાદો સીસીટીવી કન્ટ્રોલ રૂમ દ્વારા ફરિયાદી બની કરવામાં આવેલ હતી. આ ફરિયાદો નું ફોલોઅપ જે તે વિસ્તાર ના સેનીટરી ઈન્સ્પેકટર પાસેથી મેળવી ૨૪ કલાક માં ફરિયાદ નુ નિવારણ કરવામાં આવેલ છે. ઉપરોકત કામગિરી મ્યુનિ. કમિશનર આનંદ પટેલના આદેશ અને નાયબ કમિશનરના સુપરવિઝન હેઠળ, કમાંડએન્ડ કંટ્રોલ સેન્ટરનાં નોડલ ઓફિસર વત્સલ પટેલ તેમજ તાબા હેઠળનાં સ્ટાફ દ્વારા કામગીરી હાથ ધરવામાં આવેલ હતી.તેમ જણાવ્યું છે.

શહેરની એન્ટ્રી-એકઝીટ પોઈન્ટ ખાતેથી ૯ ટન કચરાનો નિકાલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૨૮

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરને પ્લાસ્ટીક મુકત કરવા તથા લોકોમાં સફાઇ અંગે જાગૃતિ આવે તે માટે શહેરના એન્ટ્રી / એક્ઝીટ પોઈન્ટ ખાતેથી ૯ ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ.

પશ્ચિમ ઝોન વિસ્તારનાં વિવિધ એન્ટ્રી / એક્ઝીટ પોઈન્ટ ખાતેથી કુલ ૨.૫ ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ, તેમજ પૂર્વ ઝોન વિસ્તારના વિવિધ એન્ટ્રી / એક્ઝીટ પોઈન્ટ ખાતેથી કુલ ૬.૫ ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ.

ઉપરોકત કામગીરી મ્યુનિ.કમિશનર આનંદ પટેલની સુચના અને નાયબ કમિશનરના માર્ગદર્શન અન્વયે રાજકોટ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના પર્યાવરણ ઇજનેર એન.આર.પરમાર તથા નાયબ પર્યાવરણ ઇજનેર પી.સી.સોલંકી, વી.એમ.જીંજાળા અને ડી.યુ.તુવરની આગેવાની હેઠળ એસ.આઇ. તથા એસ.એસ.આઇ. દ્વારા પ્રતિંબંધીત પ્લાસ્ટીક ચેકીંગ તથા જાહેરમાં ન્યુસન્સ કરતા નાગરિકઓને દંડ કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હતી. તેમ જણાવ્યું છે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
જાહેર નોટીસ
કોર્ટ નોટીસ
જાહેર ચેતવણી
દાવાનાં સમન્સ
વગેરે પ્રસિધ્ધ કરાવો
ફકત રૂા.૬૦માં
+5%GST
(પ્રતિ કોલમ સે.મી.અંદર પાને)
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

શહેરના ૧૦૪ ન્યુસન્સ પોઈન્ટ ખાતે સઘન સફાઈ કરી ૨૧.૬ ટન કચરાનો નિકાલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૨૮

સ્વચ્છતા એ જ સેવા અભિયાનના ભાગરૂપે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવેલ છે જે અંતર્ગત રાજકોટ શહેરને પ્લાસ્ટીક મુકત કરવા તથા લોકોમાં સફાઇ અંગે જાગૃતિ આવે તે માટે આજરોજ રાજકોટ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા ત્રણેય ઝોનના ૧૦૪ ન્યુસન્સ પોઈન્ટ ખાતે સઘન સફાઈ કામગીરી કરી ૨૧.૬ ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ.

ન્યુસન્સ પોઈન્ટ સહીત શહેરના તમામ મુખ્ય માર્ગો પર સઘન સફાઈ કામગીરી કરવામાં આવે છે અને દરેક મુખ્ય માર્ગ પર નિમણુંક કરેલ પ્રભારી ઓફિસર દ્વારા સફાઈ કામગીરીનું સુપરવીઝન કરવામાં આવે છે.

ઉપરોકત કામગીરી મ્યુનિ.

કમિશનર આનંદ પટેલની સુચના અને નાયબ કમિશનરના માર્ગદર્શન અન્વયે રાજકોટ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના પર્યાવરણ ઇજનેર એન.આર.પરમાર તથા નાયબ પર્યાવરણ ઇજનેર પી.સી.સોલંકી, વી.એમ.જીંજાળા અને ડી.યુ.તુવરની આગેવાની હેઠળ એસ.આઇ. તથા એસ.એસ.આઇ. દ્વારા પ્રતિંબંધીત પ્લાસ્ટીક ચેકીંગ તથા જાહેરમાં ન્યુસન્સ કરતા નાગરિકઓને દંડ કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હતી.

રોકાણ કારોના કુલ રૂ.૧૪.૮૫ કરોડ ઓળાવી જવાના ગુન્હામાં આરોપી જામીન મુકત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૨૮

ફરિયાદી હિમાંશુભાઈ ચંદુલાલ મહેતા જે શિક્ષક તરીકે નોકરી કરે છે ફરિયાદી અને ૧૯૯૯માં જામનગર ખાતે અભ્યાસ કરતા હતા ત્યારે તેમનો સંપર્ક ભાવેશ પ્રવીણચંદ્ર મહેતા સાથે થયેલો હતો અને આ ભાવેશભાઈ મહેતા જામનગર લાલ બંગલા પાસે મહાવીર પ્રોવિઝન સ્ટોર નામથી દુકાન ચલાવતા હતા. ત્યાર-બાદ સને ૨૦૧૪માં આ ભાવેશભાઈ પ્રવીણચંદ્ર મહેતા તથા તેઓની સાથે નિઝારભાઈ આળતીયાની ઓળખાણ કરાવી આ નિઝારભાઈ પોતે શિક્ષક હોવાનું જણાવેલ અને ભાવેશભાઈએ ફરિયાદીને જણાવેલ કે તેઓએ નવો બિઝનેસ ગોલ્ડ ટ્રેડિંગ તથા કરન્સી ટ્રેડિંગ નો શરૂ કરેલ છે જેમાં ખૂબ સારી કમાણી છે તેમ જ આમાં રોકાણ કરો. પરંતુ જે તે સમયે ફરિયાદીએ ધ્યાન આપેલું નહીં અને ત્યારબાદ ફરીથી અને ૨૦૧૮માં ભાવેશભાઈ તથા નિઝારભાઈ ફરિયાદી પાસે આવેલા અને કહેલ કે ગોલ્ડ ટ્રેડિંગ તથા કરન્સી ટ્રેડિંગમાં રોકાણ કરી સારો એવો નફો મેળવેલ છે અને તમે રોકાણ કરશો તો તમને પણ સારો એવો નફો આપીશું તેવું જણાવેલ હતું. ત્યારબાદ ફરિયાદી જામનગર મુકામે ગયેલા જ્યાં ભાવેશભાઈ નિઝારભાઈ અને તેમના ભાગીદાર દોલતભાઈ આહુજા હાજર હતા જ્યાં નિઝારભાઈ આળતીયાએ સ્કીમ સમજાવેલી અને જણાવેલ કે એક વર્ષ માટે પાંચ લાખ રૂપિયા રોકાણ કરો તો દર મહિને ત્રણ ટકા વળતર મળશે અને સિક્યુરિટી પેટે તમને પ્રોમિસરી નોટ લખી આપીશું તેમજ ચેક પણ આપીશું અને અમો દુબઈ ઓફિસથી કામ કરીએ છીએ અને તમે દુબઈ આવો જેથી ફરિયાદી તપાસ કરવા માટે દુબઈ ગયેલા હતા અને દુબઈ મુકામે ફરિયાદી ત્રણ દિવસ રોકાયેલા હતા અને આ બિઝનેસ અંગે તપાસ કરતા ફરિયાદીને બિઝનેસ યોગ્ય લાગેલ હતો અને જેથી ફરિયાદીએ તેમની સાથે કામ કરવાનું નક્કી કરેલું હતું. ત્યારબાદ આ કામના ફરિયાદીએ સને ૨૦૧૯ થી લઈને શને ૨૦૨૧ સુધીમાં કુલ રૂપિયા ૨,૩૭,૫૦,૦૦૦ જેવી માતબર રકમનું રોકાણ કરેલ હતું તદુપરાંત આ સ્કીમમાં અન્ય ૨૦૦ જેટલા લોકોએ મળીને કુલ ૧૪ કરોડ ૮૫ લાખ ૪૦ હજાર જેટલી રકમનું રોકાણ કરેલ હતું તેમજ આરોપીઓએ આ તમામ લોકોને પ્રોમિસરી નોટો પણ લખી આપેલી હતી તેમજ સિક્યુરિટી પેટે ચેક પણ આપેલા હતા અને ત્યારબાદ આરોપીઓ દ્વારા ફરિયાદી કે અન્ય રોકાણકારોને યોગ્ય રીતે કોઈ વળતર આપેલું નહીં અને ફરિયાદી જ્યારે જ્યારે ભાવેશભાઈ ને ફોન કરતા ત્યારે તેઓએ ફક્ત બહાના જ દેખાડેલા અને કોઈ વળતર ચૂકવેલ નથી તેમ જ ફરિયાદીને શંકા ગયેલ કે ભાવેશભાઈ ભારત છોડી વિદેશ જતા રહેવાના છે જેથી ફરિયાદીએ પોલીસમાં અરજી કરેલી અને જે અરજી અંગેની તપાસ પૂર્ણ થતા ફરિયાદ નોંધાયેલી હતી. આ કામમાં તપાસ દરમિયાન તંજીલાબેન નિઝરભાઈ આળતીયા પણ સંડોવાયેલા હોય તેવું ખુલતા આરોપીની ધરપકડ થયેલ હતી.

ચાર્જશીટ થયા બાદ આરોપી તંજીલાબેન નિઝરભાઈ આળતીયા પોતાના એડવોકેટ મારફત જામીન મુક્ત થવા ગુજરાત હઈકોર્ટમા અરજી કરેલ હતી. જે અન્વયે આરોપીઓ વતી રોકાયેલ એડવોકેટએ કરેલ દલીલ તેમજ જામીન અરજી સંદર્ભે હાઈકોર્ટ તેમજ સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ ધ્યાનમા રાખી ગુજરાત હાઈકોર્ટ કોર્ટ દ્વારા આરોપીઓ જામીન મુક્ત્ત કરવાનો હુકમ ફરમાવેલ હતો. આ કામે આરોપીઓ વતી રાજકોટના એડવોકેટ સાહિસ્તાબેન એસ. ખોખર, રણજીતભાઈ એમ. પટગીર તેમજ ગુજરાત હાઈકોર્ટમા એમ.આઈ સૈયદ રોકાયેલ હતા.

કચ્છના સમુરાસર ગામનો વિચિત્ર કિસ્સો

શ્વાન ભેંસને કરડ્યું: હવે ભેંસનું દૂધ પીનારા લોકોને હડકવા વિરોધી રસી આપવા દોડાદોડી

આરોગ્ય કેન્દ્રના ગ્રામજનોને ઇંજેક્શન આપવાનું ચાલુ

રાજકોટ, તા.૨૮

કચ્છમાં એક હડકાયું કૂતરું ભેંસને કરડી જતા અને આજે જે ભેંસનું દૂધ ગામ લોકોને વેંચ્યા બાદ આ દૂધ પીનારા ૧૨૯ વ્યક્તિને એકસાથે હડકવા વિરોધી રસીના ઇંજેક્શન આપવાની ફરજ પડી છે અને દોડાદોડી થઇ પડી છે.

કચ્છના પાવરપટટી પંથકના સુમરાસર ગામે આ બનાવ બન્યો હતો. ગત ૧૦ તારીખે એક હડકાયું શ્વાન ગામમાં પાડીને કરડી ગયું હતું. પાડીના પગના ભાગે બચકું ભરી લીધું હતું પણ તે સમયે કોઈને જાણ ન થઈ અને મામલો સામાન્ય લાગ્યો હતો. બાદમાં આ પાડીએ ભેંસના ધાવણમાંથી દૂધ પીધું અને માલધારીએ પણ આ જ ભેંસનું દૂધ ગામના ફળિયામાં લોકોને ઘરે ઘરે આપ્યું ત્યાં સુધી પણ કોઈને ખબર ન પડી પણ બે દિવસ પછી જે પાડીને શ્વાન કરડી ગયું હતું. તેને સામાન્ય અસર જણાતા માલધારીને શંકા ગઈ અને તેણે ગામમાં જાણ કરી હતી.

જોત જોતામાં વાયુવેગે આ વાત આખા ગામમાં ફેલાઈ ગઈ. હવે તહેવારના દિવસોમાં હડકાયા શ્વાને જે પાડીને બચકું ભર્યું તેની માતા એટલે કે ભેંસના ધાવણમાંથી નીકળેલું દૂધ પીધું છે તેવું જણાતા લોકો ભયમાં આવી ગયા હતા તહેવારની રજાઓ પૂર્ણ થતાની સાથે વાયા વાયા આ વાત સુમરાસર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર અને સ્ટાફ પાસે પહોંચી. જેથી ગામમાં જઈને માહિતી મેળવ્યા બાદ તાલુકામાં જાણ કરાઈ અને તકેદારીના ભાગરૂપે અસરગ્રસ્ત લોકોને રસી આપવાનું નક્કી કરાયું છે. જેથી ગામમાં જ આવેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ગ્રામજનોને બોલાવી હડકવા વિરોધી ટીટી અને એઆરવી ઇન્જેક્શનના ડોઝ આપવામાં આવ્યા છે. કેટલાક લોકો ફરવા માટે બહારગામ ગયા હતા જેઓ પરત આવ્યા બાદ રસી અપાઈ છે તેવું જાણવા મળ્યું છે.

માર્કેટયાર્ડમાં શાકભાજીની હરરાજીમાં 'કાગડા ઉડયા'; જુજ આવક: અનાજ વિભાગમાં નુકશાની અટકી

ધુમ્મસ-ઠંડીને કારણે ગણ્યાગાંઠયા ખેડુતો જ શાકભાજી લાવ્યા-લેનારા પણ ન ફરકયા: વ્યાપક નુકસાનની ભીતિથી ભાવ પર અસર થવાની શકયતા

રાજકોટ,તા.૨૮

રાજકોટમાં વરસેલા માવઠાના વરસાદ-કરાથી ખેતીક્ષેત્રને વ્યાપક નુકશાન થયુ જ છે. પરંતુ માર્કેટયાર્ડમાં આગોતરી વ્યવસ્થાને કારણે નુકશાની અટકી હતી. કપાસ-મગફળી જેવી ચીજોમાં નિયંત્રણો ચાલુ રાખવામાં આવ્યા હતા. બીજી તરફ શાકભાજીની આવકમાં ધરખમ ઘટાડો જોવાયો હતો. સવારની હરરાજીમાં કાગડા ઉડયાનો માહોલ હતો.

માર્કેટયાર્ડના સૂત્રોએ કહ્યું કે, માવઠાની આગાહીને કારણે અગાઉથી જ કેટલાંક નિયંત્રણો મુકી દેવાયા હતા. પ્લેટફોર્મ સિવાય ખુલ્લામાં માલ ઉતારવાની મનાઈ કરવામાં આવી હતી તેવીજ રીતે માલ ઢાંકીને જ રાખવાનું ફરજીયાત કરાયુ હતું. આવા સલામતી પગલાથી યાર્ડમાં પડેલા માલમાં કોઈ ખાસ નુકશાની ન હતી. હજુ એકાદ દિવસ કમોસમી વરસાદની આગાહીને ધ્યાને રાખીને સતાવાળાઓએ આજે પણ મગફળી સહિતની જણસીઓ પ્લેટફોર્મમાં જ રાખવા તથા અન્ય ઉતરાઈ નહીં કરવાની સુચના ચાલુ રાખી હતી.

કપાસની આવક બંધ જ રાખવામાં આવી હતી. અનેક કૃષિ જણસીઓની સીઝન હોવાથી આજે વરસાદી વાતાવરણ છતાં માલની નોંધપાત્ર આવક હતી અને સારા એવા વેપાર થયા હતા. અડદ, મગ, મઠ, મગફળી, લસણની સારી આવક હતી.

બીજી તરફ શાકભાજી યાર્ડમાં કાગડા ઉડયા હતા. જુના યાર્ડમાં સવારે અને બપોરે એમ બે વખત શાકભાજીની હરરાજી થતી હોય છે. પરંતુ કાતિલ પવન સાથે ઠંડીના માહોલ-ખરાબ વાતાવરણ ધુમ્મસને કારણે ગણ્યાગાંઠયા ખેડુતો જ શાકભાજી વેચવા આવ્યા હતા. આ જ રીતે ખરીદી કરવા આવનારા લોકોની સંખ્યા પણ ઘણી ઓછી જ માલુમ પડી હતી.

સૂત્રોના કહેવા પ્રમાણે કાતિલ પવન, ઠંડીના માહોલથી આ સ્થિતિ સર્જાઈ હતી. બપોરની હરરાજીમાં ખેડુતો-વેપારીઓની સંખ્યા મહત્વની બનશે. માવઠાથી શાકભાજીને નુકશાન નિશ્ચિત જ છે. પરંતુ કેટલી હદે થયુ છે અને ભાવ ઉપર કેવીક અસર થાય છે તેના પર મીટ રહેશે. શંકા એવી છે કે કમોસમી વરસાદનું પાણી ઘણુ ઠંડુ હતું. હવે તડકો નિકળે એટલે બચેલો પાક પણ બાકી જવાની ભીતિ રહે છે.

જીંજરા સાફ થઈ ગયાની શંકા છે. મેથી, કોથમરી સહિત અન્ય શાકભાજીને કેટલુ નુકશાન રહે છે અને ભાવ પર કેવીક અસર થાય છે તેના પર નજર રહેશે. ગુજરાતભરમાં સમાન સ્થિતિ હોવાથી હાલત પુર્વવત બનવામાં સમય લાગી જવાનું પણ મનાય છે.

મતદારયાદી સુધારણા ઝુંબેશમાં વધુ ૫૪૫૨ નવા મતદારોની નોંધણી

બીજા તબકકાના અભિયાનમાં નામ ઉમેરવા-કમી કરાવવા, સરનામામાં ફેરફાર માટે ૧૪૦૦૩ મતદારોએ અરજી ફોર્મ બુથો પર સબમીટ કરાવ્યા

રાજકોટ, તા. ૨૮

ચૂંટણી પંચ દ્વારા આગામી લોકસભાની ચૂંટણી સંદર્ભે મતદાર યાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત ગઇકાલે રાજકોટ શહેર-જિલ્લાના ૨૨૨૫ મતદાન બુથો પર હાથ ધરાયેલ ખાસ ઝુંબેશ દરમિયાન ૫૪૫૨ નવા મતદારોના રજિસ્ટ્રેશન થવા પામેલ હતા.

મતદાર યાદી સુધારણા કાર્યક્રમની આ ઝુંબેશ દરમિયાન મતદાન બુથો પર મતદારોના ૧૪૦૦૩ જેટલા ફોર્મ મતદારોને મળ્યા હતા જેમાં મતદાર યાદીમાંથી નામ કરાવવા માટે ૨૧૪૦ મતદારોના અરજી ફોર્મ બી.એલ.ઓ.ને મળ્યા હતા.

આ ઉપરાંત નામમાં સુધારો અને સરનામુ બદલવા માટે ૫૬૫૨ અરજી ફોર્મ (ફોર્મ-૮) મળ્યા હતા. અહીં એ ઉલ્લેખનીય છે કે મતદારયાદી સુધારણા કાર્યક્રમ દરમિયાન મતદારયાદીમાં વધુ મતદારોના રજિસ્ટ્રેશન થાય તે માટે ચૂંટણી તંત્ર દ્વારા પ્રયાસો શરૂ કરવામાં આવી રહ્યા છે.

યુવા મતદારોની મતદાર યાદીમાં વધુને વધુ નોંધણી થાય તે માટે કોલેજોમાં પણ ખાસ કેમ્પ આયોજિત કરવામાં આવી રહ્યા છે. મતદાર યાદીમાં નવા નામ નોંધાવવા તેમજ નામ-સરનામામાં સુધારા-વધારા માટે ગઇકાલે ખાસ ઝુંબેશ દરમિયાન ૧૪૦૦૩ ફોર્મ મળ્યા હતા.

અહીં એ પણ ઉલ્લેખનીય લોકસભાની ચૂંટણી સંદર્ભે ચૂંટણી પંચ દ્વારા તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. જે અંગે ચૂંટણી પંચ દ્વારા કલેકટરો પાસેથી માસ્ટર પ્લાન પણ મંગાવવામાં ઉપરાંત તા. ૫ થી ૧૯ ડિસેમ્બર દરમિયાન દિલ્હી ચૂંટણી પંચ દ્વારા રાજકોટ સહિત રાજયના ૩૩ જિલ્લાના કલેકટરો માટે તાલીમ કાર્યક્રમ આયોજિત કરવામાં આવેલ છે.

માવઠા ઈફેકટ : સીંગતેલમાં રૂ. ૨૦ વધ્યા

કપાસિયા તેલ-પામોલીનમાં પણ રૂ. ૫ થી ૧૦નો ભાવ વધારો

રાજકોટ, તા. ૨૭

ગુજરાતમાં કમોસમી વરસાદથી કૃષિ ક્ષેત્રને વ્યાપક નુકસાનીની આશંકા વચ્ચે ખાદ્યતેલોમાં તેજીની ગાડી દોડવા લાગી છે. સીંગતેલ-કપાસીયા તેલમાં આજે ૧૦થી ૨૦ રૂપિયાનો ભાવ વધારો થઇ ગયો હતો.રાજકોટ તેલબજારમાં સીંગતેલ લુઝ ૧૦ કિલોનો ભાવ ૧૫૭૫થી ૧૬૦૦ આજે હતો. ટેકસ પેઇડ નવા ડબ્બાનો ભાવ રૂ. ૨૦ના સુધારાથી ૨૭૦૫થી ૨૭૫૫ થયો હતો. કપાસિયા તેલ ડબ્બે ૧૦ વધીને ૧૬૨૦થી ૧૬૭૦ થયા હતા. પામોલીન ડબ્બે રૂ. પથી સુધારાથી ૧૪૦૫ થી ૧૪૧૦ થયા હતા.

વેપારીઓના કહેવા પ્રમાણે કેટલાક દિવસોથી મગફળીની આવકો ઘટી ગઇ હોવાના કારણોસર ધીમે સુધારો દેખાવા લાગ્યો જ હતો. રાજયભરમાં ભારે માવઠુ વરસતા આવકને અસર થવા ઉપરાંત ખેડુતોના માલને નુકસાનીની આશંકાથી તેજીના માહોલને ટેકો મળી ગયો છે. કપાસને પણ નુકસાનીની ભતિ છે. આવતા દિવસોમાં હવે બારમાસી ઘરાકી નીકળવાનો આશાવાદ છે ઉપરાંત ચીનની ઇન્કવાયરી પણ હોવાના સંકેતથી ટ્રેન્ડ મજબુત બન્યો છે. એક વર્ગના કહેવા પ્રમાણે સીંગતેલમાં હવે કોઇ મોટો ભાવ વધારો થવાની સંભાવના નથી. બાકી વિશ્વબજારો આધારીત વધઘટ આવી શકે છે.

રાજકોટમાં ગેરકાયદે બાંધકામો નિયમબદ્ધ કરાવવા ૮૨૭૦ અરજી : ૬૦૪૩ પેન્ડીંગ

હજુ અનેક યોજના પેન્ડીંગ: અત્યાર સુધીમાં ૨૧૫૨ અરજી મંજૂર કરાઇ : સરકારી જગ્યા, રોડ પરના બાંધકામવાળી ૭૫ અરજી નામંજૂર

રાજકોટ, તા.૨૭ :

રાજય સરકાર દ્વારા અનઅધિકૃત બાંધકામો યોગ્ય નિયમોના આધારે કાયદેસર કરવાની ઇમ્પેકટ ફી યોજનાને આ વખતે પણ સામાન્ય પ્રતિસાદ મળ્યો છે ત્યારે આજ સુધીમાં કોર્પોરેશનમાં ૮૨૭૦ અરજી ઇનવર્ડ થઇ છે અને હજુ સુધી ૨૧૫૨ જેટલી અરજી મંજૂર કરવામાં આવી છે.

મહાપાલિકાની ટીપી શાખા દ્વારા સત્તાવાર રીતે આપવામાં આવેલી માહિતી મુજબ આ વખતે અમલમાં રહેલી ઇમ્પેકટ ફી યોજના હેઠળ ૮૨૭૦ આસામીએ તેમની માલિકીના અનઅધિકૃત બાંધકામો નિયમબધ્ધ કરાવવા અરજી મૂકી હતી. જેની ટીપી શાખા દ્વારા ચકાસણી કરીને મંજૂરી આપવાની પ્રક્રિયા થતી હોય છે.

તે અંતર્ગત આજ સુધીમાં ૨૧૫૨ અરજી મંજૂર કરીને પ્રમાણપત્ર આપવામાં આવ્યા છે. તો હજુ ૬૦૪૩ અરજીની ચકાસણી હજુ ચાલી રહી છે.મનપા દ્વારા સરકારી જમીન, રસ્તા સહિતની જગ્યા પર બાંધકામ કે સંપૂર્ણ અનઅધિકૃત બાંધકામ જેવી ૭૫ અરજી નામંજૂર કરવામાં આવ્યાનું જણાવવામાં આવ્યું છે.

મનપાની કુલ ૫૬ ટીપી સ્કીમ મંજૂર થઇ છે. જે પૈકી ૩૩ ફાઇનલ, ૬ પ્રિલિમીનરી અને ૧૭ ડ્રાફટ મંજૂર થઇ છે. કોઠારીયા-વાવડી સહિતની ૬ સ્કીમ બનાવવાનું કામ ચાલુ છે. છેલ્લા ત્રણ વર્ષમાં મવડી અને માધાપર સહિત ચાર સ્કીમ બનાવવામાં આવી છે. સરકારમાં ૨૦૨૨થી મવડીની ડ્રાફટ ટીપી ૩૪, ૩૫, ૩૬ અને મવડીની સૂચિત ૨૯, ૩૦ સ્કીમ પેન્ડીંગ છે. કોર્પો. દ્વારા છેલ્લા ૭ વર્ષમાં કુલ ૨૫૬ હાઇરાઇઝ બિલ્ડીંગ પ્લાન મંજૂર કરાયા છે અને ૧૯૮ને ભોગવટા પરવાનગી આપવામાં આવી છે.

રાજ્યમાં નવેમ્બરમાં કમોસમી વરસાદનો ૧૩ વર્ષનો રેકોર્ડ

નવે.માં ગુજરાતમાં સરેરાશ રોજ ૧ મીમી કમોસમી વરસાદના અંદાજ સામે ૨૪ કલાકમાં ૨૭.૩૮ મીમી વરસ્યો

રાજકોટ.તા.૨૮

ગુજરાતને વરસાદ આપતી એક સાથે ત્રણ સિસ્ટમ સક્રિય થવાના કારણે છેલ્લા ૨૪ કલાકમાં ૨૫૧ પૈકી ૨૩૬ તાલુકામાં કમોસમી વરસાદ પડ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં સરેરાશ ૨૭.૩૮ મીમી કમોસમી વરસાદે છેલ્લા ૧૩ વર્ષનો નવેમ્બર મહિનાનો રેકોર્ડ તોડ્યો છે. આ અગાઉ ૨૦૧૦માં સૌથી વધુ ૫૪ મીમી કમોસમી વરસાદ પડ્યો હતો. નવેમ્બરમાં રાજ્યમાં સરેરાશ દરરોજ લગભગ ૧ મીમીથી સામાન્ય વધુ કમોસમી વરસાદના અનુમાન સામે માત્ર ૨૪ કલાકમાં ૨૭.૩૮ મીમી વરસાદ વરસ્યો. સોમવારે પણ રાજ્યના ૨૬ તાલુકામાં ૧ મીમી થી લઇ પોણા ૨ ઇંચ સુધીનું માવઠું થયું હતું. સૌથી વધુ પોણા ૨ ઇંચ વરસાદ તાપીના કુકરમુંડામાં નોંધાયો હતો.હવામાન વિભાગની આગાહી મુજબ, આજે સામાન્ય વાદળો વચ્ચે વાતાવરણ સામાન્ય રહી શકે છે. આ સાથે રાજ્યમાં લઘુત્તમમાં ૪ થી ૫ ડિગ્રીનો ઘટાડો આવતા ઠંડીનું જોર વધશે. જો કે ત્યાર બાદ ફરી એકવાર ઠંડીનું પ્રમાણ ૪ થી ૫ ડિગ્રી ઘટી શકે છે.

૫ ઝોનમાં માવઠાંની સ્થિતિ

ઝોન	અંદાજ	વરસ્યો	ટકાવારી
કચ્છ	૨૧	૪	૧૯.૦૫
ઉત્તર	૨૪	૨૭	૧૧૨.૫
પૂર્વ-મધ્ય	૨૯	૨૮	૯૬.૫૫
સૌરાષ્ટ્ર	૩૨	૧૮	૫૬.૨૫
દક્ષિણ	૪૭	૪૫	૯૫.૭૪
અહીં સૌથી વધુ માવઠું			
જિલ્લો	અંદાજ	વરસ્યો	ટકાવારી
સુરત	૩૯	૮૦	૨૦૩.૫૬
નર્મદા	૩૫	૭૦	૨૦૨.૯
છોટાઉદેપુર	૩૩	૫૬	૧૬૯.૭
તાપી	૩૩	૫૪	૧૬૩.૧૪
ભરૂચ	૨૪.૭	૪૫	૧૮૨.૧૯

૪ ઇંચથી વધુ વરસાદ

તાલુકો	માવઠું
સાગબારા	૧૪૪ (પોણા ૬ ઇંચ)
સુરત શહેર	૧૨૮ (૫ ઇંચ)
માંડવી (સુરત)	૧૧૬ (સાડા ૪ ઇંચ)
કુકરમુંડા	૧૦૬ (સવા ૪ ઇંચ)

૪૭ ગામોની જમીનને લાભ: પિયતના છ પાણ અપાશે

ભાદર-૧ ડેમમાંથી શિયાળુ પાક માટે પાણી છોડાયું

જરૂર પડયે ઉનાળુ પાક માટે પણ કેનાલ મારફતે અપાશે પાણી

રાજકોટ, તા. ૨૮

સૌરાષ્ટ્રના બીજા નંબરના મહાકાય ડેમ ભાદર-૧માંથી શિયાળુ પાક લેવા માટે પાણી છોડવામાં આવ્યું છે જેના લીધે કેનાલ તરબતર બની ગઇ છે. આ વર્ષે ખુબ સારા વરસાદને પગલે ભાદર ડેમ ચોમાસમાં અનેકવાર ઓવરફલો થયો હતો.

ડેમમાં નોંધપાત્ર પાણીનો જથ્થો ઉપલબ્ધ હોવાથી સિંચાઇ વિભાગ દ્વારા શિયાળુ પાક પણ પાણી આપવાનો નિર્ણય લેવાયો હતો જેમાં ભાદર કેનાલમાં પાણી છોડાયું હતું.

ચાલુ વર્ષે સૌરાષ્ટ્રમાં જરૂરીયાત કરતા ઘણો વધુ વરસાદ પડયો હતો. જેના કારણે ખેડુતોનો મોટા ભાગનો પાક ધોવાઇ ગયો હતો. જેને લઇને ચોમાસુ પાક નિષ્ફળ જતા

ખેડુતો શિયાળુ પાક પર આશા રાખીને બેઠા છે.

ત્યારે ભાદર ડેમ-૧ કે જેની ૭૮ કિ.મી.ની લંબાઇ ધરાવતી કેનાલ દ્વારા રાજકોટ, જુનાગઢ અને પોરબંદર ત્રણ જિલ્લાઓના ૪૮ ગામોની ૫૦૦૦ હેકટર ખેતીની જમીનને સિંચાઇનું પાણી પુરૂ પાડવામાં આવશે.

રાજકોટ, જુનાગઢ અને પોરબંદર એમ ત્રણ જિલ્લાના ૪૭ ગામોની પહજાર હેકટર જેટલી ખેતીની ગામોના ૪૭૦૦ જેટલા ખેડુતોએ શિયાળુ પાક માટે ફોર્મ ભરતા તેઓ કેનાલમાંથી પાણીનો લાભ મેળવી શકશે.

ભાદર ડેમ-૧ની કેનાલમાંથી પાણી છોડવામાં આવ્યું ત્યારે ડેપ્યુટી ઇજનેર એ.મ.વી.મોવલીયાની હાજરીમાં છોડવામાં આવ્યું હતું. ડેમના સેકશન ઓફિસરે જણાવ્યું હતું કે ખેડુતોને શિયાળુ પાક માટે પિયતના છ પાણ આપવામાં આવશે અને ડેમમાં પાણીનો જથ્થો પુરતા પ્રમાણમાં હોવાથી જરૂર પડશે તો ઉનાળુ પાક માટે પણ કેનાલ મારફત પાણી છોડવામાં આવશે.

પ્રાકૃતિક ખેતી સાથે પશુપાલન પણ થશે તો ધરતી પર સ્વર્ગ જેવું ઘર બનશે

ડાંગમાંથી પ્રેરણા લઈને આદિવાસી પ્રભુત્વ ધરાવતા અન્ય જિલ્લાઓ પણ પ્રાકૃતિક ખેતી કરતા થાય : રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય - રાજકોટ)
અમદાવાદ,તા.૨૮

પ્રાકૃતિક કૃષિ મહાઅભિયાનને વધુ વેગવાન બનાવવા ગુજરાતની નારી શક્તિને જોડવા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં રાજ્ય સ્તરીય પ્રાકૃતિક કૃષિ મહિલા પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે. આજે બીજા દિવસે મધ્ય ગુજરાતના છોટાઉદેપુર, નર્મદા, પંચમહાલ, દાહોદ, ભરૂચ, અને મહીસાગર જિલ્લાની મહિલાઓએ પરિસંવાદમાં ભાગ લીધો હતો. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ મહિલાઓને સંબોધતાં કહ્યું હતું કે, ડાંગ જિલ્લો વિશુદ્ધ પ્રાકૃતિક ખેતી કરતો જિલ્લો છે. ડાંગ જિલ્લામાંથી પ્રેરણા લઈને રાજ્યના આદિવાસી વસ્તીનું પ્રભુત્વ ધરાવતા તમામ જિલ્લાઓ પણ સો એ સો ટકા પ્રાકૃતિક ખેતી કરતા થાય એ માટે પ્રયત્નો કરવા જોઈએ.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, પ્રકૃતિની વ્યવસ્થામાં આપણો સહયોગ એ જ સાચી ઈશ્વર પૂજા છે. રાસાયણિક ખેતીથી આપણે ધરતીનું સંતુલન બગાડી રહ્યા છીએ. પ્રાકૃતિક ખેતી ધરતીના સૂક્ષ્મ જીવાણું અને અળસિયા જેવા મિત્ર કીટકની વૃદ્ધિ કરવાની પદ્ધતિ છે, જેનાથી ધરતીની ઉત્પાદન ક્ષમતા વધે છે. રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના અંધાધૂંધ ઉપયોગથી આપણે ધરતીના સૂક્ષ્મ જીવો અને અળસિયાનો નાશ કર્યો છે. પરિણામે ધરતીનું ઓર્ગેનિક કાર્બન ૦.૫ ટકાથી પણ ઓછું થઈ ગયું છે. ભૂમિ વેરાન થઈ ગઈ છે.

અગાઉ અઢી એકર જમીનમાં ૧૩ કિલો યુરિયા / ડીએપી નાખતાં ખેતી થઈ શકતી હતી. હવે અઢી એકરમાં ૩૦૦ કિલો યુરિયા /ડીએપી જેવા રાસાયણિક ખાતર નાખ્યા પછી પણ ઉત્પાદન ઓછું મળી રહ્યું છે.

રાજ્યપાલએ સમજાવ્યું કે, સો કિલોગ્રામ રાસાયણિક ખાતર ધરતીમાં નાખીએ તે પૈકી ૩૦ થી ૩૩ % જ ખેતપેદાશ ગ્રહણ કરે છે. બાકીનો ભાગ હવામાં ભળી જાય છે અને પાણી સાથે ભૂમિમાં ઉતરી જાય છે. પરિણામે જળવાયુ પ્રદૂષણની ગંભીર સમસ્યા સર્જાય છે. હવામાં ભળતું યુરિયા કાર્બનડાયોક્સાઇડ કરતાં ૩૧૨ ગણું વધારે ખતરનાક છે. ગ્લોબલ વોર્મિંગ માટે રાસાયણિક ખેતી ૨૪ % જવાબદાર છે. રાસાયણિક ખાતર અને પેસ્ટીસાઈડ્સથી ખેત ઉત્પાદનો ઝેરીલા બન્યા છે. એ આરોગવાથી જીવલેણ રોગ વધ્યા છે. આ તમામ પરેશાનીઓમાંથી બહાર આવવા પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ એકમાત્ર ઉપાય છે અને એ માટે મહિલાઓ મોટું યોગદાન આપી શકે તેમ છે.

પ્રાકૃતિક ખેતી માટે દેશી ગાય અનિવાર્ય છે એમ કહીને રાજ્યપાલશ્રીએ કહ્યું કે, પ્રાકૃતિક ખેતી સાથે પશુપાલન પણ થશે તો ધરતી પર સ્વર્ગ જેવું ઘર બનશે. ઓછી મહેનતે વધુ ઉત્પાદન આપતી પ્રાકૃતિક ખેતી સમૃદ્ધિનો માર્ગ છે.પ્રાકૃતિક કૃષિ મહિલા પરિસંવાદના પ્રારંભે ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપનીના મેનેજિંગ ડિરેક્ટર ડો મનીષ બંસલે સ્વાગત ઉદબોધનમાં કહ્યું હતું કે, જંગલ જમીન અને જીવન સાથે જોડાયેલી આદિવાસી બહેનો પ્રાકૃતિક ખેતી અપનાવે અને આ અભિયાનને આગળ ધપાવે એ વર્તમાન સમયની માંગ છે.

રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને માવઠામાં થયેલ નુકસાનનું સર્વે કરી સહાય કરાશે : મંત્રી ઋષિકેશભાઈ પટેલ

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય - રાજકોટ)
અમદાવાદ,તા.૨૮

ગુજરાતના વિવિધ વિસ્તારોમાં ૨ દિવસથી વરસતા કમોસમી માવઠા અંગે વાત કરતા પ્રવક્તા મંત્રી ઋષિકેશભાઇ પટેલે જણાવ્યું હતું કે, હવામાન વિભાગ દ્વારા ગત તા.૨૬ અને ૨૭મીએ માવઠાની આગાહી અગાઉથી જ કરવામાં આવી હતી. હાલમાં ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં કુલ અંદાજિત ૬૦ ટકા જેટલો વરસાદ વરસ્યો છે. અને આ માવઠાને કારણે ૧ મિલિમીટરથી લઈ ૧૪૪ મિલિમીટર જેટલો વરસાદ ઘણા એવા વિસ્તારોમાં નોંધાયો છે તેમ તેમણે જણાવ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં આ કમોસમી વરસાદને કારણે ખેડૂતોના ખરીફ પાકને ઘણું એવું નુકસાન થયું છે. ખરીફ પાકોમાં કપાસ તુવેર અને એરંડા જેવા પાકોમાં નુકસાનની ભીતિ વધુ સેવાઈ રહી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ હાલ જાપાનના પ્રવાસે હોવાથી તેમણે ગુજરાતની અને ગુજરાતના ખેડૂતોની ચિંતા કરતા રાજ્ય સરકારને સતત કાર્યરત રહેવા સૂચના આપી છે. તેમના જણાવ્યા અનુસાર વરસાદની માત્રા ઓછી થશે ત્યારે ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં રાજ્યસરકાર દ્વારા ખેડૂતોને જે પણ કંઈ નુકસાન થયું છે, તેનું સર્વે કરીને તેમની સહાય કરવામાં આવશે.તેમ તેમણે જણાવ્યું હતું.

અંતે તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતના અમુક વિસ્તારમાં બરફના કરા અને વીજળી પણ પડી છે, જેના કારણે વિવિધ વિસ્તારમાં ઘણા એવા સામાન્ય નાગરિકોને તકલીફ પડી છે તેનું પણ સર્વે કરીને ખેડૂતો તેમજ સામાન્ય નાગરિકોની સહાય કરવા સરકાર કટિબદ્ધ છે.

અમરેલી જિલ્લા આહીર સમાજનો પ્રથમ સ્નેહમિલન અને સત્કાર સમારંભ યોજાયો

અધિકારીઓ અને પદાધિકારીઓની હાજરીમા સમાજને દરેક ક્ષેત્રે વિકાસ પ્રકિયા માં યુવા પેઢીને ભાગીદાર બનાવવા માટેનો રોડમેપ કરાયો તૈયાર, રાજકીય, સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે સિદ્ધિ પ્રાપ્ત કરનાર સમાજ શ્રેષ્ઠિઓનુ કરાયું સન્માન

અમરેલી,તા.૨૮

અમરેલી જિલ્લા માં મોટાભાગના તાલુકાઓમાં આહીર સમાજમાં મોટી સંખ્યામાં વસવાટ કરી રાજકીય, સામાજિક ક્ષેત્રમાં પ્રતિનિધિત્વ પણ કરે છે.વર્તમાન સમયમાં દરેક સમાજે પોતાના સમાજની ભાવિ પેઢીનુ નિર્માણ કરવા અને વર્તમાન ટેક્નોલોજી ના વિકાસલક્ષી યુગમાં સમાજ ઉપયોગી પ્રવુતિઓ માં યુવાઓને આગળ લાવવા માટે દરેક સમાજ પ્રયત્નશીલ હોય છે. અમરેલી જિલ્લા માં થોડા દિવસો પેહલા અમરેલી જિલ્લા યુવા આહીર સમાજ નામના સંગઠન ની રચના કરી તેમનું સુકાન યુવા અગ્રણી કમલેશ ગરણિયા ને સોંપવામાં આવ્યુ હતુ. આ નવ નિયુક્ત યુવા પ્રમુખે વડીલ આગેવાનોના માર્ગદર્શન અને યુવાઓની જહેમત થી અમરેલી શહેર સ્થિત આવેલા આહીર વિદ્યાર્થી ભવન ખાતે આહીર સમાજના પ્રથમ સ્નેહ મિલન અને સત્કાર સમારંભનુ ભવ્ય આયોજન દ્વારકાધીશ ના અધ્યક્ષ સ્થાને સાધુ સંતોની ઉપસ્થિતિ માં કરવામાં આવ્યુ હતુ.આ કાર્યક્રમ માં પરમ હંસ સન્યાસ આશ્રમ બારપટોળી થી પૂજ્ય ઉર્જામૈયા, મહાકાળી આશ્રમ, ઠવીથી પૂજ્ય જયવીરનાથજી તથા સમગ્ર જિલ્લામાંથી રાજકીય ક્ષેત્રે ચૂંટાયેલા અને પક્ષનાં હોદા ધરાવતા આગેવાનો, સરકારમાં સેવા આપતા વર્ગ એક અને બે ના અધિકારીઓ, સામાજિક આગેવાનો અને સાધુ સંતો એ હાજરી આપી ઉપસ્થિત લોકો ને નૂતન વર્ષાભિનંદન પાઠવી શુભકામનાઓ પાઠવી હતી. આ કાર્યક્રમ માં રાજકીય ક્ષેત્રના આગેવાનો માંથી જિલ્લા પંચાયત સદસ્યોં, તાલુકા પંચાયત સદસ્યો, રાજકીય પાર્ટીના રાજ્ય અને જિલ્લા લેવલ ના હોદેદારો, રાજ્યમાં અને જિલ્લા લેવલે શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર શિક્ષકો,પ્રોફેસરો અને સામાજિક આગેવાનોનુ ઈષ્ટદેવ દ્વારકાધીશ ની તસ્વીર રૂપી મોમેન્ટો આપી શાલ ઓઢાડી સન્માનિત કરાયા હતા તો યુવા આહીર સમાજના નવ નિયુક્ત પ્રમુખ કમલેશ ગરણિયાનુ પણ સમગ્ર આહીર સમાજ દ્વારા સન્માન કરાયું હતુ.

પ્રેસિડેન્ટ સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની બેઠક

ગુજરાત સાથે જેટ્રોની લાંબા સમયની સહભાગીતાથી રાજ્યમાં રોકાણો મોટા પાયે આકર્ષિત થયા છેઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય - રાજકોટ)
અમદાવાદ,તા.૨૮

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત ડેલિગેશન સાથેના જાપાન પ્રવાસના બીજા દિવસે જાપાન એક્સટર્નલ ટ્રેડ ઓર્ગેનાઇઝેશન-જેટ્રોના પ્રેસિડન્ટ યુત સુસુમુ કટાઓકા સાથે ફળદાયી બેઠક યોજી હતી.

જેટ્રોએ જાપાન અને વૈશ્વિક વેપાર સમુદાય વચ્ચે આર્થિક ભાગીદારી અને સહયોગ વધારવા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. એટલું જ નહીં ગુજરાતમાં પણ જેટ્રો લાંબા સમયથી સહયોગી રહ્યું છે. તેની આ બેઠકમાં વિશદ ચર્ચા હાથ ધરવામાં આવી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ એ જાપાની ઉદ્યોગો કંપનીઓને ગુજરાતમાં રોકાણો માટે આકર્ષિત કરવા અને સહાયરૂપ થવા જેટ્રોએ અમદાવાદમાં બિઝનેસ સપોર્ટ સેન્ટર શરૂ કર્યું છે તે માટે આનંદ વ્યક્ત કર્યો હતો.

તેમણે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં ગુજરાત સેમિકન્ડક્ટર, ગ્રીન હાઈડ્રોજન, મેડિકલ ડિવાઇસીસ, જેવા સેક્ટર્સમાં અગ્રેસર બનવાની નેમ સાથે આગળ વધી રહ્યું છે.

આ સંદર્ભમાં જેટ્રો સેમિકન્ડક્ટર, ગ્રીન ટેકનોલોજી, બલ્ક ડ્રગ, મેડિકલ ડિવાઇસીસ, સીરામીક એન્ડ ટેક્સટાઇલ ઉદ્યોગોમાં રોકાણો આકર્ષવામાં સહભાગી થઈ શકે તેમ છે એમ પણ ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું હતું.

જેટ્રોના પ્રેસિડેન્ટ અને પદાધિકારીઓએ ગુજરાતની ડેવલપમેન્ટ જર્ની અંગે જાણવામાં ઉત્સુકતા દર્શાવી હતી અને જેટ્રો ગુજરાત સાથે સંબંધો વ્યાપક બનાવવા તત્પર હોવાનો મત વ્યક્ત કર્યો હતો.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જેટ્રોને વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૪માં જોડાવાનું આમંત્રણ પાઠવ્યું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે યોકોહામાનું પ્રસિદ્ધ શેન્કેઈન ગાર્ડન નિહાળ્યું : ટ્રેડિશનલ જાપાનીઝ ટી-ચ્હાનો આસ્વાદ માણ્યો

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય - રાજકોટ)
રાજકોટ,તા.૨૮

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જાપાન પ્રવાસના બીજા દિવસનો પ્રારંભ બુલેટ ટ્રેનની સફરથી કર્યો હતો. મુખ્યમંત્રી અને ગુજરાત ડેલિગેશન સોમવારે સવારે બુલેટ ટ્રેન મારફતે યોકોહામા પહોંચ્યું હતું અને પ્રસિદ્ધ શેન્કેઈન ગાર્ડનની મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રીએ જાપાનની ટ્રેડિશનલ ટી-ચ્હાનો પણ આસ્વાદ માણ્યો હતો અને શેન્કેઈન ગાર્ડનનું સૌંદર્ય નિહાળ્યું હતું. મુખ્યમંત્રીએ ટોકિયોના ગવર્નર કોઈકે યુરિકો સાથે બેઠક યોજી હતી અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૦૭માં ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે જાપાનની પ્રથમ મુલાકાત લીધી હતી તેનાં સંસ્મરણો યાદ કર્યાં હતાં.

ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, નરેન્દ્રભાઈ મોદીની આ મુલાકાતને પરિણામે ગુજરાત-જાપાન વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો વધુ સુદ્રઢ બન્યા છે. તેમણે ૨૦૧૭માં જાપાનના દિવંગત પ્રધાનમંત્રી શિન્ઝો આબેની ગુજરાત મુલાકાત અને અમદાવાદ-મુંબઈ હાઈસ્પીડ રેલ-બુલેટ ટ્રેનનો વડાપ્રધાન નરેન્દ્રભાઈ સાથે શિલાન્યાસ કર્યો હતો, તેની પણ યાદ તાજી કરી હતી.

રાજુલાના ઝાપોદર ગામે ચાલતી શ્રીમદ્ ભાગવત સપ્તાહની પુર્ણાહુતી

(ધર્મેશ મહેતા દ્વારા)
રાજુલા,તા.૨૮

રાજુલા તાલુકાના ઝાપોદર ગામે શ્રીમદ્ ભાગવત સપ્તાહનું સુંદર આયોજન કરવામા આવ્યું હતું. જેમા કથાકાર હાર્દિકભાઇ બી.ભટ્ટ(ધારગણીવાળા) દ્વારા કથાનુ રસપાન કરવામા આવ્યું હતું. આ સપ્રગ કથાનુ આયોજન સરપંચ એસોસિએશન પ્રમુખ મનુભાઇ જે.ધાખડાના મોટા ભાઇ બાબાભાઇ જેતુભાઇ ધાખડા પરીવાર આયોજીત કરવામા આવ્યું હતું. આ શ્રીમદ્ ભાગવત સપ્તાહમા સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઇ કસવાળા, તેમજ રાજુલા ધારાસભ્યના પ્રતિનિધિ તરીકે ભાવેશભાઇ સોલંકી તેમજ માનવ મંદિર આશ્રમના મહંત ભક્તિરામ બાપુ, રૂમડબાપુ વાવડીના મહંત બાબાભાઇ બાપુ સહિત રાજુલા શહેરના વેપારીઓ, રાજકીય-સામાજીક આગેવાનો, સંતો-મહંતો તેમજ ભાજપના આગેવાનો, પત્રકારો સહિત મોટી સંખ્યામા ગ્રામજનો ઉપસ્થિત રહીને કથાનુ શ્રવણ કર્યુ હતું.

રાજકોટ શહેર ભાજપ મહિલા મોરચા દ્વારા 'મન કી બાત' કાર્યક્રમ નિહાળાયો

વિધાનસભા-૬૯, વોર્ડ નં.૯ બુથ નં. ૧૦૪ શિલ્પન ટાવર, સાધુવાસવાણી રોડ ખાતે ચેતનાબેન શાહના ઘરે દિપીકાબેન સરડવા સહિત બહોળી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહયા

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય - રાજકોટ)
રાજકોટ,તા.૨૮

દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા દર માસના અંતિમ રવીવારે 'મન કી બાત' કાર્યક્રમ યોજવામાં આવે છે અને 'મન કી બાત' કાર્યક્રમ મારફત નરેન્દ્રભાઈ મોદી દેશવાસીઓ સાથે સંપર્કમાં રહે છે અને દેશવાસીઓ પાસેથી આવેલ વિવિધ સુચનો અંગે ચર્ચા-પરિસંવાદ કરવામાં આવે છે ત્યારે મામા - નરેન્દ્રભાઈ મોદી દ્વારા 'મન કી બાત'ના ૧૦૭માં એપીસોડ દ્વારા દેશવાસીઓ સાથે જોડાયા હતા. ત્યારે શહેરના તમામ બુથમાં પાર્ટીના કાર્યકર્તાઓ દ્વારા 'મન કી બાત' કાર્યક્રમ રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી માર્ગદર્શન તેમજ પ્રદેશ ભાજપ મહિલા મોરચાના પ્રમુખ દિપીકાબેન સરડવાની આગેવાનીમાં શહેરના વિધાનસભા-૬૯ ના વોર્ડ નં.૯ માં આવેલ બુથ નં. ૧૦૪, શિલ્પન ટાવર, સાધુ વાસવાણી રોડ, ચેતનાબેન શાહના ઘરે 'મન કી બાત' નો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં પ્રદેશ મંત્રી બીનાબેન આચાર્ય, વિધાનસભા-૬૯ ના ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, મેયર નયનાબેન પેઢડીયા, શહેર ભાજપ મહિલા મોરચાના પ્રમુખ કિરણબેન માકડીયા, પૂર્વ શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, પૂર્વ સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન પુષ્કરભાઈ પટેલ, કોર્પોરેટર જીતુભાઈ કોટડીયા, દક્ષાબેન વસાણી, આશાબેન ઉપાધ્યાય, વોર્ડના પ્રભારી ધર્મેન્દ્રભાઈ ભગત, પ્રમુખ જયસુખભાઈ, શહેર ભાજપ મહિલા મોરચાના મહામંત્રી, મહિલા મોરચાની ટીમ, સોસાયટીના બહેનો સહિત કાર્યકતાઓ ઉપસ્થિત રહયા હતા આ કાર્યક્રમની વ્યવસ્થા તેમજ સફળતા માટે રક્ષાબેન વાયડા, અને ચેતનાબેન શાહે જહેમત ઉઠાવી હતી.

રાજકોટ શહેર ભાજપ અનુસુચિત જાતી મોરચા દ્વારા સંવિધાન ગૌરવ યાત્રા યોજાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય - રાજકોટ)
રાજકોટ,તા.૨૮

૨૬મી નવેમ્બરના રોજ સંવિધાન દિવસ અંતર્ગત પ્રદેશ ભાજપ અનુસુચિત જાતિ મોરચાની યોજના અનુસાર ૨૦ નવેમ્બર થી ૬ ડીસેમ્બર સુધી ડો.બાબાસાહેબ આંબેડકરજીના મહાનિર્વાણ દિવસ સુધી સંવિધાન ગૌરવ યાત્રાનું પખવાડીયાની ઉજવણીનું આયોજન કરવામાં આવેલ છે. તે અંતર્ગત શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીના માર્ગદર્શન હેઠળ શહેર ભાજપ અનુસુચિત જાતી મોરચા દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. તે અંતર્ગત સંવિધાન ગૌરવ યાત્રા શહેરના વિવિધ દલિત વિસ્તારોમાં યોજી ડો.બાબા-સાહેબ આંબેડકરજીના વિચારોને ઘર ઘર સુધી પહોંચાડવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ તકે વિધાનસભા-૬૮ ના ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ,

શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા, રતાભાઈ પરમાર, માધુભાઈ બાબરીયા, મહેશ રાઠોડ, મહેશ અઘેરા, જયેશ દવે, નાનજીભાઈ પારઘી, નિલેશ આહિર, દેવજીભાઈ ખીમસુરીયા, રાજેશ ચાવડા, ગીરધરભાઈ રાઠોડ, જયસુખભાઈ બારોટ, એન.જી.પરમાર, ગીતાબેન પારઘી, રણજીતભાઈ સાગઠીયા, જમનાદાસ વિસરીયા સહિતના ઉપસ્થિત રહયા હતા.

શહેર ભાજપ મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલાનો આજે જન્મ દિવસ

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય - રાજકોટ)

રાજકોટ : શહેર ભારતીય જનતા પાર્ટીના મહામંત્રી અને રાજકોટ મહાનગરપાલીકાના શાસક પક્ષના પૂર્વ નેતા વિરેન્દ્રસિંહ ઝાલાનો જન્મદિવસ છે ત્યારે ઠેર ઠેરથી શુભેચ્છા મળી રહી છે.

વર્ષોથી રાજકીયક્ષેત્ર સાથે સંકળાયેલ એવા વિરેન્દ્રસિંહ ઝાલા ભારતીય જનતા પાર્ટીની વિચારધારા સાથે જોડાય પાર્ટીની પંચનિષ્ઠાની એક એવી સામાજીક સમરસતાના સતત આગ્રહી રહી પાર્ટીના સંગઠનને વટવૃક્ષ બનાવવા માટે સતત પ્રયત્નશીલ રહયા છે ત્યારે શહેર ભાજપમાં ઉપપ્રમુખ તરીકે ૩ ટર્મ તરીકે જવાબદારી સંભાળી વિવિધ ચુંટણીઓમાં પાર્ટીનો ભવ્ય વિજય થાય તે માટે નિષ્ઠાપુર્વક કામગીરી બજાવી હોવાથી તેઓની કામગીરીને ધ્યાનમાં રાખી શહેર ભાજપના મહામંત્રી તરીકે હાલમાં જવાબદારી સંભાળી રહયા છે તેમજ

રાજકોટ મહાનગરપાલીકાના કોર્પોરેટર તરીકે રહી વોટર વર્કસના ચેરમેન તરીકે અને શાસકપક્ષના નેતા તરીકે રહી લોકોના પ્રશ્ને સતત જાગૃત રહયા હતા જેમાં શહેરના ધારેશ્વર મહાદેવ મંદિરના ટ્રસ્ટના પ્રમુખ તરીકે હાલમાં સેવાકીય પ્રવૃતિ કરી રહયા છે ત્યારે તેમના જન્મદિવસે તેમના મો.નં.૯૮૨૫૦ ૭૦૧૭૦ ઉપર ઠેર ઠેરથી શુભેચ્છા મળી રહી છે.

વિજય એપાર્ટમેન્ટમાં સ્થાનિક રહેવાસીઓને ફાયર સેફટી અંગે તાલીમ અપાઇ

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય - રાજકોટ)
રાજકોટ,તા.૨૮

મહાનગર પાલિકા ફાયર અને ઈમરજન્સી સર્વિસીઝ દ્વારા રાજકોટ શહેર વિસ્તારમાં આવેલ હાઇરાઇઝ બિલ્ડીંગમાં લગાવવામાં આવતી ફાયર સેફટીના સાધનો જે બિલ્ડીંગમાં રહેતા લોકોને જાગૃતી માટે તા.૨૭/૧૧ના રોજ વિજય એપાર્ટમેન્ટ, યાજ્ઞિક રોડ જાગનાથ પ્લોટ શેરીનં.૬, રાજકોટ ખાતે ફાયર સેફટીની મોકડ્રીલનું આયોજન કરવામા આવેલ, જેમાં અંદાજે ૧૦ થી ૧૨ રહેવાસીઓ જોડાયેલ.

આ મોકડ્રીલ દ્વારા બિલ્ડીંગમાં લગાવવામાં આવેલ ફાયર સીસ્ટમ અને ફાયર સેફટીના સાધનોને આગ લાગે ત્યારે કઇ રીતે ઉપયોગ કરવો, શું કરવું અને શું ન કરવું જોઇએ તેમજ આગ બુઝાવવા માટેની ફાયર સીસ્ટમ અને સાધનો તથા ફાયર એક્સ્ટીંગ્યુસરનો ઉપયોગ કેવી રીતે કરવો, જાળવણી અને કઇ રીતે પોતાનો તથા અન્યનો બચાવ કરવો તે અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા.

ગિરનાર પર પાંચ દિવસમાં આશરે ૧૫૦ ટન પ્લાસ્ટિક સહિતનો કચરો ફેકાયો

ભવનાથની આસપાસ પડેલા કચરાને સાફ કરવામાં ચાર દિવસ તેમજ પરિક્રમા પથને શુદ્ધ કરતા એક મહિનાથી પણ વધારે સમય થશે

જુનાગઢ,તા.૨૮

ગિરનારની પાંચ દિવસની લીલી પરિક્રમા વિધિવત રીતે પૂર્ણ થયેલ છે, પરંતુ આ પાંચ દિવસમાં જંગલ અને તળેટી વિસ્તારમાં આશરે ૧૫૦ ટન પ્લાસ્ટિક સહિતનો કચરો ફેકાયો હોય તેને સંપૂર્ણ સફાઈ, સ્વચ્છ કરવા માટે હજુ એક મહિના નીકળી જશે તેવું લાગી રહ્યું છે. જયારે હાલ ભવનાથ તળેટીને સ્વચ્છ કરવા ૧૫૦ જેટલા સફાઈકર્મીઓ કામે લાગ્યા છે. સ્વચ્છતા જાળવવા અનેક અપીલો છતાં લોકો હજુ બેજવાબદાર હોય તેવું દેખાઈ રહ્યું છે.

આ વર્ષે રેકોર્ડબ્રેક ૧૩.૪૦ લાખ ભાવિકોએ ગિરનારની લીલી પરિક્રમા પૂર્ણ કરી છે, ત્યારે હાલ જયાં જંગ્ઓ ત્યાં ગીરી તળેટી વિસ્તાર અને જંગલ વિસ્તારમાં કચરાના અને ગંદકીના ગંજ ખડકાયા છે, હાલ તો શરુઆતમાં જૂનાગઢ મહાપાલિકા દ્વારા ભીનો કચરો એકત્ર કરીને તેને દુર કરવાની કામગીરી ત્વરિત શરુ કરી છે, કારણ કે, ભીના કચરામાં એઠવાડ, ગંદા પાણીનો ભરાવો જે બીમારી ફેલાવી શકે છે. જેથી મહાપાલિકાની સેનીટેશન ટીમ દ્વારા સફાઈ શરુ કરવામાં આવી છે.

ભવનાથ તળેટી વિસ્તારમાં ૧૫૦ જેટલા સફાઈ કામદાર દ્વારા સફાઈ કરાવવાનું ચાલુ છે, જેમાં અત્યાર સુધીમાં રાવટીઓ, આશ્રામો, ઉતારા અને કોમર્શિયલ વિસ્તારમાંથી ૯૦ ટન જેટલો ભીનો અને સુકો કચરાનો નિકાલ કરવામાં આવેલ છે, હજુ ૭૦ ટન જેટલો કચરો હોવાનો અંદાજ છે, ભવનાથને સંપૂર્ણ સ્વચ્છ કરવા મનપાને હજુ ૩ થી ૪ દિવસ નીકળી

જશે. હાલ સવારથી રાત સુધીમાં બે સીફ્ટમાં સફાઈકર્મીઓ ૧૦ જેટલા વાહનો-સાધનો સાથે કામગીરી કરી રહ્યા છે.

ગીરનાર જંગલના રૂટ ઉપર અંદાજે ૨૫ ટન જેટલો કચરો હોવાનો અંદાજ છે, જેની સફાઈ અને કચરો વીણવા માટે આવતી અનેક ૧૫ જેટલી નાની-મોટી સેવાકીય સંસ્થાઓ કામ કરશે, જેને સંપૂર્ણ સફાઈ કરતા એક મહિનાઓ સમય લાગી જશે. આગામી તા.૯થી કામગીરી શરુ કરવામાં આવશે, ૫૦ જેટલા સ્વયંસેવકો જોડાશે, જેમાં ડોકટરો, અધિકારીઓ, યુવાનો દ્વારા કચરો વીણવામાં આવશે.

દર વર્ષે પરિક્રમા બાદ જંગલમાંથી કચરો વીણવાનું સેવાકીય કામ કરતી સંસ્થાના કાર્યકરોના કહેવા મુજબ, આ ખડકાયેલા કચરામાં ભોજન-પ્રસાદ સહિતનો ભીનો કચરો અને સુકો કચરો હોય છે, ખાસ કરીને સુકા કચરામાં માવાના કાગળો વધુ હોય છે, તેના પછી પ્લાસ્ટિકની પાણીની ખાલી શીશા વધુ મળે છે, અને સાથે ડિસ્પોઝલ ગ્લાસ, ડીસ, ચમચી સહિતના કચરો એકત્ર કરતા એક મહિના જેવો સમય નીકળી જશે.

આપઘાત કરવા નિકળેલી પરિણીતાને પોલીસે સમજાવી સ્વજનોને સોંપી

જેતપુરના નવાગઢની નવપરિણિત યુવતીનું સાસરિયામાં મન લાગતું નહોતું

જેતપુર,તા.૨૮

જેતપુરના નવાગઢ વિસ્તારમાં નવપરિણિત મુસ્લિમ પરિણીતાનું સાસરિયામાં મન લાગતું ન હોવાથી આત્મહત્યા કરવાના વિચાર સાથે ઘરેથી નીકળી ગયેલ જેની જાણ ઉદ્યોગનગર પોલીસને થતા પોલીસે પરિણીતાને શોધી સમજાવી તેના સ્વજનોને સોંપી હતી.

દરેક પોલીસ સ્ટેશનમાં લખેલ હોય **may i help you** હું તમારી શું મદદ કરી શકું ? આ સૂત્રને જેતપુર ઉદ્યોગનગર પોલીસે સાર્થક કરી બતાવી છે . જેતપુરના નવાગઢ વિસ્તારમાં તાજેતરમાં જ પરણીને આવેલ રેશ્માબેન સાહિલભાઈ મથુપોત્રા (ઉવ ૨૩)ને સાસરિયામાં હળીમળી શકતા ન હતાં. એટલે મનમાં મુંજાતા

પોતાની આ મૂંઝવણનો ઉકેલ નહિ આવે તેવો વિચારવાયુમાં આત્મવિશ્વાસ તૂટતા પિયરીયામાં પોતે આ સમસ્યાથી કાયમી નિરાકરણ માટે હવે આ જિંદગીનો જ અંત આણી દેશે તેવા આત્મહત્યા કરવાના વિચાર સાથે સાસરિયામાં કોઈને કહ્યા વગર રાજકોટ તરફ નીકળી ગયેલ.

સાસરિયામાં આ વાતની જાણ થતાં તેઓએ તરત જ ઉદ્યોગનગર પોલીસનો સંપર્ક પીએસઆઈ કે.એસ. ગરચર, મજનુભાઈ મેનાત, એમ.ડી. મકવાણા અને સમીરભાઈ બારોટે પરિણીતા પાસે રહેલ મોબાઈલના આધારે ટેકનીકલ સર્વેલન્સથી તેનું લોકેશન રાજકોટ રેસકોર્ષ ખાતે બતાવતા તરત જ ત્યાં જઈ રેશ્માબેનને શોધી લીધી હતી. અને તેણીના સ્વજનોની હાજરીમાં તેણી સાથે પરામર્શ કરેલ હવે આત્મહત્યા જેવું અઘટિત પગલું નહિ ભરવા સમજાવી હિંમત આપી અને તેણીને તેણીના સ્વજનોને સોંપી દીધેલ. આત્મહત્યા કરવા જતી પરિણીતાને શોધી હવે આવું પગલું નહિ ભરે તેવું સમજાવી હિંમત આપી પોલીસ પ્રજાનો મિત્ર છે તે સૂત્રને સાર્થક કર્યું હતું.

સ્ટેટ GST ટ્રિબ્યૂનલની રચના નહિ થતા પાંચ હજાર કરોડના કેસોનો ભરાવો

અમદાવાદ,તા.૨૮

જીએસટીનો કાયદો ૧ લી જુલાઈ-૨૦૧૬માં આવ્યા પછી પણ અત્યાર સુધી સ્ટેટ જીએસટીના ટ્રિબ્યુનલની રચના કરાઈ નથી જેના કારણે ગુજરાતના કરદાતાઓને ખોટી આકારણી સામે જીએસટીના કમિશનર અપીલ પાસે જવુ પડે છે. કરદાતાની વિરૂધ્ધમાં ચુકાદો આવે ત્યારે ટ્રિબ્યુનલમાં જવુ પડે છે પણ કાર્યરત જ નથી જેના કારણે હાઇકોર્ટ કે સુપ્રિમ કોર્ટ સુધી ધક્કાફેરા ખાવા પડે છે. આખો ખેલ અપીલમાં જતા પહેલા ૨૦ ટકા ટેકસ ભરાવી દેવાનો છે અને વેરાની જવાબદારીની સાથે સાથે વ્યાજ અને પેનલ્ટી ૨૦૦ ટકા સુધીની લગાવી દેવામા આવે છે જેના કારણે વેપારીઓ મુશ્કેલીમાં મુકાયા છે.

કરવેરા સલાહકારોના મત મુજબ જીએસટી વિભાગના અધિકારીઓ દરોડા પાડીને માલ સીઝ કરીને ટેકસ ચોરી બહાર કાઢે છે. ટેકસ ના ભરે તો ધરપકડ કરવા સુધી પગલા લેવાની વાત કરતા હોવાથી વેપારીઓ ડરના માર્યા ટેકસ ભરતા હોય છે. ત્યાર બાદ આકારણી અધિકારીઓ બોગસ કે ખોટી રીતે આકારણીઓ કરીને વેપારીને વ્યાજ અને પેન્લ્ટી સાથે વેરો ભરવાની નોટિસો આપતા હોય છે જેના કારણે વેપારી ફસાઇ જાય છે. જો વેપારી જીએસટી અપિલ કમિશનર સમક્ષ જાય તે પહેલા ૨૦ ટકા ટેકસની રકમ ભરપાઇ કરેલી હોવી જોઇએ. આવા સંજોગોમાં અપિલ કમિશનર સમક્ષ ન્યાય ભાગ્યે જ મળે છે. અપિલ ચાલુ હોય ત્યારે વેપારીની આઇટીસી ફ્રીજ કરી દેવામા આવે છે જેની અસર વેપાર ધંધા પર પડે છે. ધંધાની મોટાભાગની રકમ સ્ટોપ થઇ જતા વેપારી મુશ્કેલીમાં મુકાય છે. બેન્ક ખાતાઓ ફ્રીજ કરી દેવામા આવતા વેપાર કરી શકાતો નથી.ધંધો બંધ કરી દેવો પડે તેવી સ્થિતિ આવીને ઉભી રહે છે અને વેપારી બીજા બેન્ક ખાતાઓ ખોલવા પ્રેરાય છે.

કમિશનર અપીલના ચુકાદા સામે નાછુટકે વેપારીને હાઇકોર્ટ કે સુપ્રિમ કોર્ટ સુધી મોટા વકીલો રોકવા પડે છે જેનો ખર્ચ પણ થાય છે. અપિલ કમિશનર સમક્ષ પણ કેસ લડવા માટે ચાર્ટડ એકાઉન્ટન્ટ રોકવા પડે છે આમ બેવડો ખર્ચ થાય છે. અપિલ કમિશનર ,હાઇકોર્ટ અને સુપ્રિમ કોર્ટમાં લડતા ૫ હજારથી વધારે કરદાતાઓના ૫ હજાર કરોડના અંદાજીત કેસો પેન્ડીગ છે. એક કરોડથી ૫૦ કરોડથી વધારેના ટેકસ ,પેન્લ્ટી અને વ્યાજના કેસો છે. મોટાભાગના કિસ્સામાં પેનલ્ટી અને વ્યાજ જ ૨૦૦ ટકા સુધીની લગાવી દેવામા આવે છે

સ્ટેટ જીએસટીમાં દર વર્ષે અંદાજે પાંચ લાખના કેસોનુ એસેસમેન્ટ થતુ હોય છે. આડેધડ કરાતા એસેસમેન્ટના કારણે વેપારીઓ હેરાન પરેશન થઇ જાય છે. વિભાગ પાસે સ્ટોક પત્રક હોવા છતાં મંગાવવામા આવે છે.

સ્ટેટ જીએસટી દરોડા પાડીને દસ્તાવેજો ,માલ જપ્ત કરીને ટેકસ ભરવાની નોટિસો આપી દે છે. વેપારી અપિલમાં જાય ત્યાં પણ જીએસટીના અધિકારીઓ હોય છે. જીએસટીના કેસો સામે જીએસટી અપિલ કમિશનર ભાગ્યેજ ઓર્ડર કરતા હોય છે જેના માટે ટ્રિબ્યુનલ હોવી જરૂરી છે.

સૌરાષ્ટ્ર કચ્છ બ્રહ્મ સમાજ રાજકોટ શહેર પ્રમુખ તરીકે શૈલેષ દવેની નિમણુક

રાજકોટ શહેર મંત્રી તરીકે રાજુભાઇ દવેની નિમણુક

(સૌરાષ્ટ્ર કાંતિ કાર્યાલય - રાજકોટ)

રાજકોટ,તા.૨૮

શ્રી સોરઠીય શ્રી ગૌડ માળવીય બ્રાહ્મણ પ્રમુખ શૈલેષ દવેની સૌરાષ્ટ્ર કચ્છ બ્રહ્મ સમાજ રાજકોટ શહેરના પ્રમુખ તથા પુર્વ પ્રમુખ રાજુભાઇ દવેની શહેર મંત્રી તરીકે નિમણુક, જિલ્લા પ્રમુખ પંકજભાઇ તથા ટ્રષ્ટી મીલનભાઇ શુકલએ સોરઠીય શ્રી ગૌડ જ્ઞાતિના સ્નેહમીલનમાં શૈલેષભાઈની શહેર પ્રમુખ તથા રાજુભાઇ દવેની મંત્રી તરીકે નિમણુક કરવામાં આવી. આ બાબતે બ્રહ્મસમાજમાંથી અગ્રણીઓએ શુભેચ્છા પાઠવેલ આ પ્રસંગે અંશભાઇ ભારદ્વાજ ,નિરંજનભાઇ દવે હાજર રહેલ. તેમ જણાવ્યું છે.

જૂનાગઢ ઘરના ફળીયામાં રમતા બે વર્ષના બાળક ઉપર દીપડાનો હુમલો

જુનાગઢ,તા.૨૮

જૂનાગઢના દોલતપરા વિસ્તારમાં આજે સાંજે ૭ વાગ્યાના અરસામાં ઘરના ફળીયામાં રમતા બે વર્ષના બાળકને દીપડાએ મોઢામાં દબોચી ઉઠાવી જવા પ્રયાસ કર્યો પરંતુ માતા-પિતાએ દીપડા સામે બાથ ભીડી બચાવી લીધો. દીપડાના હુમલામાં બાળકની સ્થિતિ નાજુક જણાતા તાકીદે સર્જરી માટે રાજકોટ રીફર કરાયો હતો.

જૂનાગઢના દોલતપરા વિસ્તારમાં કિરીટનગરમાં રહેતા સાહીદભાઈ ઉમરભાઈ સીડાએ જણાવ્યું કે, આજે સાંજના સાતેક વાગ્યાના અરસામાં તેઓ ઘરે હતા અને તેનો બે વર્ષનો દીકરો આસીર ઘરની બહાર નીકળી ફળિયામાં રમતો હતો, ત્યારે અચાનક તેના ઘરની પાંચ ફૂટની વંડી ટપીને દીપડો આવ્યો અને આસીરને મોઢામાં દબોચી લીધો અને મોઢામાં લઈને વંડી કુદવા જતો હતો, ત્યારે સાહીદભાઈ અને તેની પત્નીએ તેના દીકરાના પગ ખેંચીને દીપડાના મોઢામાંથી બચાવી લીધો હતો.તે અરસામાં દીપડો વંડી કુદીને જંગલ તરફ ભાગી ગયો હતો. દીપડાના હુમલામાં ઘાયલ આસીરને માથામાં પાછળનો આખો ભાગ દીપડાએ મોઢામાં દબોચી લેતા પાછળના વાળ સાથે આખી ચામડી ઉતારી લીધી હતી, જેને લઈને તાકીદે આસીરને લોહી લુહાણ હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલ લાવવામાં આવતા ફરજ પરના તબીબોએ પ્રાથમિક સારવાર આપીને ત્વરિત માથાની સર્જરી કરવા રાજકોટ રીફર કરવો પડે તેવી સલાહ આપતા આસીરને રાજકોટ રીફર કરવા

તજવીજ કરવામાં આવી હતી.

સમી સાંજે રહેણાંક વિસ્તારમાં દીપડો ઘુસી આવ્યાની ઘટનાથી દોલતપરા વિસ્તારમાં ફફડાટ ફેલાઈ ગયો છે, સ્થાનિક રહીશોએ જણાવ્યું કે, આ ઘટના પહેલા અનેકવાર વન વિભાગને અહી ફેન્સીંગ કરવા રજૂઆત કરી હતી, કારણ કે, તેમના વિસ્તારથી ગીરનાર જંગલ વિસ્તાર સાવ નજીક હોય અહી દીવાલ કુદીને અનેકવાર દીપડા અનેકવાર દીપડા અને સિંહ લટાર મારવા આવી ચડે છે. પરંતુ આ વખતે હુમલો કર્યો હોય તેવી પ્રથમ ઘટના છે. ઘટનાની જાણ થતા વન વિભાગની ટીમે આવીને દીપડાને પકડવા પાંજરા મુક્યા છે.

કમોસમી વરસાદથી લીલા શાકભાજીને ભારે નુકસાન

શાકભાજીના ભાવમાં ૩૦ ટકાના વધારાની શક્યતા

સુરત,તા.૨૮

ગુજરાતમાં વરસેલા કમોસમી વરસાદને કારણે શાકભાજીના પાકને પણ ભારે નુકસાની થયાનો ભય વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. કમોસમી વરસાદે શિયાળાની શરૂઆતમાં જ શાકભાજીની સિઝન બગાડી નાંખી હોવાનું કૃષી બજારના વેપારી જણાવી રહ્યા છે. જેને લીધે રીંગણ, ટામેટા, તુવેર, ગવાર, પાપડી, વટાણા, ભીંડા, પરવર, દુધી, ચીભડા સહિતની શાકભાજીના ભાવમાં ૩૦ ટકા જેટલો વધારો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

શિયાળાને આરોગ્ય બનાવવાની મોસમ કહેવામાં આવે છે. શિયાળામાં લીલા શાકભાજીની સારી સિઝન હોય છે. જેને લીધે અન્ય મોસમ કરતા શિયાળામાં શાકભાજી સસ્તા હોય છે અને સામાન્ય માણસ પણ શિયાળામાં શાકભાજી આરોગી શકે છે. પરંતુ રવિવારે વરસેલા કમોસમી વરસાદે શિયાળાની શરૂઆતમાં જ શાકભાજીની સિઝન બગાડી નાંખી છે. ખેતીવાડી બજાર સમિતિ, સુરત એપીએમસીના ડીરેક્ટર બાબુભાઈ શેખે જણાવ્યું હતું કે, કમોસમી વરસાદને કારણે શાકભાજીના પાકમાં જીવાત પડવાની શક્યતા રહેલી છે. જે ખેતરોમાં પાણીનો નિકાલ ઓછો થતો હોય અથવા નિકાલ થતો નહીં હોય ત્યાં પાક સડી જવાની કે નાશ થવાની શક્યતા રહે છે. હવામાનમાં અચાનક પલટો આવ્યો હોય શાકભાજીની આવકમાં ઘટ થશે. જેને લીધે માંગની તુલનામાં આવક ઘટતા શાકભાજીના ભાવ વધી શકે છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે, હાલ માર્કેટમાં ટામેટા કિલોના રૂ.૩૦થી ૩૫ ના ભાવે મળે છે. આજ રીતે રીંગણ, વટાણા, તુવેર રૂ. ૩૦ થી ૩૫ અને ગવાર તેમજ પાપડી કિલોના રૂ.૩૫ થી ૪૦ ના ભાવે મળી રહ્યા છે. કમોસમી વરસાદને લીધે હવે, તેના ભાવમાં ૩૦ ટકા જેટલો વધારો થવાની શક્યતા છે. જેની અસર એકાદ મહિના સુધી જોવા મળી શકે છે.

નશામાં ધુત થઈ આવેલા મંગેતરે મારા ખિસ્સામાંથી રૂપિયા પડી ગયેલા છે, હવે તારો વારો કહીં યુવતીને ઢોર મારમાર્યો

યુવતીના પિતરાઈ ભાઈએ દોડી જઇ સારવારમાં ખસેડી : પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી

રાજકોટ,તા.૨૮

ધોરાજીના બહારપુરા વિસ્તારમાં બર્થડે પાર્ટીમાંથી નશામાં ધુત થઈ આવેલા મંગેતરે મારા ખિસ્સામાંમાંથી રૂપિયા પડી ગયેલા છે હવે તારો વારો કહીં યુવતીને ઢોર મારમારતાં યુવતીના દાંત પડી ગયા હતાં. મંગેતર,સાસુ અને નંણદની ધમકીથી ભયભીત થયેલ યુવતી બાથરૂમ-માં પુરાઈ ગઈ હતી. બાદમાં યુવતીના પિતરાઈ ભાઈએ તેને બહાર કાઢી સારવ-ારમાં ખસેડી હતી. બનાવ અંગે ધોરાજી પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે ધોરાજી બહારપુરામાં રહેતાં મીતલબેન જયંતીભાઈ વિંઝુંડા (ઉ.વ.૧૮) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે વિશાલ ખીમજી પરમાર, લક્ષ્મીબેન ખીમજી પરમાર, મીરાબેન ખીમજી પરમાર (રહે.બહારપુરા, ધોરાજી) નું નામ આપતાં ધોરાજી સીટી પોલીસે આરોપી વિરૂદ્ધ કલમ ૩૨૫, ૩૨૩, ૫૦૪,૫૦૬(૨),૧૧૪ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, અમે ત્રણ ભાઇ બહેન છીએ અને મારી સગાઇ ધોરાજીમા રહેતા વિશાલ સાથે પાંચ-છ મહિના પહેલા થયેલ હતી અને હું મારા મંગેતર વિશાલ સાથે તેમના જુના ઘરે રહું છું. ગઇ તા.૨૫/૧૧/૨૦૨૩ ના મારા મંગેતર વિશાલનો બર્થડે હોય જેથી રાતના ધોરાજી ગામમાં કઇક જગ્યાએ તેના મીત્રો સાથે બર્થડેની પાર્ટી કરવા ગયેલ હતો અને હું મારા સસરાના ઘરે હતી તે વખતે વિશાલ રાતના બાર સાડા બાર વાગ્યાની આસપાસ ઘરે દારૂ પીધેલ હાલતમા આવેલ અને સાસુ-સસરા અને નણંદની હાજરીમાં બોલાચાલી કરવા લાગેલ અને કહેવા લાગેલ કે, મારા ખીસ્સામાથી પૈસા પડી ગયેલ છે હવે તારો વારો ચડસે અને ઢીકા પાટુનો માર મારવા લાગેલ હતી. દરમિયાન મારા સાસુ વચ્ચે આવેલ અને વિશાલને કહેલ કે, અહિ ઘરે માથાકુંટ ન કરતો કહેતાં તે ઉશ્કેરાયો હતો અને ગાળો આપી ઘરેથી જતો રહેલ હતો. ત્યારબાદ મારી નંણદ મીરા મને ગાળો આપવા લાગેલ અને કહેવા લાગેલ કે, તે મારા ભાઇને બગાડી નાખેલ છે કહિ સુવા જતી રહેલ હતી. બાદમાં બીજા દિવસે વહેલી સવારના હું રૂમમા સુતી હતી

તે વખતી વિશાલ આવેલ અને તુ હાલ આપણા ઘરે હું તને ત્યા જોઈ લઈશ જેથી તેને ના પાડતા તે ઉશ્કેરાઇ ગયેલ અને પડખાના ભાગે પાટુ મારી બોલાચાલી કરવા લાગેલ અને ઢીકા પાટુનો માર મારવા લાગેલ હતો. ત્યારે મારા સાસુ આવી જતા તે પણ ગાળો દેવા લાગેલ અને કહેવા લાગેલ કે, તુ આવી ત્યારની અમારા ઘરમા શાંતી નથી અને નંણદ કહેવા લાગેલ કે, તુ અહિ થી તારા માવતરે જતી રહે, તે અમારા ઘરમા કંકાસ કરી નાખેલ છે. ત્યારે હું તે બધાને સમજાવવાની કોશીશ કરતી હતી ત્યારે વિશાલ વધુ ઉશ્કેરાઇ ગયેલ અને મોઢા પર બન્ને હાથથી ઢીકા મારતાં બે દાત તુટીને નીચે પડી ગયેલ અને હોઠના ભાગે ઈજા થતા લોહિ નીકળવા લાગેલ અને મને ચકકર આવતા બેભાન થઈ ઢળી પડેલ હતી.

બાદમાં આરોપી વિશાલ વધુ માર મારશે તેવો ભય લાગતા ત્યાથી ભાગી બાથરૂમમાં જતી રહેલ અને બાથરૂમ અંદરથી બંધ કરી દિધેલ અને મોબાઈલ ફોનથી મારા ભાભીને બનાવ અંગે જાણ કરતાં તેઓ આવી પહોંચતા તેમને પણ વિશાલે ગાળો આપી મને કહેલ કે, ઘરની બહાર નીકળીશ તો તને જાનથી મારી નાખીશ તેમ ધમકી આપવા લાગેલ જેથી બાથરૂમમાથી બહાર નીકળેલ નહિ. બાદમાં મારા પિતરાઈ ભાઈ દોડી આવતા મને બાથરૂમમાંથી બહાર કાઢેલ અને સારવારમાં હોસ્પિટલે ખસેડેલ હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી ધોરાજી સીટી પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ કે. એચ.લૂણસિયાએ વધું તપાસ હાથ ધરી હતી.

ક્રાઈમ કોર્નર

દૂધના ધંધાર્થીને ધમકી દેનાર પાંચેય વ્યાજખોરની ધરપકડ

શહેરની ભાગોળે કોઠારિયા ગામે રહેતા દૂધના ધંધાર્થીને તોતિંગ વ્યાજે નાણા દીધા બાદ વધુ નાણા પડાવવા પઠાણી ઉઘરાણી કરી ધમકી દેનાર પાંચેય વ્યાજખોરની પોલીસે ધરપકડ કરી છે. સકંજામાં આવેલા વ્યાજખોરોએ અન્ય કોને કોને વ્યાજે નાણા આપ્યા છે તે દિશામાં પોલીસે પુછપરછ હાથ ધરી છે.કોઠારિયાના રામેશ્વર ગોલ્ડ સોસાયટીમાં રહેતા અને લાપાસરી રોડ પર તબેલો ધરાવી દૂધનો વેપાર કરતા કલ્પેશભાઇ પીપળીયા નામના યુવાને ગીતાનગરના વિવેક ચાવડા ઉપરાંત મહેશ મુંધવા, રવિ હુંબલ, યુસુફ કુરેશી અને સંદિપ ઉર્ફે લાલા નામના વ્યાજખોર સામે આજી ડેમ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. બનાવની આજી ડેમ પોલીસ મથકના પીઆઇ એલ.એલ.ચાવડા સહિતના સ્ટાફે ગુનો નોંધી પાંચેય વ્યાજખોરને સકંજામાં લઇ ધરપકડ કરી છે.

મહિલાએ ફીનાઈલ પી આપઘાત કર્યો

રાજકોટ શહેરના દૂધસાગર રોડના છેડે આવેલી રિદ્ધિ સિદ્ધિ સોસાયટી હાઉસિંગ બોર્ડના ક્વાર્ટરમાં પોતાના બોયફ્રેન્ડ નિરવ ગોસ્વામી સાથે રહેતી રેશ્મા કરીમભાઈ ગોગદા (ઉ.વ.૨૨)એ ગઇકાલે સાંજે ૬ વાગ્યા આસપાસ પોતાના ઘરે ફીનાઈલ સાથે મચ્છર મારવાનું લિકવિડ પી લીધું હતું. જેની જાણ થતા બોયફ્રેન્ડ નિરવ અને રેશ્માના બનેવી જય વ્યાસે રેશ્માને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરી હતી. નિરવ અને રેશ્મા વચ્ચે સાડા ત્રણ વર્ષથી પ્રેમ સંબંધ છે. બંને છેલ્લા છ માસથી ભાડાના મકાનમાં સાથે રહે છે. ગઈકાલે નિરવ પાસે બીજુ સીમકાર્ડ હોવાનું રેશ્માને જાણવા મળેલ. જોકે, રેશ્મા પાસે આ બીજા સીમકાર્ડના નંબર નહોતા. બીજા નંબરથી પોતાને કેમ અજાણ રાખી? તે અંગે બોલાચાલી થતા નિરવે માર માર્યો હતો. જેથી, લાગી આવતા રેશ્માએ ફીનાઇલ પી લીધું હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. પોલીસે રેશ્માનું નિવેદન નોંધી તપાસ હાથ ધરી છે.

ચોરીના ગુનામાં છેલ્લા ૯ માસથી નાસ્તા ફરતા આરોપીની ધરપકડ

રાજકોટના શાપર-વેરાવળ પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલ રૂપિયા ૧૫ લાખની ચોરીના ગુનામાં છેલ્લા ૯ માસથી નાસ્તા ફરતા આરોપીની શાપર વેરાવળ પોલીસે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે ચોક્કસ બાતમીના આધારે લોટસ જવેલરી ક્રિએશન નામના સોનાના દાગીના બનાવતા કારખાનાના ફીનીસીંગ વિભાગમાં વેસ્ટેજ નીકળતું સોનુ ૨૫૦ ગ્રામ ચોરીના ગુનામાં સંડોવાયેલ આરોપી પ્રશન્નજીત શાહા (ઉ.વ.૩૦) મહારાષ્ટ્ર હોવાથી તેને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ આ જ ગુનામાં પોલીસે ૬ આરોપીઓની ધરપકડ કરી હતી.

અજાણી કારે ઠોકર મારતા વૃદ્ધનું મોત

રાજકોટ જિલ્લાના જસદણના બાખલવડ ગામે રહેતાં ગોરધનભાઇ ટપુભાઇ પલાળીયા (ઉ.વ.૫૭) ગત તારીખ ૨૬ના રોજ સાઇકલ લઈ વાડીએથી ઘર તરફ જતાં હતાં ત્યારે બાખલવડ ચોટીલા હાઇ-વે પર અજાણી કારનો ચાલક ઠોકરે લઇ ભાગી જતાં ગંભીર ઈજા થતાં સારવાર માટે રાજકોટ ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. આ સારવાર દરમિયાન તેનું મોત થતાં બી-ડિવીઝન પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી જરૂરી કાર્યવાહી કરી હતી. મૃતક ગોરધનભાઇને સંતાનમાં બે પુત્ર છે અને તેઓ ખેતી કરી પરિવારનું ગુજરાન ચલાવતાં હતાં.

પ્રૌઢે પંખામાં દોરી બાંધી આપઘાત કર્યો

રાજકોટના નાના મવા રોડ પર રાજનગર ચોકમાં આવેલી જય શક્તિ સોસાયટીમાં રહેતાં રાજેશભાઇ રણછોડભાઇ મકવાણા (ઉ.વ.૫૨) નામના પ્રૌઢે સવારે પંખામાં દોરી બાંધી ગળાફાંસો ખાઇ આપઘાત કરી લીધાની જાણ થતાં માલવીયાનગર પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. આપઘાત કરનાર રાજેશભાઇ મકવાણા અગાઉ પોલીસ હેડક્વાર્ટરમાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. બાદમાં ટ્રાફિક શાખામાં ફરજ બજાવી હતી. પરંતુ પાંચ વર્ષ પહેલા વીઆરએસ લઇ નિવૃત થઇ ગયા હતાં. બાદમાં તેમને પેરેલીસીસનો એટેક આવ્યો હતો. હાલમાં તે એકલા જ રહેતાં હતાં. આજે સવારે તેમના ઘરે કામ કરવા આવતાં ધીરૂભાઇ આવ્યા ત્યારે દરવાજો ખખડાવવા છતાં નહિ ખોલતાં પાછળના દરવાજેથી જઇ તપાસ કરતાં રાજેશભાઇ લટકતાં મળતાં સગા-સંબંધી અને પોલીસને જાણ કરી હતી. પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

રેલવેની વીજ લાઈનમાં કબુતરને કાઢવા જતાં તરૂણને કરંટ લાગ્યો

શહેરના ભગવતીપરા વિસ્તારના તરૂણને મોરબી રોડ પર જુના રેલ્વે સ્ટેશન પાસે રેલવેની પાવર લાઈનમાં ફસાયેલા કબુતરને કાઢવા જતાં વિજ કરંટ લાગતા દાઝી જતાં તેને હોસ્પિટલમાં ખસેડાયો હતો.બનાવની પ્રાપ્ત વિગત મુજબ, ભગવતીપરામાં રહેતો સોનું જીતેન્દ્રભાઇ પાસવાન (ઉ.વ.૧૩) રવિવારે સાંજે તેના મિત્રો સાથે જુના મોરબી રોડના રેલ્વે સ્ટેશને રમવા ગયો હતો, તમામ મિત્રો રમી રહ્યા હતા ત્યારે એક કબુતર રેલ્વેની પાવર લાઇનના તારમાં ફસાયેલું દેખાયું હતું, ફસાયેલું કબુતર તફડીયા મારી રહ્યું હોય મિત્રએ સોનુંને થાંભલે ચડી કબુતરને બચાવી લેવાનું કહેતા સોનું પાસવાન થાંભલા પર ચડતાજ તે વિજ તારને અડી જતાં જોરદાર કરંટ લાગતા તે થાંભલા પરથી પટકાયો હતો. વિજ કરંટથી સોનું દાઝી જતાં તેના મિત્રોમાં નાસભાગ મચી ગઇ હતી અને નજીકમાંથી લોકોને બોલાવી દાઝી ગયેલા સોનુંને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, બનાવની જાણ થતાં બી.ડિવિઝન પોલીસ દોડીગઇ હતી. પોલીસ સુત્રોએ જણાવ્યું હતું કે, સોનું બે ભાઇ અને ત્રણ બહેનમાં નાનો છે અને તે ધોરણ-૮માં અભ્યાસ કરે છે. મિત્રોએ કહ્યા બાદ માનવતાના ધોરણે તે થાંભલા પર ચડ્યો હતો અને સદનસીબે તેનો બચાવ થયો હતો.

રાજકોટના મહિકા ગામ પાસે અજાણ્યાં વાહનની હડફેટે રાહદારી પ્રૌઢનું મોત

રાજકોટના મહિકા ગામ પાસે અજાણ્યાં વાહનની હડફેટે ચાલીને જતાં રાહદારી પ્રૌઢનું મોત મોત નિપજતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. બનાવની જાણ થતાં આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ દોડી ગયો હતો.પ્રાપ્ત વિગત મુજબ, મહિકા ગામે રહેતાં અનોપસિંહ બહાદુરસિંહ રાઠોડ (ઉ.વ.૫૦) છેલ્લા ૧૦ દિવસથી આજીડેમ વિસ્તારમાં આવેલ કરૂણા ગૌશાળામાં કામ પર રહ્યા હતાં. ગઈ રાત્રીના નવ વાગ્યાની આસપાસ તેઓ કામ પરથી ઘરે આવવા ચાલીને નીકળ્યા હતાં ત્યારે મહિકા ગામમાં આવેલ પેટ્રોલપંપ નજીક પાછળથી પુરપાટ ઝડપે આવેલ અજાણ્યાં વાહને હડફેટે લેતાં તેઓ રોડ પર પટકાયા હતાં. અકસ્માત સર્જી વાહન ચાલક નાસી છૂટ્યો હતો. દરમિયાન બનાવ સ્થળે એકઠાં થ

સૌરાષ્ટ્રમાં ગાઢ ધુમ્મસ છવાયું: માવઠાં બાદ ઠંડીનું જોર વધ્યું

રાજકોટમાં હાઈવે પર ૧૦૦ ફૂટ દૂર કંઈ ન દેખાતાં વાહનો સાઈડમાં થંભી ગયાં; પાર્કિંગ લાઈટ, હેડલાઈટ ચાલુ રાખીને વાહન ચલાવવું પડ્યું

રાજકોટ.તા.૨૮

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં આજે ગાઢ ધુમ્મસ છવાયું હતું. સવારના નવ વાગ્યા સુધી સૂર્યનારાયણનાં દર્શન થયાં ન હતાં. ૧૦૦ ફૂટ દૂર કંઈપણ દેખાય નહીં તેટલા ગાઢ ધુમ્મસને કારણે વાહનચાલકો પરેશાન બન્યા હતા. પાર્કિંગ લાઈટ તેમજ હેડલાઈટ ચાલુ રાખવાની ફરજ પડી હતી. જ્યારે હાઈવે પર કેટલાંક વાહનો તો સાઈડમાં પાર્ક કરાયેલાં જોવા મળ્યાં હતાં. ગુજરાતમાં પડેલા કમોસમી વરસાદ બાદ ઠંડીનું પણ જોર વધ્યું છે. વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધતા એકાએક ઠંડીમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. નલિયા રાજ્યમાં સૌથી શીત નગર બની રહ્યું છે.

કચ્છથી સૌરાષ્ટ્ર સુધીમાં રવિવારે પડેલા કમોસમી વરસાદ બાદ ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. બે દિવસથી ઠંડીના પ્રમાણમાં પણ વધારો નોંધાયો છે. જેની સાથે-સાથે આજે રાજકોટ શહેર અને જિલ્લામાં ગાઢ ધુમ્મસ છવાયું હતું. સામાન્ય રીતે વહેલી સાવરે સૂર્ય ઊગી જતો હોય છે, પરંતુ આજે ૯ વાગ્યા સુધી સૂર્યનાયારણ દેખાયા નહોતા. ગાઢ ધુમ્મસ છવાયેલું જોવા મળ્યું હતું. શહેર અને જિલ્લામાં ૧૦૦ ફૂટ દૂર કંઈ દેખાતું ન હતું અને વાહન ચાલકોએ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

ગુજરાતમાં કરા સાથે પડેલું માવઠું અને હવે ગાઢ ધુમ્મસના કારણે ખેડૂતોમાં ચિંતાની લાગણી જોવા મળી રહી છે. કારણ કે, ખેતરમાં જીરાના પાકને નુકસાનની ભીતિ સેવાઇ રહી છે. હાઈવે પર ગાઢ

ધુમ્મસથી વાહનચાલકોની સ્પીડ પર બ્રેક લાગી ગઈ હતી અને ગાડી ધીમી ચલાવવી પડી હતી. તેમજ પાર્કિંગ લાઈટ, હેડલાઈટ ચાલુ રાખીને વાહન ચલાવવું પડ્યું હતું. સવારે ૯ વાગ્યા સુધી સતત ધુમ્મસનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. ગાઢ ધુમ્મસના કારણે દૂર સુધી કંઈ દેખાતું ન હતું. કાલાવડ રોડ હાઈવે પર મેટોડા નજીક ધુમ્મસના કારણે કેટલાંક વાહનો સાઈડમાં પાર્ક કરીને ઊભેલાં જોવા મળ્યાં હતાં.

નલિયામાં રાત્રિનું તાપમાન સામાન્ય કરતાં બે ડિગ્રી વધુ રહ્યું હોવા છતાં ૧૫.૪ ડિગ્રીએ વધુ એકવાર રાજ્યમાં સૌથી શીત નગર બની રહ્યું હતું. અહીં પણ દિવસનું તાપમાન સામાન્ય કરતાં ૫ ડિગ્રી ઘટીને ૨૬.૮ રહેતાં દિવસ ઠંડો બન્યો હતો. કંડલા એરપોર્ટ મથકે લઘુતમ પારો ૧૯.૧ ડિગ્રી રહ્યો હતો, જ્યારે અધિકત્તમ ૨૫.૨ ડિગ્રી સાથે ગાંધીધામ, અંજાર અને આદિપુર સહિતના વિસ્તારોમાં દિવસે ઠંડી અનુભવાઇ હતી. કંડલા બંદરે ૨૫.૪ અને ૨૦.૨ ડિગ્રી નોંધાયું હતું. આજે મંગળવારે કચ્છમાં છૂટાછવાયા સ્થળે હળવાં ઝાપટાં વરસશે, ત્યાર બાદ બુધવારથી વાતાવરણ સૂકું રહેશે તેવું પૂર્વાનુમાન હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવ્યું છે. પશ્ચિમી વિક્ષોભની અસરને કારણે કચ્છમાં ગુરુવાર સુધી ન્યૂનતમ પારો ચારથી પાંચ ડિગ્રી જેટલો નીચે જવાની સાથે ઠંડીની ધાર વધુ તેજ બનશે. ત્યાર-બાદ ચારથી પાંચ દિવસ ક્રમશઃ પારો ઊંચે ચડવાની સાથે ઠંડીમાં ઘટાડો થશે તેવી આગાહી વેધશાળા દ્વારા કરવામાં આવી છે.

સર્વેશ્વર ચોકની દુર્ઘટનામાં મનપાના અધિકારી અને બિલ્ડરની પુછપરછ કરાશે

સ્લેબ નજીક આવેલી તમામ દૂકાનોના દસ્તાવેજોની પણ ચકાસણી કરવામાં આવશે: સાપરાધ મનુષ્યવધની કલમ હેઠળ ગુનો નોંધાયા બાદ પુરાવા એકઠા કરવા પોલીસની કવાયત

રાજકોટ.તા.૨૮

યાજ્ઞિક રોડ પરના સર્વેશ્વર ચોકમાં વોંકળા પરનો સ્લેબ તૂટતાં અનેક લોકો ઘવાયા હતા તેમજ પ્રૌઢાનું મોત નિપજ્યું હતું, આ મામલ-ામાં બે મહિના બાદ પોલીસે અંતે સાપરાધ મનુષ્યવધની કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો. પોલીસે આ મામલે પુરાવા એકઠા કરવા મનપાના તત્કાલીન અધિકારી તેમજ કોમ્પલેક્ષના બિલ્ડરની પુછપરછ કરવાની કવાયત શરૂ કરીછે.

સર્વેશ્વર ચોકમાં સંતોષ ભેળ નામની દૂકાન વાળા શિવમ કોમ્પલેક્ષની બાજુમાં આવેલા વોંકળાનો સ્લેબ ગત તા.૨૪ સપ્ટેમ્બરના તૂટીને વોંકળામાં પડ્યો હતો, સ્લેબ તુટ્યો ત્યારે તેના પર અનેક લોકો ઉભા હતા, જે તમામ લોકો વોંકળામાં ખાબક્યા હતા, અંદાજે ૨૫ જેટલા લોકોને ઈજા થઈ

હતી અને ગંભીર રીતે ઘવાયેલા રૈયા રોડ પરના અંબિકાપાર્કમાં રહેતા ભાનાબેન અશ્વિનભાઇ ઠક્કર (ઉ.વ.૬૧)નું સારવાર દરમિયાન બીજા દિવસે મૃત્યું થયું હતું.

મનપાની ઘોર બેદરકારીને કારણે આ દૂર્ઘટના સર્જાઇ હતી અને તેમાં એક પ્રૌઢાનું મોત નિપજ્યું હતું, આ મામલાએ શહેરના રાજકારણમાં પણ ભારે ચકચાર જગાવી હતી, જવાબદારોને બચાવવાના ખેલ પણ શરૂ થઇ ગયા હતા, વિરોધપક્ષે આ મામલે જનરલ બોર્ડમાં સવાલો ઉઠાવતાં પોલીસ ફરિયાદ નોંધાઇ હોવાથી તપાસ ચાલુંછે તેવા ખોટા જવાબ જનરલ બોર્ડમાં આપવામાં આવ્યા હતા, જ્યારે વાસ્તવિકતા એ હતી કે જનરલ બોર્ડમાં જવાબ અપાયો ત્યારે ફરિયાદ જ નોંધાઇ નહોતી.

ગત તા.૨૪ના મનપાના એડિશનલ આસીસ્ટન્ટ એન્જિનીયર મુકેશભાઇ રાઠોડે એ.ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, ફરિયાદમાં જણાવ્યું હતું કે, દૂર્ઘટના બાદ મનપામાં જુના રેકોર્ડની તપાસ કરતાં શિવમ કોમ્પલેક્ષની બાજુમાં આવેલા વોંખળા પરનો સ્લેબ વર્ષો પૂર્વે બંધાયો હતો અને તેની મંજુરી લેવામાં આવી નહોતી, પોલીસે ગેરકાયદે સ્લેબ બાંધનાર અને તપાસમાં ખુલે તે અજાણી વ્યક્તિ સામે સાપરાધ મનુષ્યવધ સહિતની કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો.

આ ચકચારી બનાવની તપાસ ચલાવી રહેલા એ.ડિવિઝન પોલીસ સ્ટેશના પીઆઇ હરિપરાએ જણાવ્યું હતું કે, વર્ષ ૧૯૯૦ પહેલા શિવમ કોમ્પલેક્ષ બન્યાનું પ્રાથમિક તપાસમાં ખુલ્યુંછે, કોમ્પલેક્ષની બાજુમાં આવેલા વોંકળા પર સ્લેબ કોણે બનાવ્યો હતો તે સ્પષ્ટ કરવા બિલ્ડર અને મહાનગર પાલિકાના તત્કાલીન સમયના ટાઉન પ્લાનીંગ શાખાના અધિકારીઓ અને સ્ટાફને બોલાવી પુછપરછ કરવામાં આવશે, તેમજ વોંકળા પાસેની જેટલી દૂકાનો આવેલીછે તે તમામ દુકાનોના દસ્તાવેજ ચેક કરવામાં આવશે.

રાજકોટમાં બાઈકચાલકને સ્કોર્પિયોએ ઉડાવ્યો; ઘટનાસ્થળે જ મોત

ધડાકાભેર કાર સાથે અથડાયા હતા અને ૨૦ ફૂટ ઊછળીને બાઈક સાથે ફંગોળાયો : કાર ચાલક ફરાર

રાજકોટ.તા.૨૮

રાજકોટ-જામનગર હાઇવે પર વધુ એક અકસ્માતની ઘટના સામે આવી છે. રવિવારની મોડી રાત્રે બનેલ ઘટનામાં એક યુવાને જીવ ગુમાવ્યા બાદ સતત બીજા દિવસે અકસ્માતની ઘટના સામે આવી છે. ગઈકાલે મોડી રાત્રે રોંગ સાઈડમાં આવતા ડબલ સવારી બાઇકને સ્કોર્પિયો કારે હડફેટે લેતા એકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે પાછળ બેઠેલા યુવકને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. જેમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, રોંગ સાઈડમાં આવતા બાઈકચાલકને ફૂટબોલની જેમ સ્કોર્પિયો ઉડાડે છે. આ શ્વાસ થંભાવી દેતા અકસ્માતમાં બાઈકચાલક ૧૦ ફૂટ ઊંચો ઊછળીને ૨૦ ફૂટ દૂર ફેંકાઈ જાય છે.

પ્રાપ્ત વિગત મુજબ રાજકોટ-જામનગર હાઇવે પર ગઇકાલે રાત્રિના ૧૧ વાગ્યે અકસ્માતની ઘટના સામે આવી છે. જેમાં ઘંટેશ્વરથી માધાપર જતી સ્કોર્પિયો કાર હડફેટે

એક્ટિવા ચાલક આવતા ગમખ્વાર અકસમાત સર્જાયો હતો. જેમાં એક યુવકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય એક્ટિવા સવાર યુવકને ઈજા પહોંચતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. રાત્રિના ૧૧ વાગ્યે સ્કોર્પિયો કાર ઘંટેશ્વરથી માધાપર ચોક તરફ પસાર થઇ રહી હતી. આજ સમયે ડબલ સવારી બાઈકચાલકો રોંગ સાઈડમાં આવતા પોતે ધડાકાભેર કાર સાથે અથડાયા હતા અને ૨૦ ફૂટ ઊછળીને બાઈક સાથે ફંગોળાયો હતો. જેમાં ઘટનાસ્થળે જ સુરજસિંહ દાસ નામના યુવકનું મોત નીપજ્યું હતું.

મૃતક સુરજસિંહ લાલસિંહ દાસ (ઉ.વ.૨૮) વાળો જામનગર રોડ ઘંટેશ્વર પાર્ક હોટલમાં કામ કરતો હતો અને ત્યાંજ રહેતો હતો. સુરજસિંહ તથા તેની સાથે કામ કરતો તેનો મિત્ર કમલ થાપા બંન્ને એક્ટિવા જીજે.૦૩.સીએફ.૬૪૩૮નું લઈને ઘંટેશ્વર પાર્ક હોટલથી તેનો મોબાઈલ ફોન લેવા માટે બહાર જતા હતાં. ત્યારે હોટલની સામે જામનગર રોડ ઉપર એક કાળા કલરની સ્કોર્પિયો કાર જેના નંબર જીજે.૦૩.એમએલ.૮૨૪૫ના ચાલકે પોતાની કાર પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી એક્ટિવા સહિત બંન્ને યુવકોને હડફેટે લેતા બન્નેને માથે અને શરીરે ઈજા પહોંચી હતી. અકસ્માત બાદ સ્કોર્પિયો ચાલક તેની ગાડી સ્થળ પર મુકી ફરાર થઈ ગયો હતો. આ અકસ્માતમાં એક્ટિવાનો બુકડો બોલી ગયો છે, જ્યારે સ્કોર્પિયોના આગળના ભાગને પણ ભારે નુકસાન થયું છે.

ઉલ્લેખનીય છે કે, રાત્રે બનેલી અકસ્માતની ઘટના બાદ હાલ મૃતકના જીજાજીની ફરિયાદ પરથી ગાંધીગ્રામ પોલીસે આઇ.પી.સી. કલમ ૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ. વી. એક્ટ કલમ ૧૩૪, ૧૭૭, ૧૮૪ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

કમોસમી વરસાદથી લાખોનું નુકસાન: રાજકોટ કલેક્ટરે ખેતીની સાથે ઔદ્યોગિક એકમોને થયેલા નુકસાનનો સર્વે કરશે

ટૂંક સમયમાં જ રાજ્ય સરકારને રિપોર્ટ મોકલશે

રાજકોટ.તા.૨૮

રાજકોટ જિલ્લામાં ગઇકાલે વાવાઝોડા સાથે ખાબકેલા કમોસમી વરસાદથી લાખોનું નુકસાન થયું છે. જેમાં ખેતી સાથે શાપર, પડવલા, લોઠડાની ઔદ્યોગિક વસાહતમાં વાવાઝોડા સાથે કમોસમી વરસાદ અને બરફ વર્ષાથી અનેક ઔદ્યોગિક એકમોના પતરા અને સોલાર પેનલ ઉડી ગઈ હતી. તેમજ કારોના કાચનો પણ કચ્ચરઘાણ બોલતા લાખોનું નુકશાન થયું છે. ઉપરાંત ઉભા પાકનો સોથ વળી જતા ખેતીને પણ મોટું નુકસાન પહોંચ્યું હતું. આ મામલે ટૂંક સમયમાં સર્વે હાથ ધરવામાં આવશે. આ સર્વે પૂર્ણ થયા બાદ તેનો રિપોર્ટ રાજ્ય સરકારને અપાશે.

જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીના જણાવ્યા મુજબ, કાલે પડેલા કમોસમી વરસાદને કારણે ખેતીની સાથે ઉદ્યોગોને પણ નુકસાન થયું છે. ગઈકાલે ખાબકેલા આ કમોસમી વરસાદે ભર શિયાળે ચોમાસાનો માહોલ સર્જાયો હતો. તેમાં ખેતીના ઉભા પાક તેમજ ઔદ્યોગિક એકમોને પણ નુકસાન પહોંચ્યું હોવાની વિગતો હાલમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગને મળી રહી છે. ટૂંક સમયમાં રાજ્ય સરકારના આદેશ બાદ આ

નુકસાની અંગેનો સર્વે હાથ ધરવામાં આવશે. સર્વે બાદ તેનો રિપોર્ટ સરકારને સુપ્રત કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, ગઈકાલે સવારે રાજકોટ જિલ્લામાં ભારે પવન સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. જેમાં ખાસ કરીને પડધરી પંથકમાં ખેતીના પાકને મોટું નુકસાન થયું હતું. જ્યારે શાપર, પડવલા, લોઠડાની ઔદ્યોગિક વસાહતમાં પણ અનેક ઔદ્યોગિક એકમોના પતરા અને સોલાર પેનલ ઉડી ગઈ હતી. તેમજ કારોના કાચનો પણ કચ્ચરઘાણ બોલતા લાખોનું નુકસાન થયાની શક્યતા છે. ખેતીને

થયેલ નુકસાનનો સર્વે કરવાના આદેશો સરકારે આપી દીધા છે. જેને લઈ અલગ-અલગ ટીમો બનાવીને સર્વે કરવામાં આવનાર છે. તેમજ ઔદ્યોગિક એકમોમાં થયેલા નુકસાન અંગે પણ સર્વે કરી રાજ્ય સરકારને આ અંગે માહિતગાર કરવામાં આવશે.

એક દિવસમાં સરેરાશ ચાર અકસ્માત

૨ વર્ષમાં ૨૬૫૦ અકસ્માત, હિટ એન્ડ રનના ૧૭૫ આરોપી ફરાર

એક દિવસમાં સરેરાશ ચાર અકસ્માત થાય છે કુલ ૨૪૭૫ આરોપી પકડાયા, ૮૮૦નાં મોત

અમદાવાદ.તા.૨૮

બે વર્ષમાં ૨૬૫૦ અકસ્માતો પોલીસ ચોપડે નોંધાયા છે, જેમાં ૮૮૦નાં મોત નીપજ્યાં હતાં, જ્યારે ૧૧૭૯ ગંભીર ઈજાગ્રસ્ત તથા ૬૦૦ને સામાન્ય ઈજા થઈ હતી. આ અકસ્માતમાં ટ્રાફિક પોલીસ દ્વારા અકસ્માત કરનાર ૨૪૭૫ આરોપીને ઝડપી પાડ્યા છે. જ્યારે ૧૭૫ હિટ એન્ડ રનની ઘટનામાં આરોપીઓને પોલીસ પકડી શકી નથી. એટલે કે એક દિવસમાં સરેરાશ ૪ અકસ્માતો થાય છે જેમાં એક વ્યક્તિનું મોત, ૨ વ્યક્તિ ગંભીર જ્યારે એક વ્યક્તિને સામાન્ય ઈજા પહોંચે છે. ટ્રાફિક જેસીપી એનએન ચૌધરીએ જણાવ્યું હતું કે, બે વર્ષમાં ૨૪૭૫ વાહનચાલકોને પોલીસે પકડી પાડ્યા છે. જોકે હિટ એન્ડ રનની ઘટનામાં અકસ્માત કર્યા બાદ વાહનચાલક ફરાર થઈ જાય છે તેને પકડવા ફૂટેજની ચકાસણી કરાય છે. શહેરમાં માત્ર ૪૫ જંક્શન પર સીસીટીવી ફૂટેજ ચાલુ હોવાથી અકસ્માત કરી ભાગી ગયેલા આરોપીને પકડવામાં મુશ્કેલીઓ વધારે થતી હોય છે.

વર્ષ ૨૦૨૨માં ૧૪૪૭ અકસ્માતો સર્જાયા હતા, જેમાં ૪૬૭ વ્યક્તિનાં મોત તથા ૬૬૨ ગંભીર અને ૩૧૮ સામાન્ય અકસ્માતો હતા. જ્યારે ચાલુ વર્ષમાં ૧૨૦૩ અકસ્માતોમાં ૪૧૩ વ્યક્તિઓના મોત, ૫૧૭ ગંભીર અને ૨૭૩ સામાન્ય અકસ્માતો થયા હતા. જે પૈકી પોલીસ દ્વારા ૧૧૨૫ આરોપીને પકડી પાડ્યા હતા જ્યારે ૭૮ આરોપીઓ હજુ પોલીસની પકડમાં આવ્યા નથી. આવનારા સમયમાં બંધ જંક્શનો પરના સીસીટીવી ચાલુ કરી દેવાશે. આ સાથે જ અત્યારે હંગામી ધોરણે અમુક સંસ્થાઓ પોલીસ સાથે મળીને વધારે ટ્રાફિક ફ્લો ધરાવતી જંક્શનો કે જે જગ્યાએ કેમેરા બંધ છે તે જગ્યાએ તથા બ્રિજ પર કેમેરા લગાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.